કુમાર

અંક ૨૦

ઉગતી પ્રજાનું માસિક

વર્ષ ૨ ▪ ▪ અંક ૮

શ્રાવણ

વીરપસલી અંક

૧૯૮૧

તંત્રી
રવિશંકર રાવળ

લવાજમ: વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩: પરદેશના ૧૧ શિ.
કુમાર કાર્યાલય ૨૭૦૭ રાયપુર અમદાવાદ



ચિત્રક કનુ દેસાઇ



વીરાંગના લક્ષ્મીબાઈ





ભાઈના ભાવ

બ્હેન ! જીવનના મુજ સભર ઉંડા આકાશમાં બીજની મંગળ–કળા શી સદૈવ તું રળીઆમણી રહે છે.

રમતથી થાકીને કે કામથી કંટાળીને ઝંખવાણો હું આવ્યો હોઉં ત્યારે મીઠા સ્મિતથી, એકાદ ટ્હોકાથી કે લાડમાં ડોલતી ડોકથી તું મને કેવો ચેતનવંતો કરી મુકે છે!

કુળની ઓ કવિતા! તારી નાજુક દેહમાં એવું શું છે જે મારે રોમરોમ વીજળી જ ભરી રહ્યું છે?

તણખલા શી તુચ્છ હોય તોપણ એ ભાઇની ભેટને સોનાનો મેરૂ માની લેનાર જગતભરમાં એક તું છે, બ્હેન!

એક ગુલાબફુલ ધરે, કે પાણીનો પ્યાલો દે, કે રૂમાલની ગડી કરે; ... એવી નાનીનાની વાતોમાં યે કેટલું વ્હાલ તું વરસાવે છે! અને તારો ગીતગુંજાર તો ક્યારે શમે છે જે?

બ્હેન! તું મારી જમણી પાંખ છે. તું વગર હું મને લુખ્ખો લાગું છું. અરે, તારી રીસમાં યે મૃદુતા ને મીઠાશ છે; અને તારી પ્રીતમાં તો જાદુ!

આખા યે તારે ચહેરે એક માતા તરવરે છે. આંખમાંથી જાણે માતા જુએ છે, કંઠમાંથી જાણે માતા બોલે છે: માતાની જ કંડારેલ બાલમૂર્તિ!

સુભદ્રે! 'ખમ્મા વીરને' કહીશ એટલે તારો ભાઈ બીજો કૃષ્ણચંદ્ર બનશે. કલ્યાણની ભાવના લઈ હું ઘેર વળીશ ત્યારે વિજયતિલક તું જ કરવાની તો.



મદ્રાસ તરફના એક જુવાનની વાત મેં અગાઉ સાંભળી હતી. તે ભણ્યો-ગણ્યો, ગ્રૅજ્યુએટ થયો, પણ કોઇ ઠેકાણે તેને નોકરી મળી નહિ. સર્ટિફિકેટની શરમ કોરે મુકી તેણે જે નોકરી મળે તે લેવાનું સ્વીકાર્યું. આખરે એક ઑફિસમાં સાહેબના બારણા પાસે ઉભા રહેનાર પટાવાળાની નોકરી તેને મળી. બીજે જ દિવસે તે પોતાની નોકરીનો પોશાક અને પટ્ટો પહેરી પોતાની જગ્યા પર વખતસર ખડો થઈ ગયો, અને જરા પણ સંકોચ વિના પોતાનું કામ શરૂ કર્યું. સાહેબને શરમ આવતી કે આવા કેળવાએલા પાસેથી આવું હલકું કામ લેવું પડે છે. પણ પેલાનો ઉત્સાહ, ચપળતા અને તત્પરતા તો જરા યે મંદ પડતાં જ નહિ. થોડા જ દિવસમાં ઑફિસના પટાવાળાઓના જમાદારને પેન્શન મળ્યું એટલે સાહેબે એ જગ્યા પર એને નીમ્યો અને ત્યાં પણ એણે પોતાનું સ્થાન સરસ રીતે દીપાવ્યું. એક ઘડી પણ મોળા પડયા વિના અદબસર તેણે એ નોકરી છ માસ લગી બજાવી, એટલામાં એક કારકુનની જગ્યા ખાલી પડી, તે એને મળી. એના કામની ચીવટ, સફાઈ અને નિયમિતતા સાથે સ.રી તક મળે ત્યાં સુધી રાખેલી ધીરજ અને શાંતિ વગેરેને પરિણામે બે વરસે તે એ જ ઑફિસનો મૅનેજર થયો. એ વખતે એ ઑફિસનો દમામ અને વ્યવસ્થા સર્વોત્તમ ગણાયાં. આ દાખલો ખરો બનેલો છે. વિગતોમાં કયાંક ફેર હશે, પણ મુખ્ય હકીકત સાચી છે.

* *

પારકાના દોષ કાઢવામાં આપણે એટલા બધા મશગુલ થઈ જઇએ છીએ કે પોતાના દોષ જોવાની આપણને ફુરસદ નથી મળતી.

સૌરાષ્ટ્રના તંત્રી જુવાનીઆઓને ધંધા વિનાના વીલે મોઢે આંટા મારતા જોઈ અકળાઇ ગયા દેખાય છે. એમને જુવાનોની આ પામર સ્થિતિ માટે દયા આવી છે, અને હાકલ મારી છે કે કોઈ આવો, જુવાનોને માર્ગ બતાવો; તેમને જોઇતા કામધંધા પુરા પાડો.

* *

શાળા છોડયા પછી શું કરવું એ જુવાનો માટે મહા પ્રશ્ન થઇ પડે છે. પણ એ પ્રશ્નનો ઉકેલ કેટલીક કોમ માટે જેટલો અઘરો છે એટલો જ કેટલીક કોમને સહેલો લાગ્યો છે. જે કોમના છોકરાઓ એમ જ માને છે કે આપણાથી તો અમુક જ કામ કે ધંધો થાય અને અમુક તો ન જ થાય, તેને માટે કાયમ એ મુંઝવણ રહેવાની જ. વહોરા કે મેમણ કોમના છોકરાઓને તમે નોકરી ઢુંઢતા જોયા ? માના ખોળામાંથી ઉડતા થયા કે તેઓ દુનીઆમાં કોઈ ને કોઇ ઠેકાણે જામી જાય છે, અને વેપારધંધા કરતા થઈ જાય છે. પોતાને પવિત્ર અને ઉચ્ચ માનતી કોમના છોકરાઓને જ હલકા કે ઉંચા ધંધાનો વિચાર કરવો પડે છે, અને ગમતી નોકરી ન મળે ત્યાં સુધી બહાર રખડયાં કરે છે. મને તો નવાઈ જ લાગે છે કે પરસેવો રેડી પ્રમાણિકપણે રોટલો કમાવો એમાં કોમ કયાં આડી આવે ? એ શરમે જ આપણને બાયલા બનાવી મુકયા છે.

* *

બી. એ. થએલો વિદ્યાર્થી, સરકારે નક્કી કરેલા ગ્રેડ જેટલી નોકરી ન મળે ત્યાં સુધી ઘરના રોટલા ખુટાડતો કાળ ગુમાવે છે, અને કોઇ તેને બાવડે પકડી વગેસગે ન કરે ત્યાં સુધી તેની ચિંતાનો અંત આવતો નથી. જ્યારે સર્ટિફિકેટનાં પુંછડાં વિનાનો માણસ ગમે તે ધંધામાં ઝંપલાવે છે. કોઇ દુકાન માંડે છે, કોઈ છુટક ફેરી કરે છે, કોઈ ઉમેદવારી કે મહેતાગીરી કરે છે, કોઈ સ્ટવ–સાઇકલના રીપેરની દુકાન કાઢે છે, કોઇ છાપખાનામાં પડે છે; અને પૈસાની કમાણી એ જ ભણતરનું ધ્યેય હોય તો એ ઓછા ભણતરવાળા કમાણીમાં કમાલ કરી જાય છે.

* *

વગર સર્ટિફિકેટે ધંધે લાગી ગએલા માણસોના અનુભવ જાણવા જેવા હોય છે. તે બધાને શરૂઆતમાં નિરાશાના ધક્કા ખુબ વાગ્યા હોય છે. આવક કે પગાર સામું જોયા વિના તેમને સખત કામ કરવું પડયું હોય છે; માન અપમાનના વિચાર પણ કોરે મુકવા પડયા હોય છે. જ્યાં નિર્વાહની જ મારામારી હોય ત્યાં માણસ પહેલાં તો બે પગ પર ઉભા રહેવાની જ તજવીજ કરે. જીવતો નર ભદ્રા પામશે એટલું ધ્યાનમાં રાખી કોઇક દિવસે પણ ઉંચી સ્થિતિમાં આવ્યા વિના તે રહેતો નથી.

* *

મારા એક પીઠ મિત્રનો દાખલો મારી સામે મોજુદ છે. તેને એવો વખત

પડેલા કે સાંજે ઘેર આવે ત્યાં ટંકનું પણ ખાવાનું ન હોય. રાતનો અપવાસ ખેંચી બીજે દિવસે તળાવના ખોદકામે જાય. બેગારી તરીકે ખાવા-પુરતું રોજ મળે તે પર તેણે નિર્વાહ શરૂ કર્યો. એ જ માણસ આજે ઘરના ગાડીઘોડા દોડાવે છે અને તે પણ પ્રામાણિક ઉદ્યમથી મેળવેલા પૈસામાંથી જ. તેની આખી જીવનકથાની શરૂઆત કરુણ પ્રસંગોથી જ ભરેલી છે. 'કુમાર'ના વાંચનારને કોઈવાર તે જરૂર સંભળાવીશ.

*

હાલ તો હું તમારી આગળ એક દરખાસ્ત મુકું છું. કે તમારી ઓળખાણમાં કૈક એવા માણસો હશે કે જેઓ મુસીબતો વેઠીને ધંધે ચડ્યા હોય. તમે તેમને મળો અને વિગતવાર તેમની કથા નોંધી લો અને મને મોકલી આપો. લક્ષાધિપતિ થયા હોય તેમની વાતોની જરૂર નથી, પણ જેઓ દુઃખમાંથી તરી નીકળી સાધારણ ખાતાપીતા પોતાનાં કુટુંબ સાથે સુખી થયા હોય. આવાં થોડાંક વૃત્તાંત મેં ભેગાં કરી રાખ્યાં છે, અને વાંચનારાઓ પાસેથી પણ થોડાં મળી રહેશે તો આપણે તે બધાં એક પછી એક 'કુમાર'માં પ્રગટ કરીશું, જેથી ઉદ્યમ શોધતા કૈક જુવાનોને તેમાંથી માર્ગ સુઝશે.

એવા વૃત્તાંતો પ્રગટ કરવામાં મુળ આદમીનું નામઠામ ગુપ્ત રહેશે તેની ખાતરી રાખવી. 'કેવી રીતે કમાતા થયા?' એવા મથાળા નીચે એ લેખમાળા શરૂ થશે. આ સિવાય દેશમાં બની શકે તેવા ધંધા અને ઉદ્યોગો ઉપર પણ સરળ ભાષામાં ટુંકી હકીકતો અમારી પાસે તૈયાર થાય છે, તે પણ આ રીતે ઉપયોગી થઈ પડશે. અમે આશા રાખીએ છીએ કે જે જે વિદ્યાર્થીઓને ધંધા-રોજગારની ચિંતા થતી હોય તેમણે તેમના વિચારો અને આદર્શો અમને જણાવવા, જેથી અમે એ પ્રશ્ન ઉપર વધુ વિચાર કરી શકીએ અને કુશળ માણસો સાથે ચર્ચા કરી ઉપયોગી માહીતી અને સલાહ ઉગતી પ્રજા માટે મેળવી શકીએ.

*

આ વખતની **ફોટો-હરીફાઈની** શરતો વાંચ્યા વિના જ ઘણાએ ફોટોગ્રાફો મોકલ્યા છે. તેમણે ફરીવાર ગયા અંકમાં તેની શરતો જોઇ જવી. માત્ર માનવછબીઓ જ મોકલવાની છે. ઉપરના કારણે આ વખતે હરીફાઇ જાહેર કરી શકાઇ નથી.

કૌમાર

એક રાજકુમારીની વાત છે. કૌમારવ્રતિની એ સોળ વરસની કન્યા હતી. વણચુંટેલી કળી, કે અણસુંઘ્યા ફુલ જેવી, કાયાની એની કાન્તિ હતી. વરસતા મેઘવાળા આકાશ સમી આંખો, ને ચંદ્રબિમ્બના કકડા જેવું તેજસ્વી લલાટ.

સૂર્યનું પહેલું કિરણ ફુટે ન ફુટે, ને એ બ્રહ્મચારિણી પૂજામાં બેસે. માળણ તાજાં ફુલ લઇને આવે. પણ નાહેલી કન્યાને હાથોહાથ તો ફુલ કેમ અપાય? એટલે માળણ દૂર રહીને ફુલ ધરે. રાજકુંવરી કૌમારનું તપોબળ યાદ કરે, અને તરત સઘળાં ફુલ પતંગીઆંની પેઠે ઉડીઉડીને એના ખોબામાં આવીને પડે!

કૌમારનો આવો પ્રભાવ છે.

તમે પણ કુમાર છો—કે કુમારી છો. તમે પણ એ ધન્ય કૌમારથી ઓપો છો. તમારામાં પણ તમે ધારો તો એ જ્વલંત અને તેજસ્વી, છતાં સૌમ્ય અને મધુર કૌમારની શક્તિ લાવી શકો.

કૌમાર એટલે શરીરનું નવચેતન, અંતરનો થનગનાટ, ચિત્તનું ચકોરપણું, હૃદયનાં લાડ. કૌમાર એટલે નવું જગત અને નવી નજર. કૌમાર એટલે જીવનની વસંત.

મહત્ત્વાકાંક્ષાઓ અને રસિકતા, અજબ કોડ અને અવનવી ઈચ્છાઓ, ચેતન, પાવિત્ર્ય અને સૌંદર્ય એ કૌમારના ફાલ છે.

આટઆટલી તમારી સમૃદ્ધિ છે, પછી તમારા જીવનમાં મુંઝવણ શાની હોય? આળસ શા માટે હોય? જડતા રહે જ ક્યાં? એક પછી એક કામો ઉકેલવામાં તમારૂં શરીર સદા ચેતન અને સ્ફૂર્તિવાળું જ હોય; આતુર પ્રશ્નોથી તમારૂં મન સદા ભરેલું જ રહે; કંઈ ને કંઇ કરી નાખવાના કોડથી તમારૂં હૈયું સદા ઉછળ્યાં જ કરે.

તમારા સ્પર્શમાં એવું જાદુ હોય કે સુકું લીલું થાય, બેડોળ સુંદર બને; તમારી હાજરીમાં એટલું તેજ હોય કે ઈર્ષ્યા અને વેરને બદલે માયા અને પ્રેમ વરસે, શાંતિ સંપ અને સદ્ભાવની ધારાઓ રેલે.

આ તમારી રિદ્ધિ છે. પરંતુ સિદ્ધિ પણ તેટલી જ જોઈએ.

તમે મીઠું અને ખડખડાટ ખુબ હસો છો? નિર્દોષ તોફાનમસ્તી કરો છો? દરેક હાવભાવ અને બોલીચાલીમાં ચોખ્ખાં અને સરળ છો? જીવનમાં કશું જ છાનું નથીને? ખુશમિજાજ છો? આચારવિચારે ઉચ્ચ રહો છો? — તો તમારૂં કૌમાર ધન્ય છે.

કોઈ કોઈ તો વહેલાં—અકાળે ઘરડાં બની બેસે છે. સુક્કાં, ગંભીર, ઉદાસી અને ઉતરી ગએલાં મોં વાળાં એ કુમાર કુમારીઓને જોઈ દયા આવે. એમને કુમાર-કુમારીઓ જ કેમ કહેવાય? કૌમારનો રવ તેમણે સાંભળ્યો નથી. ચેતનની પૂજા તેઓ સમજ્યાં નથી. કૌમાર છોડી ઘરડાં થવું એ કુદરતનું પાપ છે. ચાલો આપણે તેમને પાછાં બોલાવી કૌમારને માર્ગે વાળીએ.

ફુલબાળાનો રાસ

હાં રે, ઘેલી...ઘેલી અકેલી ફુલબાળા
    હો રાસ રઢીઆળા ચુકી જશો ન લોલ;
હાં રે, પેલી...પેલી અધુરી ફુલમાળા
    હો રંગ એ રૂપાળા ભુલી જશો ન લોલ.

લોચન ચઢશે મેહુલો, ચાતક કરશે સાદ;
પલપલ હેત-ઉજાસમાં ખીલે બ્ફુલ ગુલાબ.

હાં રે, જેવી...જેવી મધુરી વીજળવાળા
    હો પંથ એ નીરાળા ચુકી જશો ન લોલ;
હાં રે, એવી...એવી હઠીલી ફુલબાળા
    હો રાસ રઢીઆળા ચુકી જશો ન લોલ.

મસ્તક ધરશું મોગરો, ચરણે ડોલરપુંજ;
પધાર પ્રભુની લાડિલી, કરીએ ઘડીની ગુંજ.

હાં રે, પ્રાણુપ્યારા હસે છે હરીઆળા
    હો સાથ એ રસાળા તજી જશો ન લોલ;
હાં રે, વ્હેલી...વ્હેલી રીસેલી ફુલબાળા
    હો રાસ રઢીઆળા ચુકી જશો ન લોલ.

ફુલફુલ વાસ-પરાગમાં ભરી જા અંતરભાવ;
આપ જગતને બ્હેન ઓ ! ફુલજીવનના લ્હાવ.

હાં રે, ગુંથો...ગુંથો અમર વરમાળા
    હો આત્મ ઉજમાળા મેલી જશો ન લોલ;
હાં રે, ઘેલી...ઘેલી અકેલી ફુલબાળા
    હો રાસ રઢીઆળા ચુકી જશો ન લોલ.

વીરાંગના લક્ષ્મીબાઈ

કોઈ પણ પ્રજા જ્યારે પોતાનો ભૂતકાળનો વારસો ભુલે છે—પોતાનો ઇતિહાસ વીસારે છે ત્યારે તે દેશનું તેમ જ જાતનું માનગૌરવ મુકે છે.

પશ્ચિમની ભાષા અને પશ્ચિમની વિદ્યા ઉપર આપણે એટલાં તો મોહી ગયાં છીએ કે યુરોપનાં નામચીન નરનારીઓની આપણને જેટલી ઓળખાણ છે તેના દશાંશ જેટલી પણ હીંદી વીર સ્ત્રીપુરુષોની નથી.

આપણા દેશનો ઇતિહાસ મુળથી પરદેશીઓ પોતાની નજરે, પોતાની ભાષામાં લખે છે, જેને આપણે સૌ નબળાઈથી 'પ્રમાણ' માની લઇએ છીએ. વળી એ લખનારાઓ પોતાનાં મધ્યમ કોટિનાં માણસોને પ્રથમ પંક્તિમાં મુકવા અને આપણાં શૂરવીરોને સામાન્ય લોકથી યે વધુ હલકાં ચીતરવા ભુલ્યા નથી. આમાંની એક વીરાંગના લક્ષ્મીબાઈ પણ છે.

પણ હીંદી પ્રજા હાલ સજીવન થઈ છે અને પોતાનો સાચો ઇતિહાસ શોધવા મંડી છે. તે હવે ' પારકી આંખે ' લખાએલી વાતો છોડીને પોતાની નજરે જુએ છે, અને આપણા વીર પૂર્વજો ઉપર વરસોથી ચડતી આવેલી રજ ખંખેરી કાઢે છે.

ભારત–શ્રી લક્ષ્મીબાઈ ઇતિહાસમાં 'ઝાંસીની રાણી' તરીકે પ્રસિદ્ધ છે. એનાં પુનિત દર્શન કર્યાં હોય એવાં બેચાર વૃદ્ધ માણસો હજુ યે હયાત છે. ઈ. સ. ૧૮૫૭ના બળવામાં એ મહારાણી ભારતની તલવાર બની હતી; પરદેશીઓના પડાવમાં અગ્નિજ્વાળા થઇ કુદી પડી હતી.

ખુદ અંગ્રેજોએ મુક્તકંઠે એ વીરાંગનાના ચારિત્ર્યબળ અને યુદ્ધકૌશલ્યનાં યશોગાન કર્યાં છે. એ બાઇનાં શૌર્ય અને પરાક્રમ અપૂર્વ ને અમર છે. એ શૂરી રાણી સ્ત્રીવર્ગની કલગીરૂપ શોભે છે. ૨૮–૩૦ વર્ષની ભરજુવાન રૂપવંતી એ મહિલામાં મજબુત બાંધો, થનગનતો પ્રાણ, અખૂટ હીંમત અને અપૂર્વ મનોબળ વિલસી રહ્યાં છે.

અને એ કોણ છે ? ઇતિહાસની એ રણચંડી છે, ભરતખંડની ભવાની છે, પ્રાણની સંજીવની છે, ઉગતી પ્રજાની કુલદેવી છે.

'ચાલો હવે રાજારાણી રમીએ. યમુના ! તું પ્રધાન; ને મુદ્રા ! તું સેનાપતિ.'

'પણ મનુબા ! આ સખુ મારૂં કહ્યું જ ન માને ત્યારે હું સેનાપતિ શા કામની ?'

'સખુ ! જો તારે અમારી સાથે રમવું હોય તો ઉપરીના હુકમ તારે માનવા પડશે. તું એ જલદી શીખી જા એ ખાતર આજે તને દંડ તરીકે ખાવામાંથી કંઈ ભાગ નહિ મળે.'

આ હુકમ કરનાર નવ વરસની બાળાનું નામ મનુબાઈ હતું. સંવત્ ૧૮૯૧ના કારતક વદ ૧૪ને દિવસે (૧૮૩૫ના નવેમ્બરની ૧૯મીએ) એનો જન્મ ચિમાજી આપ્પા સાહેબના દીવાન મોરોપંત બલવંતરાવને ત્યાં થયો હતો. ચિમાજી આપ્પા એ બીજા બાજીરાવ પેશ્વના ભાઈ થાય: પણ ૧૮૧૮માં જ્યારે અંગ્રેજ સરકારે બાજીરાવને ગાદી પરથી ઉઠાડી મુકી વાર્ષિક આઠ લાખ રૂપીઆનું પેનશન આપી બ્રહ્માવર્તમાં મોકલી દીધા ત્યારથી ચિમાજી કાશીએ જઈ રહ્યા હતા, અને મોરોપંતને પણ પોતાની સાથે લાવ્યા હતા. મનુબાઈના જન્મ પછી માંડ છએક માસની અંદર ઉદાર ચિમાજી આપ્પા સાહેબનું મૃત્યુ થયું. આથી મોરોપંતે બાજીરાવની નોકરી સ્વીકારી. ચિમાજી ઉપર બાજીરાવની બહુ જ મહેરબાની હતી. મનુબાઇ ત્રણ ચારેક વરસની થઈ ત્યાં તેની માતા ભાગીરથીબાઈનું મૃત્યુ થયું; એટલે મનુબાઇને બાજીરાવના બે દત્તક પુત્રો—નાનાસાહેબ અને રાવસાહેબ સાથે રહેવાનું થયું. એ કુમારો સાથે ઘોડેસવારી કરવી, શીકારે જવું, યુદ્ધકળા શીખવી, તલવારબાજી ખેલવી, વગેરે રાજકુંવરીના જેવું જ જીવન ગાળવાનું સદ્ભાગ્ય અહીં મનુબાઇને સાંપડ્યું. મનુબાઈ નાનપણથી જ બહુ આગ્રહી સ્વભાવની, દૃઢ અને નિશ્ચયાત્મક બુદ્ધિની હતી: ઉપરાંત તે અતિશય રૂપવતી હતી. આથી બાજીરાવ તેને છબીલી કહીને બોલાવતા. તલવારબાજી અને મરદાનગીની રમતોમાં તો ઘણીવાર એ બંને કુમારોને પણ ટપી જતી, અને ઘોડેસવારીમાં તો, સૌકોઈ કબુલ કરતું કે નાનાસાહેબ અને રાવસાહેબ પણ મનુબાઇ પાસે કાંઈ વિસાતમાં નહિ.

એક વેળા નાનાસાહેબ હાથીપર બેસી બહાર જવાની તૈયારી કરતા હતા. એ જોઇને મનુબાઇએ પણ નાનાસાહેબ સાથે હાથીપર ફરવા જવાની હઠ લીધી. નાનાસાહેબને આ ન ગમ્યું એટલે એમણે ઉલટી હઠ લીધી. વાત વધી પડી. એવામાં મોરોપંત ત્યાં આવી ચડ્યા. મનુબાઇને પહેલાં તો એમણે સમજાવવા માંડી, પણ જ્યારે મનુબાઈ માને એમ ન લાગ્યું ત્યારે ગુસ્સે થઈ સંભળાવ્યું, 'તારા નસીબમાં તે વળી હાથી કેવા?' મનુબાઇને ગળે તે કાંઇ આ વાત ઉતરે? તરત જ તેણે જવાબ વાળ્યો, 'મારા નસીબમાં એક નહિ પણ એકવીસ હાથી છે!' સૌએ વાત હસી કાઢી.

રાજલક્ષ્મી

મનુબાઈ બાળક મટી ઉમરે પહોંચતી ગઇ તેમ-તેમ મોરોપંતની ચિંતા વધવા માંડી. પોતાના મુળ વતનથી દૂર અહીં બ્રહ્માવર્તમાં, અને તે પણ આવી રાજ્યકુટુંબના વૈભવમાં ઉછરેલી કન્યા માટે યોગ્ય પતિ મેળવવો એ મુશ્કેલી હતી. પેશ્વા સાથે બ્રાહ્મણો તો ઘણા આવેલા હતા. પણ અવળે નસીબે એ બધા કોકણસ્થ હતા; અને મોરોપંત હતા તાંબે કરાડા: એટલે સગપણ ન થઈ શકે.

પણ આ નસીબ ખરેખર અવળાં નહોતાં. મોરોપંત મનુબાઈની ચિંતામાં હતા તેવામાં એક દહાડો અકસ્માત ઝાંસીના પ્રસિદ્ધ જોશી તાત્યા દીક્ષિત બાજીરાવ પેશ્વાની સલામીએ આવ્યા. સ્વાભાવિક રીતે મનુબાઇનું ભવિષ્ય ઘડવા ને જાણવાની ઇચ્છા થતાં મોરોપંતે એમના જન્માક્ષર દીક્ષિત જોશીને બતાવ્યા. જોશીએ ભાખ્યું કે મનુબાઈ કોઈ રાજ્યનું ભૂષણ થવાં જોઇએ. મોરોપંતને આ વાત ગમી તો બહુ, પણ એ અસંભવિત પણ એટલી જ લાગી, અને ઝાંસીમાં કોઈ યોગ્ય વર હોય તો બતાવવાની એમણે વિનતિ કરી.

ઝાંસીના મહારાજ ગંગાધરરાવનાં રાણી રમાબાઈ ટુંક સમય પહેલાં મૃત્યુ પામ્યાં હતાં અને જોશી તાત્યા દીક્ષિતને હીસાબે મનુબાઈનાં લગ્ન મહારાજ સાથે થવાનો સંપૂર્ણ મેળ આવતો હતો. મોરોપંતને પણ લાગ્યું કે જો આમ બને તો મનુબાઈનાં ભાગ્ય ઉઘડી જાય. એમણે બાજીરાવને આ વાત કરી, અને બાજીરાવે દીક્ષિત જોશી મારફત ગંગાધરરાવને કહેણ મોકલ્યું.

ગંગાધરરાવે કન્યાને જોવા માણસો મોકલ્યાં અને છેવટે ખુશીથી હા પાડી, તથા લગ્ન ઝાંસીમાં કરવાં એવું ઠરાવ્યું. આને લીધે મોરોપંત ૧૮૪૨માં બ્રહ્માવર્ત છોડી ઝાંસી આવ્યા અને ઝાંસીના દરબારમાં એમને સરદારની પદવી આપવામાં આવી. એ જ સાલમાં

આઠેક વરસનાં મનુબાઈનાં લગ્ન ગંગાધરરાવ સાથે થયાં. અને સાથે જ, એક નહિ પણ એકત્રીસ હાથીનાં એ માલીક બન્યાં! ત્યારથી એ મનુબાઇ મટી લક્ષ્મીબાઇ કહેવાવા લાગ્યાં.

લગ્ન વેળાનો એક પ્રસંગ અહીં નોંધવો જોઇએ. લક્ષ્મીબાઈમાં મુળથી જ નીડરતા હતી. છેડાછેડી બાંધવાના પ્રસંગે ગોર મહારાજ વરરાજાની ઉપરણી સાથે કન્યાના પાનેતરની ગાંઠ બાંધતા હતા ત્યાં મનુબાઇએ હળવેથી કહ્યું, 'મહારાજ! જોજો, ગાંઠ એવી વાળો કે પછી છુટે જ નહિ.' આઠ વરસની એક નવવધૂના આ સરળ શબ્દોમાં ભારતની એકે-એક સુન્દરીની સૌભાગ્યભાવનાનાં દર્શન નથી?

મહારાજ ગંગાધરરાવ બહુ ચતુર અને કાર્યકુશળ રાજ્યકર્તા હતા. રાજ્ય પરનું દેવું બધું એમણે પતાવી દીધું અને પ્રજાસુખાકારીના ઘણા સુધારાવધારા કર્યા. તેમાં યે લક્ષ્મીબાઈના આવ્યા પછી તો રાજ્ય એટલું સમૃદ્ધ અને સુખી થયું કે લક્ષ્મીબાઇને લોકો સાક્ષાત રાજલક્ષ્મી જ માનવા લાગ્યા. પ્રજાની એ બંને તરફ અનન્ય ભક્તિ હતી.

લગ્ન પછી નવમે વરસે—૧૮૫૧માં લક્ષ્મીબાઇએ એક પુત્રને જન્મ આપ્યો. ગંગાધરરાવને આ પહેલું સંતાન હતું એટલે એમના આનંદનો પાર ન રહ્યો. ગાદીવારસનો જન્મ થયો, એટલે આખા ઝાંસી રાજ્યમાં આનંદોત્સવ ઉજવાઈ રહ્યો.

વૈધવ્ય

પણ આ સુખ બહુ ન લંબાયું. પુત્ર ત્રણ માસનો થઇ મૃત્યુ પામ્યો. આ ઘા પછી ગંગાધરરાવની તબીઅત પણ લથડી. દહાડેદહાડે એમની તબીઅત બગડતી જ જતી હોવાથી સૌની સંમતિ લઇને, અને એ વેળાના બુંદેલખંડના પોલિટિકલ એજંટ મેજર એલિસ અને કૅપ્ટન માર્ટિનની હાજરીમાં, એમણે વાસુદેવરાવ જેવાલકરના પુત્ર આનંદરાવને દત્તક લીધો, અને એનું નામ દામોદરરાવ ગંગાધરરાવ રાખવામાં આવ્યું. પાંચ જ વર્ષના આ ચપળ આનંદરાવ માટે લક્ષ્મીબાઇને પણ ભવિષ્યની ખુબ આશા હતી.

આ વખતે લૉર્ડ ડેલહાઉસી હીંદુસ્તાનના વાઇસ-રૉયપદે હતો. એણે તો એવી જ નીતિ રાખી હતી કે હીંદનો કોઇપણ રાજ્યકર્તા હકદાર વારસ વિના મરી જાય કે એનું રાજ્ય ખાલસા કરી બ્રિટિશ મુલકમા ભેળવી દેવું. ડેલહાઉસીની આ હજમનીતિથી ચેતીને ગંગાધરરાવે દત્તકવિધિ થઈ રહ્યા પછી તરત જ બ્રિટિશ સરકારજોગ એક ખરીતો લખાવી તૈયાર કરાવ્યો અને તેમાં જણાવ્યું કે મેં મારી પોતાની મરજીથી દામોદરરાવને દત્તક તરીકે સ્વીકારેલ છે, અને જો આ માંદગીમાંથી દૈવયોગે હું બચવા ન પામું તો મારા પછી રાજ્યગાદી દામોદરરાવને સોંપવી. દામો-દરરાવની ઉમર આ કાળે નાની હોવાથી તે ઉમર-લાયક થાય ત્યાં સુધી રાજ્યનો વહીવટ લક્ષ્મીબાઇ ચલાવે. આ ખરીતો ગંગાધરરાવે મેજર એલિસને સોંપ્યો અને મેજરે પણ પોતે પોતાથી બનતી મદદ કરવા-ની ગંગાધરરાવને ખાતરી આપી. આ પછી ગંગાધર-રાવની તબીઅત તદ્દન ગંભીર બની ગઈ, અને આખરે ૧૮૫૩ના નવેમ્બરની ૨૧મીની સવારે અવસાન પામ્યા.

અઢાર વરસની નાની ઉમરે આ વૈધવ્યનું દુઃખ આવી પડવાથી લક્ષ્મીબાઇને સખત આઘાત થયો. પણ હીંમતપૂર્વક એ ખમી લઈ મહારાજની ઉત્તર-ક્રિયા પતાવી, અને સરકાર પર દામોદરરાવને ગાદી મળવા વીશે બીજો ખરીતો મોકલ્યો. ખરૂં જોતાં તો દત્તકના હક પુત્ર જેટલા જ ગણાય. પણ ડેલહાઉસી-ની દાનત ખોરી હતી. તેને તો ગમે તે રીતે બ્રિટિશ રાજ્યપ્રદેશ વધારવો હતો. એટલે આડાંઅવળાં બહાનાં કાઢી તેણે ઝાંસી રાજ્ય ખાલસા કરવાનો હુકમ કાઢ્યો તથા લક્ષ્મીબાઇને પાંચ હજાર રૂપીઆનું માસિક પેન્શન આપવાનું, ઝાંસીની સેના વીખેરી નાખવાનું અને કિલ્લો ખાલી કરી લક્ષ્મીબાઇને પોતાના મહેલ-માં રહેવા જવાનું ફરમાવવામાં આવ્યું! આ સમાચાર લક્ષ્મીબાઇને પહોંચાડવાનું મેજર એલિસ-ને જ સોંપ્યું! ચિઠ્ઠીના ચાકર એલિસે લક્ષ્મીબાઇને હુકમ સંભળાવીને તેને શાંત કરવા માટે પોતા તરફથી ઉમેર્યું કે 'આથી આપને તો કશો જ અંગત ગેરલાભ નથી, કારણકે સરકાર આપને મદદ ને માન ઉપરાંત સારી રકમ પણ આપે છે.' આ સમાચાર સાંભળી લક્ષ્મીબાઈ મૂર્છિત થઈ જમીન પર ઢળી પડ્યાં.

[અનુસંધાન આગળ પાને ૩૧૪ મે]

ઉમા

ઉત્તર ગિરિપ્રદેશના રાજદંપતી હિમવત અને મેનકાને રણીઆમણા સાન્ધ્યતારા સરખી કુંવરીઓ હતી. અગમ્ય ને અદ્દશ્ય એ અંતરિક્ષના દેવો આવીને તેમને પ્રેમ કરતા, અને એક પછી એક એમ સૌને લગ્નથી જોડી, આપણી પૃથિવીથી દૂર એ અગાધ આકાશમાં લઇ જતા.

પછી તો એ પર્વતરાજ હિમવતના ઘરઅંધારે, નવ-ફુટ્યા પ્રકાશ સમી 'સતી' —સાક્ષાત્ સત્યમૂર્તિ—જન્મી: જન્મી, ઉછરી અને રૂપમાં તો તારલીઓ શી પોતાની બ્હેનો કરતાં યે ચડી ગઇ.

પહાડી લોકો તેને હિમવતી—એટલે ધુમ્મસકણી કહેતાં. રાજપિતા તેને પાર્વતી —પર્વતપુત્રી—કહી બોલાવતા. પણ રાજમાતા મેનકાએ તો તેને સર્વથી મધુર નામ આપ્યું: ઉમા. ઉમા એટલે માતા. સૌને કૌતુક થતું કે કયો ભાગ્યશાળી દેવ આ ઉમાને વરશે?

ધરોધર ફરી અલખ જગાવતા એ શુભ્ર, કલ્યાણમૂર્તિ શિવ ફરતાફરતા હિમાલય પહોંચ્યા, અને અંતે ત્યાં શાશ્વત હિમપુંજની જેમ સ્થિર અને શાન્ત ધ્યાનમાં બેઠા. અને ઉમાએ શિવની પૂજામાં આત્મસમર્પણ કર્યું. તે દરરોજ, પ્રભાતના ધુમ્મસથી ભીની, તાજી અને સ્પર્શે શીતળ એવી કમળકાકડીઓની માળાઓ ભગવાન શંકર સારૂ પરોવતી.

આમ, પાર્વતી, એ શુભ્ર મંગળ અને અકિંચનની જેમ ઘરઘર ભિક્ષા માગતા છતાં દેવાના એ અધિદેવને વરવાની ઉંડી મનોકામના કરતી શિવસેવામાં રત રહેવા લાગી.

એકદા ગિરિઓમાં વસંત આવી, અને શિવના આસનને છાઇ રહેલા કલ્પવૃક્ષની સુવર્ણડાળના એક જ સ્પર્શે ઉમાના યૌવન અને સૌન્દર્ય ખીલી ઉઠ્યાં. ફુલફુલના સુવાસથી મ્હેકમ્હેક થતી વસંતની વાયુલહરોએ એની અંતરેચ્છા વડે શિવના એ શાન્ત એકાન્ત આવાસને ભરી દીધો.

આખરે એ લાંબી સમાધિ ઉતરી અને શિવે નેત્ર ઉઘાડ્યાં. ઉમા આવીને ઉભી, અને પ્રેમભક્તિના ભારે નમી પડી.

માંડેલી મીટ ઉપડે એટલી ક્ષણ ભર વસંતના રંગોએ પથરાઇને હિમશિખરો પર ઝોકાર અજવાળું કર્યું. જાણે સોનેરી ધુમ્મસના અંતરપટમાંથી જોતાં હોય તેમ હર-ગૌરી એકમેકને જોઇ રહ્યાં.

અચાનક મેઘાડંબર ચડી આવવાથી વસંતના પ્રભાતનો એ ધવલ પ્રકાશ મેલો પડે છે. અંધકારની ઉંડી ગુફાઓને વીંધી નીકળતા વીજળીના ચમકાર ગિરિઓના હરીઆળા દોળાવને જાણે સળગાવી મુકતા હોય તેમ ઝળાંઝળાં કરી દે છે. પ્રલયના પ્રચંડ દેવ ભગવાન રુદ્રના અટ્ટહાસ્ય જેવી ઘનગર્જનાઓ થાય છે. નગાધિરાજ ઉપર આતુર ચિંતા પથરાય છે. પહાડના ક્રોધ સરખા ઉન્મત્ત ગજમાના બહાર ધસી આવી



ઉમા



ચિત્રકાર શ્રી ધુરંધર

કુમાર
શ્રાવણ
૧૯૮૧

આ સુંદર પેન્સિલ સ્કેચ ચિત્રકળાનો અચ્છો નમુનો છે. શ્રી ધુરંધર ચિત્રકાર હોવા ઉપરાંત એક કુટુંબપ્રેમી અને વત્સલ પિતા છે. નોકરી અને ધંધામાંથી બચતા વખતમાં તેઓ કુટુંબનો પુરો આનંદ લેતા જણાય છે. તેમની સ્કેચબુકો જુઓ તો તેમાં એમણે પોતાના કુટુંબીઓ અને મિત્રોને પુષ્કળ વખત ફરીફરી ચીતર્યાં છે, અને દરેક નીચે રમુજી નોંધો કરી છે. તેમના પુત્ર અને પુત્રીના ચહેરાની છાયા તેમનાં ઘણાં ચિત્રોમાં ઉતરેલી દેખાય છે. આ સ્કેચના પાત્ર તેમની પુત્રી કુમારી અંબિકામાં પિતાની શક્તિનો વારસો ઉતર્યો છે, અને શાળાના શિક્ષણ વિના જ તે સારૂં ચીતરી શકે છે. ભારતવર્ષમાં કોઈક દિવસ આ બાલ ચિત્રલેખાની કીર્તિ પ્રસરશે એવી આશા રાખી તેનું દીર્ઘાયુ ઈચ્છીશું.

બોલાવે છે : 'ઉમા ! ઉમા !' . . . . અને એ ઝંઝાવાતની વચ્ચે, ગીચઘેરી કાળાશમાં ઉંડી તડ પાડી પ્રવેશતા પ્રકાશકિરણ સમા નારદ, વીણા પર આશાના મધુર સુર છેડતા દેખાય છે, અને સૌને આનન્દિત થવા કહે છે.

કારણકે શિવે પાર્વતીને પોતાની કરી છે;—શિવ 'સામ્બ' થયા છે !

શું ખરે જ, શિવ પાર્વતીપતિ થશે ?

હા; શિવ અને સતી, શમ્ અને સત્યમ્ જોડાઇ જશે.

પણ શિવ તો અકિંચન છે !

હા; પણ એ પોતાના શિવત્વને પ્રતાપે મૃત્યુંજય બન્યા છે. એમનામાંથી જ જીવન જન્મે છે; એ જ જીવનને પોષે છે; અને એમનામાં જ પાછું એ લય પામે છે. દેવત્વના ધનથી શોભતા દેવો પણ એમને ભક્તિપૂર્વક પ્રણિપાત કરે છે.

પણ તો યે આપણાં હૃદય તો આપણી નાનીશી કુમારિકા માટે જ તલ્પે છે—ઉમાને જ ઝંખે છે. શું આપણા ભરસુનકાર ઘરમાં એ કદિ જ પાછી પગલા નહિ માંડે ?

શિવે એને પોતાની કરી છે. શિવ સાથે જ એ રહેશે. પણ જગતની માતા—'જગદંબા' બની એ આપણને જરૂર આવી મળશે.

પણ ક્યારે, ઓ, ક્યારે ?

. . . . જ્યારે હિમ ગળવા માંડશે અને સરિતાઓ વહેતી થશે ત્યારે . . . .

[અંગ્રેજી ઉપરથી] **અવનીન્દ્રનાથ ઠાકુર**

અથાણું

ગામડીઓ (ફોટોગ્રાફરને)—મારી સબી તૈયાર થઇ ?

ફોટોગ્રાફર—હા જી, આ રહી.

ગામડીઓ—(ફોટાને સુંઘીને) મેં તો અંતર ચોપડીને સબી પડાવી'તી, ને આમાં ગંધ કાં ન આવે ?

*

શિક્ષક—રમુ, અકબરનો જન્મ ક્યાં થયો હતો ?

રમુને તે ખબર ન હોવાથી મુંગો ઉભો રહ્યો. એટલે શિક્ષકે પુછ્યું, 'આજે ઇતિહાસ વાંચી આવ્યો છે ?'

એકાએક કંઇ યાદ આવ્યું હોય તેમ રમુ બોલી ઉઠયો, 'હવે આવડયું : કહું સાહેબ ?—ઇતિહાસમાં.' (વ.)

*

એક સ્વયંસેવક ગરીબો માટે ફંડ ઉઘરાવતો હતો. એક પૈસાદાર પાસે જઈ તેણે કહ્યું, 'શેઠ ઝોળીમાં કંઈક નાખો.'

પૈસાદાર—મારી પાસે કાંઈ છે નહિ, તો આપું શું ?

સ્વયંસેવક—તો પછી આ ઝોળીમાંથી થોડું લઇ લો. એ ગરીબો માટે જ છે !

*

ન્યાયાધીશ—કેમ આમને તમે બંદુક ફોડતાં જોયા હતા ?

સાક્ષી—ના. મેં તો માત્ર ધડાકો સાંભળ્યો હતો.

ન્યાયાધીશ—(ગુસ્સે થઇ) બસ...શું ધડાકો થયો એટલે માની લેવું કે આમણે જ બંદુક ફોડી હતી ? બહાર જાઓ.

સાક્ષી બહાર જતાં જતાં હસી પડયો.

ન્યાયાધીશ—(ચીડાઇને) કેમ ? એક તો મેળ વિનાની જુબાની આપી, ને ઉપર જતાં વળી હસો છો ?

સાક્ષી—હજુર, હું ક્યાં હસ્યો ?

ન્યાયાધીશ—મેં તમારો હસવાનો ખડખડાટ સાંભળ્યો'ને?

સાક્ષી—બસ...શું ખડખડાટ થયો એટલે માની લેવું કે હું હસ્યો ?

*


માસ્તરે બોર્ડ પર 'રમણ' લખી પુછ્યું, 'એ કનુ, બોર્ડ પર મેં શું લખ્યું છે ?'

કનુ—સાહેબ, બે મણ.

*

કોયલાનો વેપારી—દોડો દોડો, મારા કોયલામાં આગ લાગી !

એક ઘરાક—તેં ગઇ કાલે મને જે માલ આપ્યો તેવા એ હોય તો ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી.



કલોજી લુણસરીઓ

સૌરાષ્ટ્રના એક વીર જવાંમર્દના ઉદાર જીવન અને ઉદાત્ત મૃત્યુની કથા

' સૌરાષ્ટ્રની રસધાર ' ના અપ્રકટ ભાગ ૬ઠ્ઠામાંથી

ગોંડળના કોઠા ઉપર ધીરજાંગ ! ધીરજાંગ ! ધીરજાંગ ! એવે અવાજે તરઘાયો ઢોલ વાગવા લાગ્યો, અને ઘોડાં ! ઘોડાં ! પોકારતો પોકારતો ચોપદાર પ્રભાતને પહોરે રજપુતોની ડેલીએ ડેલીએ ઘુમવા લાગ્યો. એક ડેલીમાંથી એક જુવાન બહાર દોડ્યો આવ્યો અને ચોપદારને પુછયું : ' ભાઇ શું છે ? શેનો ઢોલ વગડે છે ? '

' કલાજીભાઈ ! ' ચોપદાર ચાલતો ચાલતો કહેતો ગયો, ' કુંડલાના હાદા ખુમાણે આપણો માલ વાળ્યો છે. પણ તમે ચડશો મા.' ' કાં ? '

' બાપુએ ના પાડી છે. હજી તમારી ચાકરી નોંધાણી નથી. '

' બાપુ રજપુત તો ખરા; પણ વાણીઆ—રજપુત. નીકર આવો હીસાબ ન કરત. એ ભાઈ ! જઇને દરબારને કહેજે કે રજપુતના દીકરા ભગવાનને ચોપડે ચાકરી નોંધાવીને જ અવતરે છે. '

લુણસર નામે વાંકાનેરનું એક ભાયાતી ગામ છે. ત્યાંનો ગરાસીઓ કલોજી પોતાના ભાઇઓને લઇને ગોંડળ ભા'કુંભાની પાસે નોકરી કરવા આવ્યો હતો. ત્રીસ વરસની અવસ્થા હતી. આજ સવારથી જ એની ચાકરી નોંધાવાની હતી. પણ મળસકામાં જ હાદા ખુમાણ નામે કુંડલાના કાઠી પોતાનાં દોઢસો ઘોડાં લઇને ગોંડળની સીમમાં ત્રાટકયા, અને એણે પહરમાંથી પરબારાં ઢોર વાળ્યાં.

ભા'કુંભાનો પગાર ખાનારા બીજા રજપુત બહાર નીકળે ત્યાં તો કલોજી પોતાના બે રજપુતોની સાથે ચડી નીકળ્યો. દોઢસો કાઠીઓએ પોતાની પાછળ ડાબલા ગાજતા સાંભળ્યા. પણ પાછળ નજર કરતાં ત્રણ જ અસવારો દેખ્યા. કંટોલીઆને પાદર કલાજીએ ઘોડાં ભેળાં કરી દીધાં. આપાઓ એકબીજાને કહેવા મંડયા કે ' એ બા, ઈ તો ભણે વષ્ટી કરવા આવતા સેં, વષ્ટી કરવા. ' સૌને વિશ્વાસ બેઠો. ત્યાં તો રજપુતો આંબી ગયા.

' આપાઓ ! આમાં હાદો ખુમાણ કોને કહીએ ? '

' એ ભણે મોઢા આગળ હાલ્યા જાઓ, મોઢા આગળ. એ ઓલ્યા બાવળા ઘોડાનો અસવાર : માથે સોનેરી છેડાનો મેકર બાંધ્યો : સોનાની કુંડળ્યે ભાલો અને સોનાને ફુબે ઢાલ : ઈ જ આપો હાદો. ભણે બા મારગ દ્યો. મારગ ! રજપુતના દીકરા વષ્ટી કરવા આવતા સેં, મારગ દ્યો. '

પોણોસો પોણોસો ઘોડાં નોખાં પડી ગયાં. વચ્ચે થઇને ત્રણે રજપુતો આગળ વધ્યા.

જે ઘડીએ ત્રણ ઘોડેસવાર હાદા ખુમાણની નજીક ગયા, તે ઘડીએ હાદા ખુમાણે જુવાનોની આંખ પારખી. એ આંખમાં વષ્ટી નહોતી, વેર હતું. હાદા ખુમાણે ઘોડો દાબ્યો. કલાજી વાંસે થયો. પણ કલાજી આંબે નહિ. એણે પોતાની ઘોડીના તરીંગમાં બરછી ભરાવી. ઘોડી જાગી ગઇ. હાદા ખુમાણની સાથે ભેટંભેટા કરાવી દીધાં. કલાજીએ તરવાર ઉગાડી કરી. પેગડામાં ઉભા થઇને એણે તરવાર ઝીંકી. હાદો ખુમાણ તો ઘોડાના પેટ નીચે નમી ગયો, પણ તરવારે ઘોડાની ઉપરનો ચોફાળ, ઓછાડ ને કાઠાનાં

બે પાઠાં—એ બધું વાઢીને ઘોડાના બે કટકા કરી નાખ્યા! નોખનોખા બે કટકા! હાદો ખુમાણ કુદીને આઘો ઉભો. નજર કરે ત્યાં ઘોડો તો ગુડાઈ ગયો હતો, પણ કલાજીની આંખોનાં બેય રત્નો બહાર નીકળી પડેલાં! 'વાહ જુવાન! રંગ જુવાન!' એવા ભલકારા દેતા દેતા હાદા ખુમાણ પોતાનો તરફાળ લઇને કલાજીને પવન ઢોળવા મંડયા. ત્યાં દોઢસો કાઠીઓ આંબી ગયા. કાઠીઓ કહેવા લાગ્યા કે 'ભણે આપા હાદા, ઇને ગુડુ નાખ્ય, ગુડુ નાખ્ય. દુશ્મનને આવા લાડ કીં લડાવતો સેં?'

હાદો ખુમાણ બોલ્યા કે 'ખબરદાર, એને કોઈ હાથ અડાડશો માં. દોઢસો કાઠીની વચ્ચે ત્રાટકીને જેણે એક ઝાટકે મારો ગાડા જેવો ઘોડો વાઢી નાખ્યો, એને મારવો હોય નહિ. આમ જુઓ નીમકહલાલી! આંખનાં બેય રતન બહાર લબડી પડયાં છે.'

કાઠીઓ જોઇને દીંગ થઈ ગયા.

ત્યાં તો ગોંડળની વ'ાર દેખાણી. ભાલાં સમ વળળક! સમ વળળક! કરતાં ઝળુક્યાં. કલાજીને મુકીને કાઠીઓ ભાગી છુટયા. પણ ત્યારથી આજ સુધી યે ખુમાણોના ડાયરામાં કસુંબા લેવાય છે, ત્યારેત્યારે ડાહ્યા કાઠીઓ 'રંગ છે કલા લુણસરીઆને' એમ કહીને કસુંબા લ્યે છે. ગોંડળ દરબારે કોઇ હકીમની પાસે કલાજીની આંખો ચડાવડાવી અને મોટી જાગીર આપીને એની ચાકરી નોંધી.

§

ધંધુકા ગામમાં તે વખતે મીરાં અને દાદો નામના બે બળવાન મુસલમાનો રહે. બે ય ભાઇઓ કાઠીઆવાડમાં ઘોડાં ફેરવે, અને પૈસા આપે તેના પક્ષમાં રહી ધીંગાણાં કરે. મીરાં અને દાદો આજ પણ સૌરાષ્ટ્રના શુરાઓ તરીકે પ્રખ્યાત છે. એક દિવસ મીરાંને ખબર પડી કે કલો લુણસરીઓ ધંધુકાને પાદર થઇને જાય છે. મીરાંએ સાદ કર્યો કે 'અરે! કલોજી ધંધુકાને પાદરથી પરબારા જાય? દોડો, એને પાછા વાળો.'

નાનો ભાઇ દાદો માથામાં ખુબ ખુમારી રાખીને ફરતો. એ બોલ્યો કે 'ભાઇ, કલોજી તે એવો કયો હેતનો કટકો, કે ઉલટો તું એને બોલાવવા માણસ દોડાવછ?'

'દાદા, એ શુરવીર છે, એને રામરામ કર્યે પાપ ટળે.' મીરાંએ કહ્યું.

કલોજી આવ્યો. મીરાં એને બથમાં ઘાલીને મળ્યો. પણ દાદાએ મોઢેથી પણ આવકાર ન દીધો. કલાજીની બહુ સરભરા થવા માંડી એ દાદાને વસમું લાગ્યું. કલાજીને અપમાન લાગે એવાં વેણ દાદાએ કાઢયાં. ત્યારે મીરાં બોલ્યો કે 'દાદા, આજ એ આપણો મહેમાન છે. નીકર આંહી જ તને એના બળનું પારખું થાત. પણ તારા મનમાં ખુમારી રહી જાતી હોય તો લુણસર જાજે.'

કલોજી હસીને બોલ્યો, 'હાં, હાં, મીરાંજીભાઈ! દાદો તો બાળક કહેવાય. મારા મનમાં એનો કાંઇ ધોખો નથી. અને દાદા! તું ખુશીથી લુણસર આવજે. જેવી હશે તેવી એક તરવાર લઇને તારૂં સામૈયું કરવા આવું તો રજપુત કહેજે.'

કલોજી લુણસર ગયો. પણ દાદાથી ન રહેવાયું. એને તો લુણસર જોવું હતું. પોતાના સવારો લઇને બે ય ભાઈ ચાલી નીકળ્યા. લુણસરને પાદર ઉભા રહીને કલાજીને ખબર આપ્યા કે દાદો ધીંગાણા માટે આવીને વાટ જુએ છે. કલાજીની આંખો દુખતી હતી. આંખોમાં ભરણુ આંજીને એ સુતો હતો. આંખો ધોઇને એક કાટેલી તરવાર સોતો એ, સામાન પણ નાખ્યા વિના ઘોડી ઉપર ચડયો. પાદરે આવીને આઘેથી બોલ્યો, 'મીરાં, દાદા, રામરામ, બહુ સારૂં કર્યું.'

મીરાંએ દાદાને કહ્યું, 'ભાઇ, કલાજીનું પાણી તારે એકલાને જ જોવું છે. મારે એની સાથે વેર નથી. અને આ બીચારા ઘોડેસવારો તો પેટ સારૂ આવ્યા છે. માટે અમે ઉભા ઉભા જોશું, ને તમે બે સામસામા કાટકો. કાં તો અમે તને દફન કરીને જાશું, ને કાં એને બાળીને જાશું.'

બે ય જણા વચ્ચે ધીંગાણું ચાલ્યું. કલો કહે 'દાદા, પહેલો ઘા તારો.' 'લે ત્યારે, પહેલો ઘા સવા લાખનો.' કહીને દાદાએ ભાલું ઝીકયું. કલાની ઘોડી ગોઠણભર બેસી ગઇ. ઉપર થઇને ભાલું ખાલી ગયું. કલાજીએ કાટેલી તરવાર લઇને ઘોડીને દાબી. દાદાને માથે જનોઇવઢ ઘા કર્યો. દાદો પડયો. મીરાં

એના અસવારોને કહે કે ' કલાજીના હાથ તો જોયા-ને ? હવે એનું હૈયું જોવું હોય તો હાલો, ભાગી નીકળો. ' અસવારોને લઇને મીરાં ભાગ્યો.

કલાજીએ વિચાર્યું, ' હાય હાય, એનો સગો ભાઇ એને મુકીને ભાગ્યો ! પણ દાદા ! ફીકર નહિ. હું ય તારો ભાઈ છું. ' એમ કહી દાદાને ખભે નાખી રજપુત પોતાને ઘેર લઈ ગયો. માને કહ્યું કે 'માડી, પેટનો દીકરો માનીને આ દાદાની ચાકરી કરજે.' એ મહીના દાદાને પડદે નાખીને સુવાણ થયા પછી કલોજી ધંધુકે મુકી આવ્યો.

મીરાં કહે, ' કાં દાદા, કલાજીને ઓળખ્યો ? '

દાદો દાંત ભીંસીને બોલ્યો, ' ઓળખ્યો ! પણ એક વાર એના લુણસરને માથે હળ હાંકીને મીઠાં વવડાવું તો જ હું દાદો ! '

§

અમાસની અંધારીઘોર અધરાત ભાંગી ગઇ હતી. મોંકું ભળકડું થવા આવ્યું હતું. તે વખતે ગોંડળને દરવાજે એક બ્રાહ્મણે આવીને સાદ પાડયો કે, ' ભાઇ દરવાણી ! ઝટ દરવાજો ઉઘાડ. '

' દરવાજો અત્યારે ન ઉઘડે. કુંચીયું કલાજીને ઘેરે રહે છે. ' દરવાને જવાબ દીધો.

' મારે કલાજીનું જ કામ છે. એને માથે આફત તોળાઈ રહી છે. ઝટ ખબર દે. '

કલાજીને ઘેરથી દરવાજાની કુંચીઓ આવી. બ્રાહ્મણને કલાજીની પાસે લઇ ગયા. ઓળખીને કલોજી બોલી ઉઠયો, ' ઓહો ગામોટ ! તમે ક્યાંથી ? લુણસરમાં સૌ ખુશીમાં છે ? '

' બાપુ, કાલ સવારે લુણસર હશે કે નહિ હોય ! આજ બપોરે અહીંથી ત્રીસ ગાઉ ઉપર મને એક કટક ભેટયું. આંબરડીથી હાદો ખુમાણ, અને ધંધુકાથી મીરાં–દાદો : સાથે સાડા ત્રણસો ઘોડેસવાર : કહ્યું કે ' લુણસર ઉપર કાલે સવારે મીઠાં વાવશું. ' સાંભળીને મેં ગોંડળનો રસ્તો લીધો. તમારે પુણ્યે પગમાં જોર આવ્યું. આથી વહેલું પહોંચાય એમ નહોતું. મરતો મરતો પહોંચ્યો છું. '

કલોજી આકાશમાં મીટ માંડીને વખત માપવા મંડયો. સવાર આડો ઝાઝો વખત નહોતો રહ્યો. લુણસર ત્રીસ ગાઉ આઘે હતું. સવાર પડશે ત્યાં પોતાની જનમભોમકા ઉપર શાં શાં વીતકો વીતશે ? એ રજપુતાણીઓ અને બાર વરસની નાની દીકરીની કેવી દશા થઇ હશે ? વિચાર કરીને કલોજી ધ્રુજી ઉઠયો.

પોતાના ભાણેજને બોલાવીને એણે ભલામણ કરી, ' બાપ, આજ સવારે ભા' કુંભાને કસુંબાનાં નોતરાં દીધાં છે. પણ હું સવાર સુધી રહું તો મારે કસુંબાને સાટે ઝેરની વાટકી પીવી પડે. તું કસુંબો પાઇને પછી ચડી નીકળજે. ભા' કુંભાને મારી વાત કહેજે. ફરી મળીએ તો હરિની મ્હેર, નીકર છેલ્લા રામરામ છે. '

એટલું કહીને કલોજી એકલો ઘોડી ઉપર ચડયો. ઘોડીની ગરદન ઉપર હાથ થાબડીને કહ્યું, ' બાપ તાજણ ! આજ સુધી મારી આબરૂ તેં જ રાખી છે. આજ છેલ્લી ઘડીએ મારૂં મોત બગાડતી નહિ હો ! આપણું લુણસર લુટાય છે બેટા ! '

લુણસરના સીમાડા ઉપર સુરજ મહારાજનો ઝળહળાટ કરતો મુગટ દેખાયો તે વખતે કાળાં શ્યામ મોઢાં લઇને વસ્તીનાં લોકો પાદરમાં ઉભાં હતાં. વીસ વીસ વરસના કેટલાક જુવાનો ઘાયલ થઇને પડયા પડયા ડંકતા હતા. લોહીનાં ખાબોચીઆં ભર્યાં હતાં !

લોકોએ એક સામટી ચીસ પાડી, ' એ...એ કલોજી બાપુ આવે . . . . '

કોઇ કહે, ' અરે ગાંડા થાઓ મા, ગાંડા. ક્યાં ગોંડળ, ને ક્યાં લુણસર ! અત્યારે કલોજી બાપુ કેવા ? '

' અરે, ન હોય શું ? આ એનું જ ભાલું ઝળકે. આ તાજણ બીજાની ન હોય. નક્કી કલોજી બાપુના રૂદીયામાં રામના દુત કહી આવ્યા. '

' અરરર ! કલાજી બાપુને મોઢું શું બતાવશું ? ' એમ બોલીને ઘાયલ પડેલા જુવાનો પડખું ફર્યા અને આંખો મીંચી ગયા.

કલાજી આવ્યા. જાણે સીમાડેથી સુરજ આવ્યો. આખી રાતના ઉજાગરાથી આંખો રાતીઘૂમ થએલી. મોઢાના દેવાંગી નૂર પર હાલારની માટીના થર જામી ગએલા. ઘોડીના મોંમાંથી ફીણ ચાલ્યાં જાતાં હતાં.

' બાપુ, જરાક મોડું થયું. ' માણસો બોલ્યાં. કલાજીના મોંમાંથી નીસાસો નીકળ્યો. જાણે એનો

જીવ નીકળ્યો.

'પણ, બાપુ! કાંઇ લુટાણું નથી.' કોઇએ દિલાસો દીધો.

'સાચું બાપ! કાંઇ નથી લુટાણું! ફક્ત આબરૂ! દરબારગઢમાં કોઈ જીવતું છે?'

'એક પંખી પણ નથી ઉડયું.'

'શી રીતે?'

'દાદો તો ગઢના લબાચા વીંખવા આવ્યો. પણ મીરાંજીએ કહ્યું, 'ખબરદાર! કલાજીની ઘરવાળીયું મારી બહેન્યું છે. આજ કલોજી ગામતરે હોય ને જો એના ઓરડા ચુંથાય, તો તે પહેલાં મીરાંને માથે માથું ન રહે.' એમ કહીને એણે પોતાનાં દોઢસો ઘોડાં નોખાં તારવ્યાં અને દરબારગઢ ફરતાં ઉઘાડી તરવારે વીંટી દીધાં.'

'એક જ માના બે દીકરા! વાહ મીરાંજી! ભલે ભાંગ્યું લુણસર! તને ઓળખ્યો.' કલોજી બોલી ઉઠ્યો.

કલોજી ઓરડે ગયો. લોકોએ માન્યું કે બાપુના મનની વેદના બેસી ગઇ. ઓરડાની ઓસરીની કોર પર રજપુત બેઠો. બાર વરસની દીકરી બહાર આવીને બાપુને નીરખતી નીરખતી ઉભી રહી. પોતાની ઘોડીના હનામાંથી કાંસાની તાંસળી કાઢીને દીકરીને કહ્યું,

'બેટા, તાંસળીમાં દહીં લાવજે.'

દહીં આવ્યું. અંદર મુઠી ભરીને સાકર નાખી. સાકર ને દહીં ઘોળીને કલોજી પી ગયો. બીજી તાંસળી કાઢી. એમાં અફીણ વાટયું. દીકરીની પાસે રોટલો માગ્યો. રોટલાનાં બટકાંમાં અફીણ ભરીભરીને તાજણને ખવડાવ્યું. બે ભાર અફીણનું અમલ તાજણના પેટમાં ગયું, એટલે થાકેલી તાજણ પાછી તનમનાટ કરવા લાગી. બાપુના પેટમાં પણ હંડક થઈ. પછી એણે દીકરીને કહ્યું, 'લે બેટા! મારાં દુઃખણાં લઇ લે, બાપ.'



દીકરીની આંખમાંથી આંસુ વહેતાં થયાં.

'રજપુતાણીયું! બે ય જણીયું ઘરમાં શું કરી રહ્યાં છો? આપણું બાળક આમ રોવા બેસે તો સાત પેઢીને ખોટ લાગે હો! છાની રાખો ગીગીને. એને સારો જમાઈ ગોતીને પરણાવજો. કરીઆવરમાં કચાશ રાખશો મા. કિરતાર તમારાં રખવાળાં કરશે. લે બેટા

ગીગી ! દુઃખણાં લઇને શુકન દે, કે ઉજળે મોઢે મોત થાય !'

દીકરીએ એના નાના રૂપાળા હાથનાં વારણાં લીધાં. દસે આંગળીના ટચાકા ફુટયા. બાપુને માથે આંસુનો અભિષેક કર્યો.

તાજણનો અસવાર બહાર નીકળ્યો. દુશ્મન કઈ તરફ ગયા તે રસ્તો પુછીને એકલો છાનોમાનો વહેતો થયો.

ભળકડામાં લુણસર ભાંગીને હાદા ખુમાણ અને મીરાં–દાદો બેફિકર બની ચાલ્યા જતા હતા. આખી રાતનો ઉજાગરો હોવાથી બધા ઘોડેસવારો ઝોલાં ખાતા ખાતા ધીરી ગતિએ ઘોડાં હાંકયે જતા હતા. વચ્ચેવચ્ચે ઉભા મોલમાં ઘોડાં બાજરાનાં કુંડાં કરડતાં હતાં. કોઇની બીક નહોતી.

'એલા, ભણેં કલોજી !' એક કાઠીએ ચીસ પાડી.

'કલોજી ! કોસેંથી ! એલા કલોજી નસેં, આપડો કાળ !' એમ કહીને કાઠીઓ ભાગ્યા. મીરાં–દાદો ઉભા ન રહી શકયા. પાછળ કલાજીનો પડકારો પડયો કે 'માટી થાજો !'

રજપુતની હાકલથી પણ શત્રુઓનું અરધું કૌવત હણાઈ ગયું. ભેટંભેટા થઈ. જેને માથે કલાજીની તરવારનો ઘા પડયો તે બીજો ન માગે. એમ ઘણાને સુવાડયા અને પોતે પોતાના **શરીર** ઉપર એંશી એંશી ઘા ઝીલ્યા. ઘોડી ઘામાં વેતરાઇ ગઈ. કલોજી પડયો. ઘોડી એના દેહ ઉપર ચારે પગ પહોળા કરીને ઉભી રહી. પોતાના લોહીના ધારોડામાં તાજણે ધણીને નવડાવી નાખ્યો. ત્યાં તો 'માટી થાજો ! મુસલમાનના દીકરા, માટી થાજો !' એવી ગર્જના થઇ. ગોંડળની વ'ાર ધરતીને ધણધણાવતી આવી પહોંચી. 'ભાગો, ભણે', ભાગો' કહેતા કાઠીઓ ભાગ્યા. ભાગતાભાગતા ગોંડળની ફોજના એક મોવડીને ઘા કરીને પાડતા ગયા. કલોજી અને એ એનો ભાણેજ પડયા રહ્યા. જેમ વંટોળીઓ જાય તેમ બેય કટક ગયાં. આગળ દુશ્મનો ને પાછળ ગોંડળીઆ.



પચીસ વરસની અવસ્થાએ કલાજીએ સંકલ્પ કરેલો હતો કે ચાળીસ વરસે શંકરને માથે કમળપૂજા ખાવી. આજ મોતની ઘડીએ કલાજીને એ પ્રતિજ્ઞા સાંભરી. આજ એને પાંત્રીસ વરસ થયાં છે. હજુ પાંચ વરસની વાર હતી. કમળપૂજાની હોંશ હૈયામાં રહી જશે તો અસદ્‌ગતિ પામીશ !

ઉભા થવાની તો તાકાત નહોતી. એણે ઘોડીનું પેગડું ઝાલ્યું. ઝાલીને ટીંગાયો. ટીંગાઇને ઉંચો થયો. કાઠાની મુંડકી સાથે ભંભલી બાંધી હતી. ભંભલીમાંથી પાણી ભોંય ઉપર ઢોળ્યું. પાછો નીચે પછડાયો. હાથ લંબાવીને ધુળ–પાણી ભેગાં ચોળ્યાં. ગારો કરીને એમાંથી શિવલિંગનો આકાર બનાવ્યો. તરવાર હાથમાં લીધી. પીછી જમીનમાં ભરાવી. મુઠ હાથ વડે ઝાલી, ને ધાર ઉપર ગળાનો ઘસરકો દીધો. આખું ય માથું ઉતરી ગયું ત્યાં સુધી ભીંસ દીધી ! ગારાના શંકર ઉપર ગળું રાખ્યું. એટલે લોહીની જાણે જળાધારી વહેવા લાગી. પૂજા પહોંચી ગઇ— પાંચ વરસ વહેલી પહોંચી !

બેઠો બે વીસાં તણી જડધર વાટું જોય,
(પણ) કલીઓ વેંધુ કોઇ, પાંત્રીસે પોગાડીઉં.

[શંકર તો ચાળીસમે વરસે કલાનું માથું મળવાની વાટ જોઇને બેઠો હતો. પણ કલોજી ચડીલો હતો. એણે તો પાંત્રીસ વરસે જ માથું મહાદેવને પહોંચાડી દીધું.]

ઝવેરચંદ મેઘાણી

ભવિષ્યવેત્તા

: ઇન્દ્રવજ્રા :



'કાલે રજા છે, ગઈ છું ય થાકી,
વાંચીશ વ્હેલા સહુ પાઠ બાકી;
તારી હથેલી અહીં લાવ સાચું
હું ભાઈ આજે તુજ ભાગ્ય વાંચું.

કેવી પડી છે તુજ હસ્તરેખા!
જાણે શું લાખે નવ હોય લેખાં;
પૈસા પુછે છે? ધનની ન ખામી,
જાણે અહોહો! તું કુબેરસ્વામી!

છે ચક્રચિન્હો ત્રણ અંગુલીમાં,
જાણે પુરાયા ફુટતી કળીમાં;
છે મત્સ્ય ઉંચો, જવચિન્હ ખાસ્સાં!
ને રાજવી-લક્ષણ ભાઈનાં શાં?

વિદ્યા ઘણી છે મુજ વીરલાને,
ને કીર્તિ એવી કુળહીરલાને;
આયુષ્યરેખા અતિ શુદ્ધ ભાળ!
ચિંતા કંઈ રોગ તણી તું ટાળ.

ને હોય ના વાહનખોટ ડે'લે,
બંધાય ઘોડા વળી ત્યાં તબેલે;
ડોલે સદા યે તુજ દ્વાર હાથી,
લે બોલ જોઉં વધુ કાંઈ આથી?

જો ભાઈ! તારે વળી એક બ્હેન,
ચોરે, પચાવે તુજ સ્લેટ પેન;
તારૂં લખે એ ઉજમાળું ભાવિ,
જાણે વિધાત્રી થઇ હોય આવી!

મારે ય તારે કદિ ના વિરોધ,
રેખા વહે છે તુજ હેતધોધ;
એ હેતના ધોધ મહીં હું ન્હાઉં,
ચાંલ્લા જમોણી હરખે હું ખાઉં!

ડોસો થશે, જીવન દીર્ઘ તારૂં!
ખોટી ઠરૂં તો મુજ મુક્કી હારૂં;
એથી જરા યે કહું ના વધારે,
કે'તાં રખે તું મુજને વિસારે.'

"જોજે, કહ્યું તે સહુ સાચું થાય,
ઘેલા! પછી તો નહિ હર્ષ માય;
પેંડા પતાસાં ભરી પેટ ખાજે,
ને આજ જેવી કવિતા તું ગાજે.'

ચન્દ્રવદન ચીમનલાલ મ્હેતા

'મોટાં' થયા પહેલાં

૪

આક્કા

અમે સતારામાં હતા. એક દિવસ એક ગાડી બારણે આવીને ઉભી રહી. તેમાંથી એક બાઇ મઝાનું ટપકાંટપકાંવાળું ગવન પહેરેલી નીચે ઉતરી. એની પાસે સામાન પણ ખુબ હતો. મેં બુમ પાડી કહ્યું, 'આઇ, કોક ઘરમાં આવ્યું છે.' મારી અપેક્ષા હતી કે આઇ અંદરથી આવે ત્યાં સુધી આ બાઇ બારણે રાહ જોશે. પણ એ તો સીધી અંદર જ ગઇ. અને ઘરમાં બધે ઘરની જ હોય તેમ ફરવા લાગી. પછી મને ખબર પડી કે એ તો મારી બહેન હતી. ઘણા દહાડા સાસરે રહીને પીઅર આવેલી. જમી રહ્યા પછી એણે પોતાનો બધો સામાન ખોલીખોલીને આઇને બતાવ્યો. એમાંથી પાંચ છ સરસ સરસ રંગીન લખોટા નીકળ્યા. એ મને આપી એણે કહ્યું, 'દત્તુ, હેં ઘે તુલા.' હું ખુશ તો થયો. પણ ખુશી કરતાં મને અજાયબી વધારે થઇ. બાબા અમને લખોટાને અડવા ન દે. લખોટાને તો જુગારીઓ જ અડે. લખોટાની મેલી રમત સારા ઘરના છોકરાઓ માટે ન હોય. લખોટા લઇને હું રાજી તો થયો, પણ રમાય કેમ એ હું કયાંથી જાણું? દોડતો દોડતો ગોંદુ પાસે ગયો અને એને કહ્યું, 'જો, આ મારા લખોટા.' એને પણ રમતાં આવડે નહિ. એટલે અમે બે જણા સામસામા બેસી લખોટા ગબડાવી ફેંકવા લાગ્યા. લખોટા ટક્કર ખાય ત્યારે મઝા પડે. મનમાં બીક ખરી કે બાબા આવે તો રમત બંધ થાય, એટલું જ નહિ પણ લખોટા પણ જપ્ત થાય!

હું તરત જ જોઇ શક્યો કે આક્કા ઘરમાં બધાંની માનીતી હતી. આઇ તો એના ડહાપણ પર અને હેતાળ સ્વભાવ ઉપર વારી જતી હતી. પિતાશ્રી તો આખો દિવસ ભાગુને શું ગમે છે ને શું જોઇએ છે એ જાણવાને જ ઇંતેજાર દેખાતા. બાબા અને અણ્ણા એની જાતજાતની મજાક કરી એને પ્રસન્ન રાખવાને મથતા. મારા મનમાં વાત ઠસી ગઇ કે આક્કાનું વર્તન તે આદર્શ વર્તન. પણ એક વાત મનમાં ખુંચતી હતી. આક્કા હાથમાં ચોપડી પકડે ત્યારે અમને નીશાળમાં બતાવેલું તે રીતે પકડે નહિ, પણ ડાબી બાજુનાં પાનાં ગોળ વાળી બે પુંઠાં ભેગાં કરે અને એક હાથે ચોપડી પકડી કડકડાટ વાંચી જાય. એને મોઢે વાર્તા સાંભળવી મને ગમતી, પણ ચોપડી આમ પકડે એ મારાથી કેમે કર્યું સહ્યું જતું નહિ!

તે જ દિવસથી એણે મને ભણાવવું શરૂ કર્યું. હું એકડીઆમાં હતો. મને વાંચતાં આવડે નહિ તો યે મારા પર ચીડાય નહિ. બહુ જ હેતથી અને કુનેહથી મને ભણાવે. રોજ સાંજે 'રામવિજય' લઇને આઇને વાંચી સંભળાવે. હું પણ ત્યાં જઇને બેસતો.

એક દિવસ આક્કા આઇને કહે, 'ઘરમાં આ પોપટ રાખ્યો છે એને આપણે છોડી મુકીએ—ઉડાડી દઇએ.' મેં પુછ્યું, 'કેમ? એ તો બધાનો માનીતો પોપટ છે.' આક્કાએ તરત જ સુસ્વર કંઠે નળદમયંતી આખ્યાન ગાવાનું શરૂ કર્યું. તેમાં જ્યારે, રાજાના હાથમાં સપડાએલો હંસ છુટી જવા માટે તરફડીઆં મારે છે, પોતાને છોડી દેવા માટે રાજાને અનેકરીતે કરગરીને વીનવે છે, અને તો યે રાજા છોડતો નથી એમ જોઇ નિરાશ થઇને પોતાના મા, પોતાની માદા અને બચ્ચાંનું સ્મરણ કરી વિલાપ કરે છે, એ પ્રસંગ આવ્યો ત્યારે આક્કા રડી પડી! આંસુ ખારીને પછી દરેક કડીનો એણે અર્થ કરી બતાવ્યો. સૌનાં હૈયાં પીગળી ગયાં, અને નક્કી થયું કે પોપટને છોડી દઇએ. વિષ્ણુએ સીતાફળીના ઝાડ ઉપર પાંજરૂં ટીંગાડી રાખ્યું અને ધીમે રહીને એનું બારણું ખોલ્યું. એક ક્ષણ સુધી તો બહાર ઉડી જવાનું પોપટને સુઝ્યું પણ નહિ. એ તો હેબતાઇ જ ગયો હશે. બીજી ક્ષણે પાંજરાની સળી પરથી



શહાણું માણસ લાભત નાહીં. આપણી ચીમી આટલી હોશીઆર છે તે કેમ કરીને ઝાઝી જીવશે એ ચિંતા મારા મનમાં પેઠી છે.' પણ આક્કાનાં આ વચન આક્કાને જ લાગુ પડવાનાં હતાં એ તે વખતે ન આક્કાના ધ્યાનમાં આવ્યું, ન આઇના.

અમે શાહપુરમાં આવ્યાં છીએ. બીસેનું ઘર એ અમારૂં મોસાળ. ત્યાં અમે રહેવા આવ્યાં છીએ. આક્કા કંઇક

કુદી પડી બારણામાં બેઠો અને ત્યાંથી ભરરરરરર આકાશમાં ઉડી ગયો. આક્કાની આંખમાં આનંદનાં ઝળઝળીઆં આવ્યાં. થોડા જ વખત પછી પોપટ પાછો આવ્યો; પાંજરા પર બેઠો વિષ્ણુ કહે, 'એ તો જવાનો નથી. ચાલ, એને ધીમે રહીને પકડી પાંજરામાં પુરી દઉં.' આક્કાએ ચોખ્ખી ના પાડી. પછી રોજ એ પોપટ સીતાફળીના ઝાડ પર આવીને બેસે. કેળું કે મરચાં આપીએ તે ખાય અને ઉડી જાય. આમ એકાદ મહીનો ચાલ્યું હશે. વખત જતાં એ પોપટ બીજા પોપટ સાથે ભળી ગયો, અને પછી તો અમારી પાસે આવતાં ડરતાં શીખ્યો.

થોડા જ દિવસ પછી બેલગામથી આક્કાના વર અમારે ત્યાં આવ્યા. અણ્ણા જેટલી જ એમની ઉમર હશે, છતાં પિતાશ્રી એમને નાઇક કહીને માનથી બોલાવતા. તેમને હાથ ધોવા પાણી પોતે આપતા. પિતાશ્રી આવા જુવાનની આટલી ખુશામત કેમ કરે છે એ હું સમજી શકતો નહિ. મને તો બધું અજુગતુ જેવું લાગતું. તેમનું નામ પણ હું ભુલી ગયો છું. તેઓ બહુ બોલતા નહિ, અમારી સાથે ભળતા નહિ, [illegible] જમતી વખતે બહુ ઓછું ખાતા, એટલું યાદ છે.

[illegible] એ આક્કાની દીકરી. ખુબ રમતીઆળ. [illegible] રમકડું. એની ઉમરના પ્રમાણમાં ખુબ ડહાપણ બતાવે. આક્કા એને રમાડતાં રમાડતાં કોકકોક વખત ખિન્ન થાય અને આઇને કહે, 'આઇ,

માંદી છે. અમારી મોટી મામી રોજ સવારે ઉઠીને પેજ (ચોખાની ઘેંશ) તૈયાર કરતી, અને અમે બધા હારબંધ મોટી પંગતમાં જમવા બેસતા. શાકને બદલે કોળાની બનાવેલી વડી અમને તળીને આપતાં. સતારામાં હમેશાં ચોખાના લોટની વડી ખાવાને હું ટેવાએલો. મને આ પતકાળાની વડી શાની ભાવે? મેં મારો અણગમો નીચે પ્રમાણે માગીને જણાવ્યો: 'અમારે ત્યાંની વડીઓ કાવ્ કાવ્ બોલે છે; તમારે ત્યાંની ચીવ્ ચીવ્ બોલે છે. માટે મને તમારી વડી નથી ગમતી!'

આ મારૂં કાવ્ય બધે ફેલાયું. થોડા જ દિવસમાં ઘરમાં બધે ગમગીની ફેલાઇ ગઈ. આક્કાને સખત તાવ આવવા લાગ્યો. ડાકટરે કહ્યું કે 'નવજ્વર' (ટાઇફૉઇડ) છે. સુવાવડ પછીનો ટાઇફૉઇડ. પછી પુછવું જ શું? એક દિવસ અમને સવારે ઉઠતાંવેંત સામેના ઘરવાળાને ત્યાં જમવાનું નોતરૂં મળ્યું. અમે બધા છોકરા ત્યાં જમવા ગયા. કોણ જાણે શા કારણે અમને આખો દિવસ ત્યાં ને ત્યાં જ રોકી રાખવાના પ્રયોગો થવા લાગ્યા. હું ઘેર જવાની વાત કરૂં એટલે કોઈ મોટો છોકરો રોકીને મને કહે, 'ચાલ તને એક વાર્તા કહું.' વાર્તા પુરી થાય એટલે કોઈ ગાય. આખરે સાંજ પડવા આવી. હવે મને લાગ્યું કે આખો દિવસ અમને અહીં ગોંધી રાખવામાં કંઇક ભેદ છે. હું કંટાળીને રોવા લાગ્યો. સમભાવને કારણે

ગોંદુ પણ રોવા લાગ્યો. અમારા મેજબાન છોકરાઓ અકળાયા. તેમણે એક નાટક ભજવવાનું નક્કી કર્યું. એક લાંબો ફેંટો માથે બાંધી એનો એક છેડો નાકથી નીચે લટકતો રાખ્યો. આવી રીતે સુંઢવાળો દુંદાળો દેવ તૈયાર થયો. બેચાર સાવરણીઓ ભેગી બાંધી તેની મોરની કળા બનાવી મયૂરવાહની સરસ્વતી પણ તૈયાર થઈ. અને પેલા કુદવા લાગ્યા.

નાટક તો લાંબું લાંબું ચાલ્યું, પણ કેમે કર્યો રસ જામે જ નહિ. એટલામાં બીજા એક પડોશના છોકરાએ આવીને મને કહ્યું, 'તારો બાપ પોક મુકીને રૂએ છે.' મને એ વચન અપમાન જેવું લાગ્યું. મારા પિતાશ્રી વળી રોતા હશે ? જનમભરમાં એવું કોઇ કાળે બન્યું નથી. મેં ચીડાઇને એને કહ્યું, 'તું જુઠો છે.' છેવટે નવ વાગે અમને ઘેર લઈ ગયા. ત્યાં બધે ગમગીનીની શાંતિ હતી. કોઇ કોઈની સાથે વાત ન કરે. સ્મશાનમાંથી પાછા આવેલા ડાઘુઓ ગરમ પાણીએ નહાતા હતા એટલી જ હીલચાલ ઘરમાં દેખાતી હતી. એક ખુણામાં ચોખાની ભરેલી અડધી ગુણ ઉભી હતી તેના પર પિતાશ્રી એક પાતળો ખેસ ઓઢીને બેઠા હતા, છતાં ટાઢે ધ્રુજતા હોય એમ જ લાગતું હતું. મને ખોળામાં લઇ દુઃખી અવાજે કહેવા લાગ્યા. 'દત્તુ, આપણી ભાગુ (ભાગીરથી) આપણને છોડી દૂર ગઈ.' હું કંઇ સમજું નહિ કે થયું છે શું ? દૂર એટલે ક્યાં સુધી ? શા માટે ? પિતાશ્રી આટલા દુઃખી કેમ છે ? ઘરમાં કેમ કોઇ કોઇની સાથે બોલતું નથી ? પિતાશ્રી ફરીફરી એક જ વાત કરે. 'આપણી ભાગુ આપણને છોડી દૂર ગઇ છે.'

હું અંદર ગયો. મેં જોયું કે આઇ સોડ તાણીને સુઈ ગઈ છે. મને શી ખબર કે સુતી નથી, પણ વજ્રાઘાતથી બેભાન થઈ પડી છે ! મારી માસી એની પાસે બેઠી હતી. મને જોઇને એ રોવા લાગી. મામા એના પર ચીડાયા. કહે, 'તું રોવા લાગે તો છોકરાઓ શું કરે ?'

રાત જેમતેમ વીતી. બીજે દિવસે આઈ કંઈ ખાય નહિ. કોઈનું કહ્યું માને નહિ. છેલ્લા ઈલાજ તરીકે રામમામા મને આઇ પાસે લઇ ગયા. એમણે મને કહ્યું, 'તારી આઇને કહેજે કે મારા ગળાના સમ તું ન જમે તો.' હું કહેવા જતો હતો, પણ આઇએ દૃઢતાપૂર્વક કહ્યું, 'દત્તુ, એવું કંઈ બોલીશ મા.' માતૃભક્ત દત્તુની જીભ પછી ઉપડે જ શાની ? સૌ મારી પર ચીડાયાં. રામમામાનો તિરસ્કાર સ્પષ્ટ દેખાતો હતો. પણ હું ન બોલ્યો તે ન જ બોલ્યો.

'શહાણું માણુસ લાભત નાહીં' એ આક્કાનું વચન આખરે આક્કા વીશે જ સાચું પડ્યું. આઈ રોજ એ વચન સંભારે અને રૂએ. આક્કા વીશે મારાં પ્રત્યક્ષ સ્મરણો તો આટલાં જ ગણાય. છતાં નાનપણથી એ સ્મરણોનું જ ધ્યાન કરીકરીને તેને હું પોષતો આવ્યો છું. સાધારણ રીતે હીંદુ કુટુંબમાં દીકરીઓ તરફ બેદરકારી જ હોય છે. દીકરા તેટલા વહાલા અને દીકરી તેટલી અળખામણી, એ માન્યતા અનેક પ્રાંતમાં છે. અમારા ઘરમાં આક્કાની સ્થિતિ સ્પૃહણીય હતી. માણસની લગભગ બધી શુભ વૃત્તિઓ કૌટુંબિક વાતાવરણમાં જ ખીલે છે. તેમાં પણ મા પછી જો ભારેમાં ભારે કોઇની અસર થતી હોય તો તે બહેનની છે. માણસનો મા સાથેનો સંબંધ તેમજ સ્ત્રી સાથેનો સંબંધ એકાંતિક અથવા અસાધારણ હોય છે. દીકરીનો સંબંધ પણ એવો જ હોય છે. પણ સંબંધ સહેલાઇથી વ્યાપક થઇ શકે, આખી સ્ત્રીજાતિનો અંતર્ભાવ કરી શકે એવો સંબંધ તો ભાઇબહેનનો જ. હું સમજણો થયો એના પહેલાં જ મારી બહેન ગુજરી ગઇ, તેથી જીંદગીનો મારો એ વિભાગ શૂન્યવત્ થઈ ગયો છે. સ્ત્રીઓને હું દૂરથી પૂજું છું, પણ તેમની સાથે સ્વાભાવિક રીતે સંબંધમાં આવતાં મને આવડતું જ નથી. ભગિનીપ્રેમની ભુખ રહી જ ગઇ છે. જેમજેમ જીવનની વ્યાપકતા અને સર્વાંગસુંદરતાનો આદર્શ બંધાતો ગયો છે તેમતેમ મારે એક બહેન હોય તો કેવું સારૂં એવો વિચાર મનમાં આવી મન ઝુરે છે. એમાં પોતાને બહેન ન ન હોવાને કારણે નવી બહેન મેળવતાં ન આવડે એ મુશ્કેલી છે જ. [redacted]. મારા આદર્શ પ્રમાણે પૂજનીય એવી કેટલી યે બહેનો હું જોઉં છું. તેમના પરિચયથી હું

જરૂર પાવન અને ઉન્નત થઇશ એવી મનને ખાતરી થાય છે પણ . . . .

હૃદયની ભુખ તો આક્કાના પવિત્ર સ્મરણથી જ શમાવવી રહી.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

બ્હેનબા

'હમર લ્યો'ના ગીતનો ઢાળ

અમર રૂહો . . . . બ્હેનબા અમર રૂહો;
ભાઇની બ્હેની અમર રૂહો,
પ્રાણની વેણી અમર રૂહો:
અમર રૂહો . . . . બ્હેનબા અમર રૂહો.
માતની ઘેલી અમર રૂહો,
હેતની હેલી અમર રૂહો:
અમર રૂહો . . . . બ્હેનબા અમર રૂહો.
હૃદય – કંકાવટી અમર રૂહો,
જગત–વિધાતરી અમર રૂહો:
અમર રૂહો . . . . બ્હેનબા અમર રૂહો.

જરા ઉપયોગનું

ગુંદરમાં રસકપુર નાખવાથી તે ગંધાતો કે બગડતો નથી.

હાથપર ગમે તેવા ડાઘ પડયા હોય; બાફેલા બટાટા વડે હાથ ખુબ ચોળીને ધોઈ નાખજો. સાફ ને સુંવાળા થઇ જશે.

ચુલેથી ઉતારેલા ઇનૅમલના ગરમ વાસણમાં કદિ તરત ટાઢું પાણી ન રડેતા; એથી ઇનૅમલ ફાટીને ઉખડી જાય છે.

દુધ ગરમ કરતાં પહેલાં વાસણમાં થોડું ઘી ચોપડશો તો દાઝીને ચોંટી નહિ જાય.

કાનમાં પાણી ગયું હોય તો બીજું થોડું પાણી કાનમાં નાખી એકદમ કાન નમાવી દેવાથી બધું પાણી નીકળી જાય છે.

ઉનાળાની ઋતુમાં શીખંડ ખાવાથી પાણીની તરસ વધારે લાગે છે. અને વધારે પાણી પીવાથી પેટ તણાય છે. પરંતુ જે વાટકી કે પડીઆમાં શીખંડ જમ્યા હોઇએ તે ખાલી થતાં તેમાં થોડું પાણી નાખી તે વાટકી ધોઈ પાણી પી જવાથી તરશ લાગતી નથી.

ભેંશનું ઘી શીઆળામાં ખુબ ઠરી જાય છે. તે ઘી હાથ વડે કાઢતાં નખમાં ભરાઈ જાય છે. તે ફાંસ સોયથી કે હજામની નેરણીથી નથી નીકળતી. તેનો ઉપાય એ છે કે તે આંગળી ઉના પાણીમાં થોડીવાર બોળી રાખવાથી ઘી પ્રવાહી રૂપે નીકળી જશે.



મેંદીનાં પાન

તમારૂં મોં ઉજળું કરવા માટે, રખે પારકાનાં મો પર મેશ ઘુંસતાં.

તમે પૈસાદાર હો કે ગરીબ, ઉંચી મેડીઓમાં રહેતા હો કે મેલી ઝુંપડીમાં, ખાવાને મીઠાં ભોજન હોય કે સુકા રોટલા: કશાયની બહુ પરવા ન કરશો. માત્ર એટલું જોજો કે તમારામાં પ્રમાણિકપણું છે કે નહિ. કારણકે એ જ જીવનનું સાર્થક છે

ક્રૂર થવાના ગેરફાયદા જાણવા હોય તો એક જ દિવસ તમે તમારા પર ક્રૂર થઇ જોજો.

જે દિવસે તમે જરા યે ન હસો એ તમારી જીંદગીનો સાવ નકામો દિવસ ગણજો.

કદિ મીજાજ ન ખોઇ બેસતાં. કારણકે એનો અર્થ તો એ થયો કે અંતરની શાંતિ, મનનો સંયમ, વિચારની સરળતા અને આત્માની ઉદારતા—એ બધું એકસામટું ખોવાને તમે તૈયાર છો.

આજની કીંમત આવતી કાલથી બમણી છે; માટે જ આજે બને તે કાલ માટે ન રાખી મુકતા.

ખરો મિત્ર એ જ કે જે સુખનો ગુણાકાર કરે ને દુ:ખનો ભાગાકાર.

તમને શત્રુ માનતા હોય તેમના પણ મિત્ર થવાને યત્ન કરજો. વૃક્ષો પથ્થર મારનારને ફળનાં જ દાન કરે છે.

સવાલો પુછતાં કદિ ગભરાશો નહિ. જ્ઞાન મેળવવાનો એ જ ખરો રસ્તો છે.

ચહેરો એ મનની આરસી છે: અને વાણી એ અક્કલની.

હોજરી એ રંગભૂમિ નથી પણ મંદિર છે, એટલું યાદ રાખે તો ઘણાં યે માણસો તન્દુરસ્ત રહે.

પ્રભુ પિતાથી જે ડરનાર, સત્ય ધર્મને આચરનાર;
કર્તવ્યે મસ્તક મુકનાર, વંદન તેને વારંવાર.



વાળ એ શરીરનો એક ઉપયોગી કુદરતી શણગાર છે. એકલું ગોળ, લંબગોળ, ખાડાખબડાવાળું માથું બેડોળ દેખાત, પણ માથા ઉપર વાળ હોવાથી એ ઘાટીલું ને રૂપાળું થયું છે. એ ઉપરાંત મસ્તક એ શરીરનું 'ઉત્તમાંગ' અને કોમળ ભાગ હોઇને બહારની ઇજાથી વાળ એનું રક્ષણ કરે છે.

વાળનું સૌન્દર્ય તમે જાણ્યું છે ? કોઈ કવિએ કહ્યું છે કે દમયંતીના વાળની શોભા જોઇને શિવજી પોતાની જટા સંકેલીને કૈલાસે જઈ વસ્યા ! કેટલાક કવિઓએ વળી પદ્મિની સ્ત્રીના કેશકલાપને શેષનાગની ઉપમા આપી છે.

સૃષ્ટિમાં બને છે તેમ, વાળની પણ ઉગવાની, વધવાની અને ખરી પડવાની ક્રિયાઓ ચાલુ જ રહે છે. પણ વાળ જથ્થાબંધ, મજબુત અને લાંબા હોય તો તે પુરી તંદુરસ્તીનું ચિહ્ન છે. પાતળા અને ટુંકા, આછા અને બરડ વાળ એ શરીરની રોગીલી દશા સુચવે છે.

તાવ અને ઓરી જેવાં ચેપી દરદોથી વાળ એકદમ ઉતરી જાય છે ખરા, પણ પાછા ઉગી આવે છે. ક્ષય, અતિશય ચિંતા અને અનહદ માનસિક શ્રમને લીધે પણ વાળ ઉતરવા માંડે છે અને વહેલા ધોળા થઇ જાય છે. એક વાર કોઇ બાઇને એના પતિ ગુજરી ગયાના ખોટા સમાચાર કહેવામાં આવ્યા. આ ચિંતાને લીધે એક જ રાતમાં એના બધા વાળ સફેદ થઈ ગયા હતા !

વાળ એ કુદરતની બક્ષિશ છે અને માણસને તેનો સારો-નરસો ઉપયોગ કરવાને હક છે. કોઇ માણસ બેડોળ દેખાવા ઇચ્છતું નથી. સૌને સુંદર બનવાના કોડ હોય છે અને એ બરોબર છે. ચોખ્ખાઈ અને વ્યવસ્થા વડે સુંદર થવું ને કરવું એ માણસજાતનો ધર્મ છે.

વાળમાં મેલ, ધુળ કે ગુંચ ભરાઇ રહે એ સુંદરતાની નજરે અવિવેક છે; લીખ કે જુ પડે તે અપરાધ છે; અને એ જંતુઓને મારી નાખવાં એ અવિવેક, અપરાધ અને પાપની પરાકાષ્ટા છે.

પણ વાળને લીસા, ચળકતા, સુંવાળા, લાંબા અને મજબુત રાખવાને આપણે શો યત્ન કરીએ છીએ ? આપણે વાળ તરફ બહુ બેદરકાર છીએ, કારણકે આપણને સુંદરતાનું ખરૂં ભાન ઓછું છે. ઘણાક તો માથે 'વ્હાઇટ ઑઇલ' (ઘાસતેલ) ભેળવેલાં, પાણી જેવાં, અતિ સુવાસિત, સોંઘાં બજારૂ તેલ નાખે છે. એવાં તેલનું દ્રવ્ય—ઘાસતેલ ગુણે ગરમ છે, તેથી વાળનાં મુળ ઢીલાંનબળાં પડી જાય છે. ઘણીવાર તો એને લીધે ભરજુવાનીમાં વાળ ધોળા પુણી જેવા થઇ જાય છે !

આપણામાંનાં કેટલાં યે જણ વાળની સંભાળ કેમ રાખવી એ સમજતાં નથી. ઇશ્વરે કોઇક હેતુસર વાળ આપ્યા હશે એવો ખ્યાલ સુદ્ધાં આપણને આવતો નથી. આ નરી જડતા નહિ તો બીજું શું ? કોઇ વસ્તુ સુંદર હોય અને એની સુંદરતા જોવાને આંખ ન હોય એ કેવડો અનર્થ !

અંગ્રેજી સાતમા ધોરણમાં કોઇ એક વિદ્યાર્થી હતો. એને વાળનો શોખ, પણ તેની સંભાળ લેવાના સોગંદ. જુઓ તો માથા ઉપર વાળનાં ગંઠાઇ ગએલાં ઝટીઆં ઉડે, અને અંદર અધોળ જેટલી ધુળ જામી હોય ! શાળાના મુખ્ય શિક્ષકે એકવાર એને કહેલું કે 'વાળ રાખો તો તેમને સ્વચ્છ ને સુંદર રાખો.'

માથા ઉપરથી તમે એક વાળ ખેંચી કાઢશો તો જણાશે કે વાળના બે ભાગ છે. એક તો ચામડીની ઉપરનો અને બીજો ચામડીની અંદરથી નીકળેલો. એ અંદરથી

નીકળેલા ભાગની આસપાસ એક શીશીના આકારનો ચીકણો પદાર્થ વીંટેલો હોય છે. પણ વાળના આ બંને ભાગ મુડદાલ છે, જડ છે, નિર્જીવ છે. વાળનું ખરું મુળ તો બહાર આવ્યું જ હોતું નથી. એ અંદર રહેલું મુળ જીવતું હોય છે અને તે આખા વાળનાં આરોગ્ય ને વધ સારુ કામ કરે છે. વાળના ખરા મુળ સાથે એક કોથળી જેવો ભાગ જોડાએલો હોય છે; જેમાં વાળને સારુ જોઇતો ચીકણો પદાર્થ ભરેલો હોય છે. એ પદાર્થ વાળને બરડ થતા અટકાવે છે.

વાળનું બંધારણ કોઈ ઝાડની ડાળને વધુ મળતું આવે છે. વાળની વચ્ચોવચ્ચ ગરનો ભાગ અને તેની ઉપર એક પછી એક એમ બે પડ હોય છે. આ બે પડ વાટે વાળને માટે ચીકણો પદાર્થ ચડે છે અને તેમાં હવાના પરપોટા જેવી ખાલી જગાઓ રહે છે. બેઉ પડોને લીધે વાળની સપાટી આંકા આંકાવાળી બને છે.

માણસના માથા ઉપર સરેરાશ ૧૨૦,૦૦૦ જેટલા વાળ ઉગે છે. કાળા વાળ કરતાં ભુરીઆ વાળ વધુ બરડ અને સંખ્યામાં ઓછા હોય છે. સ્ત્રીનાં છુટા વાળનું વજન આશરે આઠ ઔંસ થાય છે. વાળની જીંદગી લગભગ ૧૨૦૦ થી ૧૬૦૦ દિવસની માલુમ પડી છે.

કેટલાંક કુટુંબોમાં મોટપણે 'ટાલ' પડવાનો વારસો ઉતરતો આવે છે. તેમણે વાળની ખાસ સંભાળ લેવી જોઇએ. ખાસ કરીને વાળની માવજત બાળપણમાંથી લેવાય તો જ સારું. પહેલું તો એ કે વાળને સાફ રાખો. આવી ચોખ્ખાઈ રાખવાને લીધે વાળમાં નિયમિત રીતે પેલો ચીકણો પદાર્થ ચડશે અને તેથી કરીને વાળ કોમળ, મજબુત અને તાજા રહેશે. જો મેલ વગેરેથી વાળનું મુળ દબાઈ જાય છે તો એ પદાર્થ ઉપર ચડી શકતો નથી, એટલે વાળ બરડ, નબળા અને ભુખરા બને છે અને પરિણામે પુરું પોષણ ન મળવાથી વાળનું મુળ ઢીલું પડી તે ખરવા માંડે છે.

માથાના વાળ સાફ કરવામાં ઘણાએક લોક ચરબીવાળા, અતિ ક્ષારવાળા કે તમતમતા સાબુઓનો ઉપયોગ કરે છે એ સારું નથી. ક્ષીણ થવા માટે ચીકાશવાળા પદાર્થની અને મેલ કાપવા માટે ક્ષારની અમુક અંશે જરૂર તો છે; પણ તેઓ માપસર અને ચોખ્ખા હોવા જોઇએ. વનસ્પતિમાં ક્ષાર અને ચીકાશવાળી ચોખ્ખી વસ્તુઓ મળી આવે છે. અરીઠાં અને આમળાં એમાંનાં મુખ્ય છે અને લાંબા વખતથી આપણે તેમનો વાપર કરીએ છીએ. ઉંચી જાતના સાબુનો ઉપયોગ પણ સારો છે.

અમુક તેલ ખરીદવાથી કે અમુક દવા વાપરવાથી વાળ જથ્થાબંધ ગુચ્છાદાર વધી પડશે એવી એવી બધી જાહેર ખબરો ખોટી માનજો. વાળને ઉપરઉપરથી લગાડેલ તેલ-દવાઓની અસર નજીવી છે; કારણકે વાળનો માથા ઉપરનો અને માથાની અંદરનો પોણો ભાગ તો તદ્દન જડ છે.

તોપણ એ વાળ વધારનારી વસ્તુઓ સાવ નકામી તો નથી. વાળ વધારવાની શક્તિ એ તેલ કે દવાનાં દ્રવ્યોમાં હોય તેના કરતાં વધુ તો વાળનાં મુળમાં એમને ઉતારવાની રીત ઉપર છે. એવાં તેલ કે દવાઓ વાળ પર ચોપડવાથી વાળ નથી વધતા. પણ એને ધીમે ધીમે ખુબ ઘસીને વાળનાં મુળ સુધી અંદર ઉતારવાં જોઇએ. આ દ્રવ્યો વાળની અંદર ઉતરવાને લીધે લોહી વિશેષ વેગથી ફરવા માંડે છે અને તેથી વાળનાં મુળને સારા પ્રમાણમાં પોષણ મળ્યાં કરે છે.

વાળમાં લીખ કે જુ પડે છે તે માથામાં ખરજ પેદા કરે છે અને તેમાંથી માથાનાં દર્દ થાય છે. વળી જુ એ ચેપ ફેલાવનાર જંતુ છે. વાળ જો રોજ ચોખ્ખા રહેતા હોય તો લીખ-જુ પડવાનો વખત આવે નહિ.

દરેક જણે દરરોજ કેશસંસ્કાર (ટૉઇલેટ) તો કરવા જ જોઇએ. વાળને ધોવાથી, મસળવાથી, સુકા કરવાથી, છુટા મુકવાથી અને કાંસકી તથા બ્રશ વડે હોળવાથી તેઓ વધે ચડે છે, તેમનો કુદરતી ચળકાટ ટકે છે, માથાની ચામડીને પુરતી તાજી હવા મળે છે અને વાળનાં આરોગ્ય, સૌન્દર્ય અને સુંવાળપ જળવાઈ રહે છે.

માથાને તાજી હવા મળવા સારુ વાળને છુટા મુકવાની ઘણી જરૂર છે. આ સારુ છોકરાઓએ

ખાસ અમુક વખત માથું ઉઘાડું રાખવું અને બહુ લાંબા વાળ રાખવાનો મોહ છોડી નિયમિત વાળ કપાવતા રહેવું. કન્યાઓ પોતાના ભીના વાળ સૂર્યના કુમળા તેજમાં કે આછા ઉજાસમાં સુકવી સાફ કરે. સૂર્યપ્રકાશ જંતુવિનાશક છે એટલું જ નહિ, પણ વાળને મજબુતી અને વધ આપનાર ઉત્તમ દ્રવ્ય છે. નહાયા પછી ભીના વાળ એની મેળે સુકાવાની આશાએ બેદરકારીથી બાંધી મુકવા કે છુટા રાખી મેલવા એ શરદીને નોતરવા જેવું છે. અને તાતા તડકામાં બેસવું કે ઉઘાડે માથે પવનના ઝપાટા ખાવા એ એટલું જ નુકસાનકારક છે.

વાળ વધારવાની યે રીત છે–વિદ્યા છે–કળા છે. એમાં ખાસ સંભાળ અને કોમળતા જોઇએ છે. કેટલાક તો ઓળતી વેળા વાળની ગુંચો કાઢતાં કંટાળી જોરથી વાળના ગુચ્છેગુચ્છા ઉતારી ઢગલો કરે છે! થોડા વખતમાં આ અઝડાઈથી વાળની સઘળી સુંદરતા નષ્ટભ્રષ્ટ થઈ જાય છે.

વાળ ધોવાની નીચલી રીત ધ્યાનમાં લેવાજોગ છે. પ્રથમ તો વાળને અને માથાની ભોંને ગરમ પાણીથી પૂરાં ભીંજવો. પછી એક પહોળા મોંવાળા વાસણમાં ઉંચી જાતના સાબુ કે અરીઠાનાં પુષ્કળ ફીણ કરો. અને તેમને વાળમાં આંગળીઓનાં ટેરવાં વડે ઘાલી માથાની ભોં સુધી ઉતારો. પછી વાળ થોડીવાર ચોળીમસળી ઉના પાણીના એકધારા પ્રવાહથી બધાં ફીણ ધોઈ કાઢો. ત્યારપછી ટંડા પાણી વડે માથું ધોઇને લટેલટમાંથી પાણી નીતારી લેવા ન ચુકો. સંભાળ રાખો કે ફીણવાળું પાણી મુદ્દલ માથામાં રહેવા ન પામે. પછી રૂંછાવાળા, ભેજચુસ અને સુકા (બને તો થોડા ગરમ કરેલા!) ટુવાલથી વાળ સુકા કરો.


કન્યાઓએ ઓળવા અગાઉ વાળને પુરેપુરા સુકા કરવા જોઇએ. ધોવાને લીધે વાળમાંથી જે તેલી પદાર્થ નીકળી ગયો હોય તેને બદલે થોડું 'બ્રિલિઅન્ટાઈન' કે સારૂં ધુપેલ નાખ્યું હોય તો ચાલે; –પણ થોડું વાળના મુળમાં કુદરતી એટલો ચીકણો પદાર્થ થાય છે કે સામાન્યપણે 'પૉમેડ' કે 'વેસેલીન' વાપરવાની જરૂર રહેતી નથી. ખાસ કરીને તો પુરુષોએ જ લાંબા લાંબા વાળ રાખી પૉમેડનો વાપર વધારી મુક્યો છે; પણ તે વાળને નુકસાનકારક છે.

નાના બાળકનું માથું દરરોજ સંભાળથી ધોઇને સુકું કરવું જોઇએ. છોકરાઓએ ઓછામાં ઓછું ત્રણ દહાડે એકવાર માથું ધોવું જરૂરનું છે; અને કન્યાઓએ ૮થી ૧૨ દિવસે. મહીનામાં બહુ વાર માથું ધોઈ કાઢવાની જરૂર નથી. જો માથું વહેલું ચીકણું-મેલું થઈ જતું હોય તો વાળની સંભાળમાં તમારી બેદરકારી કે ખોડ માનજો. દરરોજ ચીવટ રાખી તમે નિયમસર વાળ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખતાં હશો તો કદી બહુ વાર માથું ધોવાની જરૂર રહેશે નહિ.

દિવસમાં બેચાર વખત અને રાતે સુતાં પહેલાં વાળ ઓળવાની ટેવ રાખશો તો વાળ પણ તમને આજ્ઞાંકિત રહેવા ટેવાઈ જશે.

માથામાં દરરોજ એકવાર તેલ નાખવું સારૂં છે. તેલને લીધે વાળ કાળા અને કુંળા પડે છે અને કુદરત તેને ઓપ ચડાવે છે. માથામાં તેલ સીંચવાની એક શીખવા જેવી સારી રીત છે. આંગળાંનાં ટેરવાં વડે તેલ લઇને તેમને કાન પાછળના ભાગ આગળથી ધીમે દાબે વાળમાં ભેરવવાં શરૂ કરવાં અને ચળકાટ આવે ત્યાં લગી આખા માથામાં ફેરવવાં.


વાળે વાળે અને મુળે મુળે તેલ ઉતારવા સારૂ



રંગોળીનાં ચિત્રો

એક નવી ઈનામી હરીફાઈ

'કુમાર'ના ગયા (૮મા) વીરપસલી અંકમાં રંગોળીનો લેખ વાંચ્યો હશે તે રંગોળીથી અજાણ નહિ જ હોય. રંગોળીનાં પોતાને નવાં સુઝે તેવાં સુંદર ચિત્રો આ હરીફાઇ માટે 'કુમાર' વાંચનાર ભાઇઓ અને બહેનો મોકલે. શરતો માટે જુઓ પાનું ૩૦૬



વાળની લટો પાડી સેંથીએ સેંથીએ તેલ પુરો અને ધીમે ધીમે હાથે ઘસી, વાળ ચોળી અંદર ઉતારો. પછી એક સાધારણ સહેવાય તેવો સહેજ ગરમ ટુવાલ વાળ ઉપર લપેટો. ટુવાલની ગરમી વાળના તેલમાં ઉતરશે અને તેથી તેલ એકેએક ભાગમાં પ્રસરી જશે. થોડી જ વારમાં તમારા વાળ લીસા ચળકતા થશે.

વાળ ઓળવાની કાંસકી કે દાંતીઆના દાંતા પોચા, ઠીકઠીક ઘટ અને છતાં સરખે અંતરે છુટા હોવા જોઇએ. કાંસકી કે દાંતીઓ ગુંચ કાઢીને વાળને સીધા કરે છે અને સેંથી પાડવાની અનુકુળતા આપે છે. કાંશકી—દાંતીઓ કાંઈ માથાનો મેલ કાઢવા સારૂ નથી. વાળે વાળે તેલ પુરાઈ જાય અને વાળનાં મુળ તેલ પી તર થાય એ ખાસ જોવાનું છે. તેલ વગરના કોરા કડક વાળ ખુબ તણાય છે અને એથી માથાની શિરાઓ ખેંચાએલી રહે છે. એની માઠી અસર કાન અને આંખોના જ્ઞાનતંતુઓને લાગે છે. પરિણામે કપાળ ધગેલું જ રહે છે.

નીરોગી રહેવાનું એક ચિહ્ન શાન્ત શીતળ મગજ છે. માથાનું તાળવું એવું પોચું ને કોમળ મર્મસ્થાન છે કે એની અસર આખા યે શરીરમાં પહોંચે છે. એ તાળવાને તેલ સીંચી શીતળ રાખો એટલે આંખ, કાન, લલાટ અને દાંતની નસો શાન્તપણે પોતાનું કામ કરતી થશે. યંત્રના ચાલતા ભાગોને જેમ તેલ ઉંજવાની જરૂર છે તેવી જ જરૂર આ શરીરયંત્રનાં અંગોને પણ સમજવી.

યુરપ અમેરિકાની સ્ત્રીઓ પોતાના વાળ વધારવાની ખુબ કાળજી કરે છે અને તેમનું પદ્ધતિસર જ્ઞાન મેળવી પુરી સંભાળ લે છે. તેઓ ખાસ ઔષધિઓવાળા 'વૅાશ'થી વાળ ધુએ છે અને તેલ નાખી બ્રશ કરે છે. આપણે ત્યાં બ્રશ વડે વાળ સાફ કરવાનો રીવાજ નથી. પણ બ્રશથી વાળ એકસરખા, સપાટ, સીધા, વ્યવસ્થિત, લીસા અને ચળકતા બને છે; વાળ વચ્ચે અંતર પડે છે તેથી માથાને તાજી હવા પણ મળી શકે છે. વળી બ્રશ કરવાથી માથે જરા ગરમી ભરાય છે, વાળમાં તેલી પદાર્થ સરખી રીતે પથરાય છે, બહારથી પડેલાં રજકણ નીકળી આવે છે અને મનપસંદ રીતે વાળને વાળી શકાય છે.

મોટાં માણસોએ પોતાના વાળ દરરોજ એકવાર 'બ્રશ' કરવા જોઇએ; પણ માથાનું બ્રશ ખાસ કરીને નરમ રૂંછાંવાળું હોવું જોઇએ. અને વાળ ઓળી લીધા પછી બ્રશનાં રૂંછાંને તથા કાંશકી કે દાંતીઆને પણ ગરમ પાણીથી ધોઈ કાઢવા ભુલવું ન જોઇએ. અને તેમને જરા પણ રજ ન પડે એવી જગાએ ગોઠવીને મુકવાં જોઇએ.

કેટલાંક બૈરાં વાળ ગોઠવાએલા અને ધુળરજ વિનાના રહે તેટલા સારૂ માથા ઉપર વસ્ત્ર બાંધી રાખે છે. પારસીઓમાં આવાં 'માથાબાનાં'નો ખાસ વાપર છે. કેટલીક નાની બાળકીઓને પણ માબાપો આવી સજા ફરમાવે છે. પણ આથી તો વાળની અને માથાની સુંદરતા ઢકાઈ જાય છે, અને ઘણી વાર નુકસાન પણ પહોંચે છે. એટલે આ રીત પ્રસંગ વગર પસંદ કરવાજોગ જણાતી નથી.

તમારા ગુંથેલા વાળ ઉપર રજ પડી ગઈ હોય તો વાળને ફરી ધોઇને સાફ કરવાની ખાસ અગત્ય નથી. એક સુતરાઉ કાપડનો કટકો લો અને તેને તમારા બ્રશ ઉપર પાથરો. પછી એ કટકા સાથે

બ્રશ તમારા વાળ ઉપર ફેરવો. આથી કટકા ઉપર બધી રજ ચોંટી આવશે, તમારા વાળ સાફ થઈ જશે અને વળી બ્રશ પણ બગડશે નહિ.

વાળ ઓળવા બાંધવાની તરેહવાર રીતો પસંદ કરવાજોગ છે. એમાં કુળમર્યાદ લોપાઈ જવાની ખોટી ધાસ્તી રાખવી નહિ. શરીરની સાદી શોભા વધે એવી સઘળી રીતે વાળ ઓળવામાં કુળનો કશો વિવેક-ભંગ ન જ હોય. ઉલટું જુદીજુદી રીતે વાળ ઓળવાથી માણસનાં રૂપ અને વયમાં અજબ જેવો તફાવત પડી જાય છે.

ઘણાં જણ માથું ઓળતાં લલાટ ઉપરના વાળને ખુબ તાણીને ચપટા બેસાડી દે છે. વાળ ખુબ તાણી બાંધવાથી જ્ઞાનતંતુઓને નુકસાન પહોંચે છે, મસ્તક બેડોળ બને છે. જરા નરમ અને ચડઉતરીઆ વાળ વધુ મધુર અને રળીઆમણા દેખાય છે.

તમારા વાળ તરફ માયાળુ થાઓ.

વાળ વીશે
થોડીક વાતની ના

બહુ ખીચોખીચ કે બારીક દાંતાવાળી કાંશકી વાપરશો નહિ.

વાળાનું બનાવેલું કે સખત દાંતાવાળું બ્રશ વાપરશો નહિ.

એલ્યુમિનમ કે એવી બીજી કોઇપણ ધાતુનો બનાવેલ દાંતીઓ કે કાંશકી વાપરશો નહિ.

બહુ તીણા દાંતાવાળો અથવા જેમના દાંતાની સપાટી ખરબચડી હોય તેવો દાંતીઓ કે કાંશકી વાપરશો નહિ.

બ્રશ, કાંશકી કે દાંતીઆને માથા ઉપર જોરથી કદી બેસાડશો નહિ. એ બધાં વાળ ઓળવા સારૂ છે;—ઘસીને મેલ કાઢવા માટે નહિ.

ગુંચો ઉકેલ્યા વગર કદિ ઠેઠ માથેથી ઓળવા માંડશો નહિ. એથી ગુંચો ઉકલવાને બદલે લટો ઉતરી જશે. પહેલાં વાળના છેક છેડાની ગુંચો કાઢી નાખો; પછી એથી જરા ઉપરથી લઇને ઓળો; અને એમ ધીમેધીમે વધતા જઇ છેવટે ઠેઠ માથેથી માંડીને છેડા સુધી સળંગ ઓળો.

આમ કાંશકીથી ઓળાઇને વાળ સીધા, સરળ ખભા પર પથરાઇ ન રહે ત્યાં સુધી બ્રશનો ઉપયોગ કરશો નહિ.

વાળ ઓળતાં લીખ-જુ કદિ મારશો નહિ.

વાળ ઓળી લીધા બાદ તમારાં બ્રશ, કાંશકી, દાંતીઓ વગેરે ઉના પાણીમાં ધોઇને સાફ કરવાનું ભુલશો નહિ.

સ્વ૦ નૃસિંહદાસ વિભાકર



ગુજરાતના ચેતનવંતા જુવાનોમાં નૃસિંહદાસ વિભાકરનું નામ અ-જાણ્યું નથી. ૧૯૦૭ની એ તોફાની રાષ્ટ્રીય મહાસભામાં લોકમાન્ય તિલકનો પક્ષ લઇ ૨૦ વર્ષનો એક યુવક ચારેકોર ભાષણ આપતો ઘૂમતો હતો. લોક એનો ઉત્સાહ, એની શ્રદ્ધા, એની હીંમત સામે માનની નજરે જોઈ રહેતું.

જુનાગઢમાં જન્મી ત્યાંની જ હાઇસ્કુલ અને કૉલેજમાં કેળવણી પામેલા એ જુવાનને હૈયે નાનપણથી જ સાહિત્ય અને રાષ્ટ્રસેવાની ધૂન મચી હતી.

આ નૃસિંહદાસ વિભાકર વિલાયતથી બૅરિસ્ટર બની આવ્યા ત્યારે હુંપદનો પવન પણ સાથે લેતા આવ્યા. આ અપ્રશંસનીય હુંપદને અંગે જ એઓ પ્રશંસનીય કાર્યો કરવા પ્રેરાતા. એમનું હુંપદ એ જ એમનું વ્યક્તિત્વ. સાહિત્યક્ષેત્ર-માં, રાજદ્વારી વિષયમાં, જાહેર જીવનમાં હું કંઇક કરૂં, ઇશ્વરે મને કાર્ય કરવાને મોકલ્યો છે અને લોકો મારી શક્તિની કદર કરે એવી ભાવનાની છોળો એમના અંતરમાં ઉછળતી.

એમની હાજરી હોય ત્યાં સુધી તો એમનું વ્યક્તિત્વ સામા માણસ ઉપર ખુબ અસર કરતું. એમની વાણીમાં જાગ્રત પ્રેરણાભાવ ઉછળતો, એમની લેખનશૈલી ચપળ અને પ્રેરક હતી. એમનાં લખાણોમાંથી કોઇને જ્ઞાન ન મળે તો એની એમને પરવા નહોતી: વાંચક એ સાથે ખેંચાય તો બસ હતું. પોતે બૅરિસ્ટર તરીકે સફળ ન થયા એટલે પોતાની એ શક્તિનો ઉપયોગ એમણે જાહેર જીવનમાં કરવા માંડ્યો. ૧૯૧૭ની સાલ પછી ગુજરાતી હોમરૂલ લીગની ચળવળમાં એ અગ્રણી હતા. પોતાનાં મજબુત ફેફસાંથી એમણે સભાઓ ગજાવી અને ગુજરાતી વાણીમાં પણ જોસ આણી લોકોને હલાવી શકાય છે તે બતાવી આપ્યું.

એ ઉઘાડે છોગે કહેતા: 'મારાં નાટકો જુઓ. હું એમાં ભૂત કે ભવિષ્યની ચિંતાઓ લાવવા નથી માગતો. આજની વાત, આજના જ વિચાર એટલું જ મારૂં ધ્યેય છે.' અને આ વાત એમણે પોતાનાં નાટકોમાં અમલમાં પણ મુકેલી. એમના 'મધુબંસરી' નાટક પાછળ મુંબઇનો સમાજ ગાંડો-ઘેલો બન્યો હતો અને બેત્રણ વર્ષ સુધી તો એમનું નામ આપણી રંગભૂમિની દુનીઆમાં સૌની જીભે રમી રહ્યું હતું.

કોઇનાં પણ વખાણ કરવાં એ એમને અનુકુળ નહોતું. સર્વ વાતોમાં પોતે જ અને પોતાના જ વિચારો આગળ પડતા છે એમ એઓ બેટક માનતા અને મનાવતા. ગમે

તેટલી ચિંતા કે મુંઝવણ સામે ખડાં હોય તોપણ એ વેળાએ પણ વિભાકર ઉછળતા આશાવાદી રહેતા. દુનીઆના દરેક પ્રસંગની સાથે કુદી પડવું એ એમને મન જીંદગીની ખરી સફળતા હતી.

એમની વાતો કરવાની રીત પણ ભારે હતી. તેમની દલીલ ખોટી ઠરે પછી યે એ નમતું આપે તો એ વિભાકર નહિ.

'હીંદુસ્તાન'ના તંત્રી તરીકે તેમણે પહેલવહેલું શુદ્ધ ગુજરાતી દૈનિક પત્ર ચલાવ્યું. પછી વળી એ છોડી 'રંગભૂમિ' ત્રિમાસિક પણ વખત મળતાં શરૂ કર્યું – જેને આખર 'નવચેતન'માં ભેળવી દીધું. એમના લેખોનો સંગ્રહ 'આત્મનિવેદન' નામના ગ્રંથરૂપે પોતે બહાર પાડ્યો છે.

ગઇ ર૯મી જુલાઇએ ૩૮ વર્ષની વયે એમનું અવસાન થયું. ગમે તેમ પણ એ વ્યક્તિ ભુલવા જેવી નથી.

સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી



ગુજરાતી સાહિત્યમાં ઠરેલ બુદ્ધિના સાક્ષરો જોવા જતાં બહુ થોડા જડે. એમાં સ્વ. કમળાશંકરભાઇનું નામ મોખરે હતું. શાંત છતાં છેક સુધી સતત સેવા કર્યે જવાની એમની મૌન ધગશ માટે આપણે સૌ એમના ઋણી રહીશું.

એક વરસ પહેલાં ૬૯ ની પાકટ ઉમરે સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી એમણે આપેલા ભાષણમાં નવીન યુગને પ્રેરે એવાં બળો નહોતાં, પણ વૃદ્ધની ગંભીરતા હતી. વળી સારા શિક્ષક, કેળવણીકાર, વ્યાકરણશાસ્ત્રી અને લેખક તરીકે એમણે કરેલી ગુજરાતની સેવા ભુલવા જેવી નથી.

અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ અને ગુજરાત શાળાપત્રના તંત્રી તરીકેની એમની કારકીર્દિ ઉપરાંત એમના જીવનની એક યશસ્વી બાજુ એ પણ હતી કે મુંબાઇ અને પંજાબની યુનિવર્સિટીની સેનેટના સભ્ય અને પરીક્ષાઓના પરીક્ષક તરીકે પણ એ નીમાતા. અને ત્રિવેદી વાંચનમાળાના રચનાર પણ એ અને એમના પુત્ર જ.

ગયા માસમાં થએલા એમના અવસાનથી આપણે એક પાકટ અનુભવી અને વૃદ્ધ સાક્ષર ગુમાવ્યા છે.

પુસ્તકો નવાં અને જુનાં

નવાં ગીતો (ભાગ ૨ જો)
લખનાર : ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ
પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
કીમત ચાર આના.

કુદરતકવિ ભાઇ ત્રિભુવન 'કુમાર'નાં વાંચનારાંને સારીપેઠે જાણીતા છે. કાઠીઆવાડી ભાષા, ભાવ અને કુદરતનો રસ એ કેટલોક વખત થયાં સૌને ચખાડી રહ્યા છે.

ભાવપ્રતિષ્ઠા, ભાષાગૌરવ અને કાવ્યશૈલિમાં ભાઇ ત્રિભુવન સ્વ. બોટાદકરને ઘણે અંશે મળતા આવે છે. પણ એમનામાં એ સદ્ગત કવિ જેટલો કલ્પનાનો ક્રમ કે હૃદયનો ભાવ દેખાયો નથી. એમનાં વર્ણનપ્રધાન કાવ્યો કલ્પનાના સબળ ચમકારાઓથી ભરપુર છે. ઉતરતી વર્ષાનું હૃદયંગમ ચિત્ર એકબે લીટીમાં પણ કવિ કેવું સુંદર આપી દે છે!

ઘાસ તણી સળીઓ પાકી
. . .
ઘ્રોએ જો ધરતી ઢાંકી

ઘાસની પાકેલી સળીઓમાં કુદરતનું સૌન્દર્ય જોનાર, પીનાર અને એને આમ કાવ્યરસ જોડે મિલાવી પાનાર કવિને અમારા ધન્યવાદ છે.

બાળગીતોમાં અમને સૌથી સરસ લાગેલું 'કુદરડી'નું ગીત આ નીચે આખું યે અમે ઉતારીએ છીએ. એનું સફળ કલાવિધાન, રમતીઆળ કલ્પના, નિર્દોષમધુર કાવ્યભાવ અને સરળ રમુજી ભાષા બધાં એકબીજાને એટલાં અનુકુળ, એકધારાં ને સુંદર છે!

કુદરડી

ફરો ફરોને છોકરાં કુદરડી,
જેમ ફરે ઉંદરડા ઉંદરડી —ફરો૦
ફરે ચાંદો સુરજ બે ઉંદરડા,
પેલા તારલીઆ સૌ ઉંદરડી —ફરો૦
ફરે દિવસો તે ધોળા ઉંદરડા,
પેલી રાત રૂપાળી ઉંદરડી —ફરો૦
ફરે મેહુલો તે મોટો ઉંદરડો,
પેલી વાદળીઓ સૌ ઉંદરડી —ફરો૦
ફરે ઇશ્વર જો થઇ ઉંદરડો,
તો દુનીઆ થઇ જાય ઉંદરડી —ફરો૦

વચલી કોટિનાં ભાવપ્રધાન કાવ્યો સિવાય બાકીનાં એમનાં કાવ્યો સારાં છે,—કેટલાંક તો ઘણાં સરસ છે, જેમાંનાં ઘણાંખરાં 'કુમાર'ના ગયા અંકોમાં આવી ગયાં છે. ભાઇ ત્રિભુવન

હવે નાની નાની સરસ વાર્તાઓને કાવ્યમાં ગુંથે તો કેવું સારૂં!

ભાઇ ત્રિભુવન પોતે સાક્ષી બનીને બહારની દુનીઆ જુએ છે અને મનમાં તેનું પ્રતિબિંબ પડવા દે છે. પણ 'અંતરનું જગત' એથી યે ઉંડું, ગૂઢ અને સાચું છે. પોતાનાં ભાવપ્રધાન કાવ્યોમાં એ આ જગત બતાવવા ગયા છે, પણ એક 'હીંચકાની દોર' સિવાય ક્યાંય સફળ થતા નથી.

કોણ જાણે કેમ, પણ સમાજ અને માનવસૃષ્ટિ ઉપર ભાઇ ત્રિભુવન કરડી નજરથી જોયા કરે છે. ખરો કવિ સમાજનાં દૂષણ બતાવતો છતો ડંખ ન લગાવે અને તો ય સાચો આદર્શ મનમાં રમાડી દે.

પૂ. કાકાસાહેબ કાલેલકર પોતાની પ્રસ્તાવનામાં એમનાં કેટલાંક કાવ્યોની નિરર્થક અનહદ સ્તુતિ કરે છે. 'જનની' કાવ્ય સારૂં છે; 'મારૂં ઘર' ઠીક છે; પણ 'એક ભરવાડનો મનોરથ' અને 'હીરાનું ભણતર' એ તો માત્ર ક્ષણિક વિવેચન અને કટાક્ષ-વિનોદનાં કાવ્યોના નમુના છે. ઠાવકી રમુજને લીધે એની કડવાશ ઓછી લાગે છે એટલું જ. મતપ્રચાર (પ્રોપેગૅન્ડા)ના અને ઉપયોગિતા (યુટિલિટિ)ના કામ ઉપર કવિતાની કદર મીંચવી એ એક વ્યવહારૂ ભુલ છે. કવિતાનું કાર્ય તો વધુ પવિત્ર અને ઉંચું છે.

"'એક ભરવાડનો મનોરથ' એ એક જ કવિતા કવિને અમર કરવાને બસ છે." એમ પ્રસ્તાવનામાં લખીને પૂ. કાકાસાહેબ કેવું ખોટું અનુમાન બાંધે છે! અમે તો માનીએ છીએ અને કહીએ છીએ કે એમની તેજસ્વી કલ્પનાના ચમકારા, એમની ભાષાનો રમતોવહતો પ્રવાહ, કુદરતને પીવાની અને સામાને પાવાની એમની અજબ શક્તિ અને એ બધાને લીધે એમનામાં આવતા ઉન્નત અને સુંદર કાવ્યભાવ, એ જ એમને અમર કરશે. ઉગતી પ્રજાને હૈયે એ જ રમે છે, કુમાર-કુમારીઓના કલ્પનાના આકાશમાં એ જ તરે છે, અને એને જ લીધે એ કવિનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં ઉંચું છે અને થશે.

આવા શક્તિશાળી કવિને જગતે પીછાન્યા એ પહેલાંથી એમનો સહકાર મેળવીને એમનાં સુંદર કાવ્યો ઉગતી પ્રજા આગળ ધરી 'કુમાર' ધન્ય થયું છે, અને અમે આશા રાખીએ છીએ કે કવિ પણ ઉગતી પ્રજાને ભુલી નહિ જાય.

અમે ઇચ્છીએ છીએ કે કુમાર-કુમારીઓ આ કવિનાં 'નવાં ગીતો'ના બંને ભાગની આ નાની, રૂપાળી અને સોંઘી ચોપડીઓ પોતાની પાસે જરૂર રાખે.

સ્વીકાર

પ્રેમઃ સ્વ. અશ્વિનીકુમાર દત્તના બંગાળી ઉપરથી ગુજરાતીમાં ઉતારનાર **શ્રી** કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા, નવયુગ પ્રકાશન મંદિર, સુરતઃ કીંમત આઠ આના.

જૈન તીર્થોનો ઇતિહાસઃ લેખક મુનિ જ્ઞાનવિજય

આદિનાથ-શકુનાવલિઃ સંપાદક ,,

વિહારદર્શન (ચારિત્ર્યવિજયજી કૃત) ,,

મહાવીર જન્મોત્સવ કર્તા મુનિ દર્શનવિજય

શ્રાવક ઉપાશ્રય વઢવાણ કૅમ્પને પોસ્ટેજના ચાર આના મોકલવાથી આ ચારે પુસ્તકો મફત મળશે.

શ્યામવિરહશતકઃ લેખક, વૈદ્યકવિ નવલરામ વલ્લભજી; પ્રકાશક, યુવક મંડળ, જેતપુરઃ ૦-૨-૦

રંગોળીની હરીફાઇ

(૧) 'કુમાર'ના કોઇપણ વાચક બહેન કે ભાઇ આ હરીફાઇમાં ભાગ લઇ શકશે. (૨) હરીફાઇ માટે મોકલેલી આકૃતિઓનું કદ ફુલ્સકેપ આખા કાગળ કરતાં વધવું ન જોઇએ. અને દરેક આકૃતિ કાળા કે ધોળા જાડા કાગળ પર, શાહીથી, રંગથી કે ચાકથી દોરેલી હોવી જોઇએ. (૩) આકૃતિ ક્યાંયથી નકલ કરી લાવેલી નહિ, પણ પોતાની કલ્પેલી, અને નવીનતાવાળી હોવી જોઇએ. (૪) આકૃતિની પાછળ, મોકલનારે પોતાનું નામ, ઉમર, સરનામું અને અભ્યાસ વગેરે લખવાં. (૫) બધી આકૃતિઓ ભાદરવા વદ અમાસ પહેલાં 'કુમાર કાર્યાલય'માં પહોંચવી જોઇએ. (૬) હરીફાઇ માટે મોકલેલી કૃતિઓ પાછી મોકલવામાં નહિ આવે. (૭) પરિણામ દીવાળીના અંકમાં જાહેર કરી સૌથી સુંદર આકૃતિ મોકલનારને ઇનામ આપવામાં આવશે.

કોઇ માંદાને મળવા જાઓ ત્યારે

તમે થાકી ગયા હો, પરસેવે રેબઝેબ થયા હો, કે ભુખ્યા હો એવે વખતે કોઈ પણ માંદા માણસને મળવા જવાનું માંડી વાળજો; કારણકે તમારી એવી અવસ્થામાં તમને એમના દરદનો ચેપ લાગવાનો પુષ્કળ ભય રહેલો છે.

અને મળવા જાઓ ત્યારે પણ જ્યાંથી હવાપ્રકાશની આવજા થતી હોય ત્યાં જ બેસજો.

દરદી ઉંઘમાં હોય તો એને ઉઠાડશો નહિ.

દરદી જાગતો હોય તો બહુ વાતોએ વળગશો નહિ.

નેપોલીઅનને મધમાખી ગમતી. તેણે રાજકાજમાં બેસવાની ખુરશી પરનાં છત્રની ઝાલરો પર, પલંગ પર, ભીંતો પર જ્યાંત્યાં મધમાખીઓનેજ ચિત્રરૂપે-ભરતકામ રૂપે આલેખેલી છે. તેમ કરવામાં નેપોલીઅનનો ઉદ્દેશ મધમાખીઓની પેઠે ઉદ્યોગી રહેવાનો હતો.

પૂછો તંત્રીને

અરેબીઅન નાઇટ્સની વાર્તાઓ કોણે લખી એ કોઇના જાણવામાં નથી. દસમા સૈકામાં થઈ ગએલા લેખકો તેમને ઇરાની કથા તરીકે માને છે. એટલું તો ખરૂં કે એ ઈરાન-અરબસ્તાનના પ્રદેશોની જીવનવાર્તાઓ છે. અંગ્રેજીમાં એ વાર્તાઓ ઉતારવાનું માન સર રિચર્ડ બર્ટન નામના એક સાહસિક પુરુષને વરે છે. એને અરબ લોકોની જોડે વસી, તેમની સંસ્કૃતિ અને સાહિત્ય જાણવાનો નાદ લાગ્યો; અને અરબ લોકો પોતાના જીવનમાં પ્રવેશ કરનાર પરદેશીનો જીવ લે છે એ પોતે જાણતો હોવા છતાં મહા મહેનતે એ અરબોની પેઠે જ એમની ભાષા બોલતાં લખતાં શીખ્યો, એમના રીતરિવાજ જાણી લીધા, અને પોતાની ગોરી ચામડીને પાકા કાળા રંગથી રંગી, અરબો જેવો બની તેમની વચ્ચે વર્ષો સુધી વસી એમની સંસ્કૃતિનું પાન કરી લીધું. પોતાના આ જીવસટોસટનાં સાહસની વાત એણે પોતાના અદ્‌ભુત જીવનચરિત્રમાં લખી છે. એણે જ એ અરેબીઅન નાઈટ્સની દંતકથાઓ એકઠી કરીને અંગ્રેજીમાં ઉતારી; અને અંગ્રેજીમાંથી તો પછી દુનીઆની અનેક ભાષાઓમાં એ અદ્‌ભુત વાતોનાં ભાષાંતર થયાં છે.

વરસાદ વરસી રહ્યા પછી ફુલોમાંથી વધારે સુગંધ ફોરવાનું કારણ એ છે કે સુકી ઋતુમાં ફુલની સપાટી કઠણ થઈ જાય છે અને નાનાં છિદ્રો બંધ થઇ જાય છે, તેથી તેમાંનો સુગંધી તેલી પદાર્થ બહાર નીકળી શકતો નથી; વરસાદ પછી છિદ્રો ખુલ્લાં થઇ જવાથી સુગંધ એકદમ ફોરી નીકળે છે.

આકાશ આસમાની કેમ હોય છે? હવામાં અસંખ્ય અત્યંત સૂક્ષ્મ અણુઓ હોય છે. એમાં કેટલાંક ધુળનાં રજકણો હોય છે, કેટલાંક પાણીનાં હોય છે, કેટલાંક હવાનાં જ પરમાણુઓ હોય છે. તેઓ એટલાં બારીક હોય છે કે નરી આંખે તે દેખી શકાય નહિ; છતાં તેમાંથી જરા પ્રકાશનું પ્રતિબિંબ પડે છે. આ પ્રતિબિંબિત પ્રકાશ આસમાની રંગનો હોય છે તેથી આકાશ આસમાની લાગે છે.

વાઘને ડીલે ચટાપટા કેમ હોય છે? કુદરત માતા દરેક પ્રાણીનું જતન અને સહાય કરે જ છે. વાઘ શીકારી પ્રાણી છે અને તેને શીકાર શોધવા માટે ખાઇ કોતર કે ઝાડીમાં છુપાવું પડે છે. એને છુપાવામાં મદદરૂપ થઈ પડે એટલા માટે જ કુદરતે એના શરીર પર એવા ચિત્રવિચિત્ર ચટાપટા કર્યા છે કે ઝાડનાં ઝુંડ સાથે એકરંગ થઈ મળી જાય. એના શરીરનો રંગ રતાશ પડતો ધુળીઓ અને એના પટા કાળાશ પડતા લીલા રંગના હોય છે, તે એજ કારણથી.

બંદુક ફોડતી વખતે પાછળથી તેનો ધક્કો શા માટે વાગે છે? બંદુકમાં ભરેલાં દારૂગોળી સળગતાંની સાથે અતિશય વેગપૂર્વક બહાર નીકળે છે. એ તેમના બહાર નીકળવાના વેગમાં એટલું બધું જોર હોય છે કે પોતે બહાર નીકળતાં નીકળતાં, પાછળ રહેલી ખાલી બંદુકને ઠેલતાં જાય છે;—અથવા તેમના વેગપૂર્વક બહાર નીકળવાથી પાછળ ખાલી રહેલી વસ્તુ પાછી ઠેલાય છે; આ ઠેલાવાને લીધે આપણને બંદુકનો ધક્કો વાગે છે.

નવા સવાલ

આંસુ ખારાં કેમ હોય છે?

જન્મથી આંધળાં માણસોને સ્વપ્નાં આવતાં હશે? અને આવતાં હોય તો તે કેવાં હશે?

રબરની શોધ તો હમણાં થઇ છે. જુના વખતના ચિત્રકારો રબર વિના શું કરતા હશે?

જમતી વખતે આપણને નસોતર જાય છે એ શાથી?

ચલણી નોટોમાં જે જુદીજુદી ભાષામાં આંકડાઓ લખ્યા હોય છે તે કઇ કઇ ભાષાઓના હશે?

ગ્રંથી લીપી કેવી હશે?

આરામગાહ *

જ્યારે નીલ સમુદ્રના ફીણ જેવી આકાશમાંની વાદળીઓને સવિતા રંગબેરંગી ચુંદડીઓ પહેરાવતો હોય, જ્યારે વૃક્ષો પર કોઈ ચીતારો સોનેરી અને લીલા રંગનું અદ્‌ભુત મિશ્રણ કરતો હોય, ત્યારે હું કોઇને નહિ પણ તને જ ઝંખું છું.

યૌવનમાંથી ગળતા મદ માફક જ્યારે હિમગિરિનાં શિખરો પરથી બરફ ગળે છે, પાતાળના નાગ તપે છે અને લંકાનું સોનું પીગળે છે એવા મધ્યાહ્નને પણ હું તારી જ રાહ જોઉં છું.

જ્યારે રાત્રી પોતાના પુરા દમામ સાથે મલપતી આવે છે, ચંદ્રદેવ મદભર વ્યાકુળ થાય છે, અને ભક્તના હૃદયમાં કટાણે વિરહમંથનનું દર્દ ઉઠે છે એવી મધ્યરાત્રીએ પણ હું તારે સારૂ જ રાત જાગું છું.

*

જ્યારે પૃથ્વી અંધકારની કાળી ચાદર ઓઢીને સુઇ જાય છે અને વ્યોમમાં ઝાંખા કરેલા દીવા માફક ઝીણા તારકો બળતા હોય છે ત્યારે હું એકલો જ વૃક્ષ નીચે બેસું છું.

ત્યાં પીંજરે પુરાએલા પંખીની પાંખોના ફફડાટ સમો મારા હૃદયનો ફફડાટ હું સાંભળું છું અને રડતા બાળકના ડુસકા જેવા તેના ધબકારા હું સમજી શકું છું.

પરંતુ કેમે કરીને અંધકારની કાળી ચાદર હું તેને ઓઢાડી શકતો નથી.

પૃથુલાલ શુક્લ

[* 'ફુલપાંદડી' પછીનો અપ્રકટ સંગ્રહ]

ઉગતી પ્રજા

શારદામંદિર

તપોવનના આશ્રમનું સ્મરણ કરાવે તેવું, અમદાવાદ શહેરની બહાર એલીસ બ્રીજ તરફ રેલવે સડકને પેલે પાર ખેતરોની વચ્ચે ખુલ્લી હવામાં કન્યાઓ અને બાળકોના વિકાસનું એક સુંદર ભવન એક વર્ષથી ચાલે છે તેનું નામ શારદામન્દિર.

હાલ કેળવણીની જે પદ્ધત્તિ ચાલે છે તેમાં ઉગતી પ્રજાને સંસારના ડાઘ વહેલા લાગે છે. વધુ પડતી ગરમી દઇને ઝટ મોટા કરેલા ફુલછોડ જેવા એમના દેહ પુરા બંધાતા પહેલાં અવસ્થા ધારણ કરે છે. પરિણામે બાળપણનો આનંદ, કૌમારનો ઉમંગ અને ઘડપણનો આરામ-બધું જ તેઓ ખોઈ બેસે છે.

શારદામંદિરના બાળકો અને કન્યાઓ કુદરતનું જીવન જીવે છે. બીજી શાળાઓના ચાલુ ત્રાસ અને પાઠોના નકામા ભારથી મુક્ત થઇને પોતાનું શિક્ષણ લે છે. સાદાઈ, સરળતા અને પવિત્રતાનું વાતાવરણ ફેલાવી એક કુટુંબ જેમ રહે છે. ચોખ્ખી હવા અને આકાશપૃથિવીના ખુલ્લા દેખાવોથી હમેશ સભરહૃદય અને પ્રસન્નચિત્ત વસે છે.

સરકારી કન્યાશાળામાં તો ઘણી વાર હીંદુ સંસારના ઘરની રીતભાત, ગરીબી કે સંસ્કારના જ્ઞાન વિનાની અંગ્રેજ બાનુના હાથ હેઠળ કેળવાએલી આપણી કન્યાઓ ખોટાં ગુમાન રાખતાં શીખે છે અને જે કેળવણી તેઓ લે છે તે એમના જીવનમાં ઉપયોગી થઈ ઉતરતી પણ નથી. તેઓ ભાગ્યે જ પોતાની પછાત રહેલી, ગરીબ અને અભણ બહેનોની સેવા કરવા જેટલી નમ્ર રહે છે. સાદાં અને ભોળાં, સાચાં અને માયાળુ પોતાનાં જ કુટુંબીઓમાં ભળી તેમનો પ્રેમ મેળવવાની કળા તો તેઓનામાં આવતી જ નથી.

શારદામંદિર આ ખામીઓ કાઢી ઉંચું સંસ્કારી શિક્ષણ અને વાતાવરણ ફેલાવવા સરજાયું જણાય છે. હાલની બાંધેલી કેળવણીમાંથી વિદ્યાર્થીઓનાં તનમનની છુટ, હાથ-તાલીમ અને કુટુંબભાવ હરાઈ ગયાં છે તેમને એ કદાચ પાછાં લાવે પણ ખરૂં. ત્યાં અનુકુળ ઋતુમાં શિક્ષણ વૃક્ષ નીચે લીંપેલી જમીન ઉપર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓનો અને શિક્ષકોનો સહવાસ રાતદહાડો રહે છે. તેથી એકમેકનાં કુટુંબભાવ પોષાય છે, એટલું જ નહિ પણ ખરૂં જ્ઞાન તો રમતગમતની જેમ સહેજ વાતચીતમાં અને વધુ તો સાક્ષાત જીવનમાંથી મળી જાય છે.

ગયા માસમાં આ સંસ્થાનો વાર્ષિક ઉત્સવ હતો. તેમાં કન્યાઓએ અને બાળકોએ મળીને નાટ્યપ્રયોગ અને સંગીતનો જલસો કર્યો હતો. એમાં વિદ્યાર્થીઓની હરવા-ફરવાની છુટ, આપમેળે કામ કરવાની હોંસ અને બોલવા-ચાલવાની નિડર છટાથી અમને લાગ્યું છે કે એક વરસની ટુંક શરૂઆતમાં જ આ સંસ્થા સારૂં પરિણામ લાવી શકી છે. સૌ વિદ્યાર્થીઓના ચહેરા સુપ્રસન્ન, કલ્પનારંગી અને ઉત્સાહી બનેલા હતા. જે કંઈ ગાતાંભજવતાં હતાં તે બધું સમજી શકતાં હતાં અને એ ભાવથી એમનાં જીવન જાણે ભરપુર દેખાતાં હતાં.

ઉત્સવની તૈયારી તેમણે પોતે જ કરી હતી. કલા, કલ્પના અને સાદાઈના નમુના રૂપ તેમણે રચેલું નાટ્યગૃહ જોવાલાયક બન્યું હતું.

કુદરતમાં કેળવણીને અથાક અવકાશ છે. રાત્રે સુતાં કે સવારસાંજ વનખેતરમાં રખડતાં આખું આકાશદર્શન અને વનસ્પતિવિદ્યા, મેળવી શકાય, ખેતી અને વાડીવાવેતરની જીવતી કેળવણી ઉપયોગી અને રસમય બને. શરીરની તાજગી અને અંતરનું ચેતન તો કુદરત જેટલું બીજે કયાં છે જ ?

અહીંની કન્યાઓ ગૃહકળાની તાલીમ પણ સારી પામે છે. મકાનના અમુક ખંડોની વ્યવસ્થા, સ્વચ્છતા અને શોભા તેઓ જ જાળવે છે અને વારાફરતી ત્રણચાર જણીઓ એક ખાસ રસોડું પણ ચલાવે છે. ભાતભાતની વાનીઓ કરી જાણવી, રસોડામાં આરોગ્ય અને વ્યવસ્થાના નિયમો સમજીને ઉતારવા, આનંદ અને કળાનું વાતાવરણ ઉપજાવવું વગેરે બધું તેઓ ક્રિયા અને આચાર દ્વારા અનુભવે છે. વળી મોટાં વિદ્યાર્થીઓ નાનાં બાળકોની સંભાળનું અને પ્રસંગ પડ્યે શિક્ષણનું કામ પણ ઉપાડી લે છે. આથી એમને અવનવા અનુભવો મળે છે અને એમનું ચારિત્ર્ય બંધાય છે.

દેશને ઉપયોગી ને કલ્યાણકારી પ્રવૃત્તિઓ તથા સંસ્થાઓ તો દેશનાં જ માણસો ઉભી કરી શકે એ તદ્દન સાચું છે.

ગુજરાતના ઉગતા ચિત્રકો

એકાદ દશકા પહેલાં લોકો માનતા કે ગુજરાતમાં ચિત્રકળા જ નથી. અનેક ચિત્રકારોનાં નામ ધરાવતા મહારાષ્ટ્ર અને બંગાળની કીર્તિ આગળ ગુજરાતને પોતાના પ્રતિનિધિ તરીકે ધરવાને કોઈ જ નામ શોધવું મુશ્કેલ હતું. જે ગણ્યાગાંઠ્યા એકબે તાલીમ પામેલા ચિત્રકારો હતા તે રાજારજવાડાને મોટી છબીઓ કરી આપવામાં જ જીવન વીતાવતા લોકોને ચિત્રકળાનો રસ લગાડવાનું તેમને ભાગ્યે જ સુઝયું હશે. આપણી ચિત્રકળા શું, આપણા ચિત્રકારો કોણ, તેઓ કયાં વસે છે, વગેરેનો વિચાર કરવાનું લોકો ભુલી જ ગએલા. વિદ્વાનો અને કેળવણી પામેલા માણસોએ પણ ચિત્રકળા માટે આદર બતાવી લોકોને એ માર્ગે દોરવાનો કશો પ્રયત્ન ન કરેલો. સરકારી કેળવણીમાં ચાળીસ વરસથી ચિત્રકળાનાં મુળતત્ત્વો શીખવવાનો દંભ ચાલતો આવ્યો હતો, પણ એ ચાળીસ વરસનું પરિણામ પણ જરાયે યશદાયી નહોતું. દશકા અગાઉ આપણે ત્યાં આ સ્થિતિ હતી.

પરંતુ છેલ્લાં પાંચ વરસમાં દેશમાં જે નવો પ્રાણ

પ્રગટચો છે તેની જ્યોતથી ઘણીઘણી જાતની પ્રતિભા ઝબકી ઉઠી છે. ગામેગામ ચપળ નેત્રોવાળા ચબરાક છોકરાએ અજબ ચમકાર બતાવી રહ્યા છે. કળાના સંસ્કારનો સરકારી કેળવણી ખાતાએ તો બહિષ્કાર કરેલો, પણ લોકપ્રવૃત્તિએ તેનો પાછો સ્વીકાર કર્યો છે, અને પરિણામે માસિકો તથા વર્તમાનપત્રોએ કળાનો આદર કરવા માંડયો છે એ તેનું દેખીતું સુચિહ્ન છે. હવે પાંચ દસ ગુજરાતી ચિત્રકારોનાં નામ વાચકોની જીભે વસતાં થયાં છે. એ દરેકમાં જુદીજુદી પ્રતિભાના અંશો સ્પષ્ટ દેખા દે છે. એમાં મોટેભાગે તદ્દન વિદ્યાર્થીચિત્રકારો છે, એટલે તેમની કૃતિ ઉપર ટીકા કે વિચારો કરતાં પહેલાં તેમને અનુભવ અને અભ્યાસ માટે ખુબ સમય અને તકની જરૂર છે.

છોટાલાલ જોશી, ચંદુલાલ શાહ, કનુ દેસાઇ મીસ્રી ભાઇઓ, રમણલાલ દેસાઇ, અનંત પંડયા, કૃષ્ણ ભટ્ટ, બલવંત ભટ્ટ, સૅમસન બેન્જામીન, હરિલાલ ત્રિવેદી, નાણાવટી, સોમાલાલ, અને બીજા અપરિચિત છતાં આ યાદીમાં લઈ શકાય એવા ઘણા યુવકો ચિત્રકારની કારકીર્દિ માટે તૈયાર થવા લાગ્યા છે, એટલે થોડાં જ વરસોમાં ગુજરાત મોટું ચિત્રકારમંડળ જોવા પામશે એમાં શંકા નથી.

આ તૈયારીમાં 'કુમાર કાર્યાલય' કોઈ ઇશ્વરી સંકેતની જેમ કંઈ અરધોએક ડઝન ચિત્રકારોના ઇતિહાસમાં પ્રારંભિક અખાડા તરીકે નોંધાશે જ. ભાઇ કનુ દેસાઇ, જગમોહન મીસ્રી, સૅમસન બેન્જામીન, બળવંત, કૃષ્ણ, અનંત, સોમાલાલ વગેરે ઉગતા ચિત્રકો કુમાર કાર્યાલયના અંગીભૂત છે. આ પૈકી મિ. સૅમસન, જગમોહન મીસ્રી અને સોમાલાલ આ વરસે મુંબાઇની સર જમશેદજી જીજીભાઇની આર્ટ-સ્કુલના ચિત્રકળાના ઉચ્ચ વર્ગમાં દાખલ થયા છે.



પણ ગુજરાત ખાતેથી પહેલી જ વાર બંગાળની ચિત્રશૈલી શીખવા જનાર તરીકે ભાઈ કનુ દેસાઇનું નામ ખાસ નોંધને પાત્ર છે. ભાઈ કનૈયાલાલે કદિ શાળાના કોઇ ડ્રૉઇંગ ક્લાસમાં હાજરી આપી નથી. પણ છેલ્લાં બે વરસથી કુમાર કાર્યાલયને જ પોતાનું પ્રિય મથક બનાવ્યું હતું. એના સુંદર પરિણામથી 'કુમાર'ના વાંચનાર અજાણ નહિ જ હોય. સૌ જાણીને ખુશ થશે કે ગુજરાત વિદ્યાપીઠમાં તે સ્નાતક થવા અભ્યાસ કરતા હતા ત્યાં તેમની શક્તિઓની સૌને પીછાન થવાથી આ મહીને તેમને સ્કૉલરશીપ આપી રવીન્દ્રનાથ ઠાકુરના શાંતિનિકેતનના કલામંદિરમાં મોકલ્યા છે. ત્યાંના શ્રી નંદલાલ બોઝ અને અસીતકુમાર હલ્દર જેવા પ્રબળ પ્રતિભાશાળી કલાધરોનો સંગ અને શિક્ષણ મેળવવાને ભાગ્યશાળી બનેલા આ ઉગતા ચિત્રકારને આપણે અભિનંદન આપીએ. ભાઇ કનુ દેસાઇમાં કલ્પના ખુબ છે. શાંતિનિકેતનના વાતાવરણમાંથી તેના સંસ્કારો વધારે દીપી ઉઠશે અને ગુજરાત માટે નવી કળા વહોરી લાવી તે ગુજરાતને વધુ સમૃદ્ધ કરશે એમાં અમને શંકા નથી.

ગુજરાત મહાવિદ્યાલયની કૃષ્ણજયંતિ

પાંચ વરસ પર કોઇ કૉલેજને સુઝયું પણ હોત કે કૃષ્ણજયંતિનો ઉત્સવ ઉજવવો ? નહિ. છતાં, ગઇ અષ્ટમી ગુજરાત મહાવિદ્યાલયે ઉજવી એ સમારંભ કૉલેજના વિદ્યાર્થીઓનો જ હતો. એ પ્રસંગને તેના સ્વાભાવિક વાતાવરણથી છુટો પાડીને ઘણાએ તેની ગેરવ્યવસ્થા અને કાચી તૈયારી માટે એને ટીકાપાત્ર ગણેલો. પણ એ દૃષ્ટિ વાજબી નથી. શુષ્ક કે અશુષ્ક ગ્રંથોના અભ્યાસમાં ગુંથાએલા ગુજરાતી જુવાનો કૃષ્ણજયંતિ જેવો રાષ્ટ્રધર્મને પોષનારો ઉત્સવ આટલા ઉત્સાહથી ને યથાશક્તિ યોજનાથી ઉજવે એ વાત જ આશાવંત ભવિની આગાહી નથી ?

કાર્યક્રમમાં પૂ. કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન, કૃષ્ણ ભગવાનના બાલચરિતનો નાટયપ્રયોગ, વિદ્યાર્થીઓના રાસ, શ્રી મેઘાણીનાં લોકગીત અને લલિતજીનાં ભજન એટલી વસ્તુઓ સૌથી સુંદર હતી. ઉત્સવનું એ એકેએક અંગ શ્રીકૃષ્ણની લીલાની મધુર યાદ આપતું હતું. પૂ. કાકાસાહેબે કૃષ્ણ કેવા અટપટા પ્રસંગોએ આદર્શરૂપ નીવડયા હતા એ ઐતિહાસિક દૃષ્ટિએ સમજાવ્યું હતું; નાટયપ્રયોગમાં નંદગોપ, કંસ અને કૃષ્ણનાં પાત્રોએ સરસ અભિનય દાખવ્યો હતો; અને રાસ, ભજનો અને લોકગીતોમાં પણ કૃષ્ણજીવનની પ્રોત્સાહક અને રસદાયી ઝાંખી થતી હતી.

મહાવિદ્યાલયનો દાખલો બીજી પાઠશાળાઓ પણ કાં ન લે ? પ્રજાની જાગૃતિ અને પુનર્વિધાનમાં આવા ઉગતી પ્રજાના ઉત્સવોનું મહત્ત્વ અવશ્ય વધારે સમજાતું થવું જોઇએ.

ચોથું વિદ્યાર્થી–સંમેલન : ઉમરેઠ

પ્રિય કુમારમિત્રો,

ચાલુ વર્ષના આસો વદમાં ઉમરેઠમાં ગઈ સાલની માફક ચતુર્થ વિદ્યાર્થી–સંમેલન આપણા મુરબ્બી પ્રો० મોહનલાલ પાર્વતીશંકર દવે (સુરત) ના પ્રમુખપદે થવાનું છે. તમે અમારા મંડળને અને સંમેલનને 'કુમાર' દ્વારા બરાબર ઓળખી

ગયા હશો, અને એ પરિચયના દાવાથી અમે તમારી પાસે નીચે મુજબ માગણીઓ કરીએ છીએ.

(૧) સંમેલનના કલાપ્રદર્શનમાં હસ્તલિખિત માસિકોનો વિભાગ રાખવામાં આવ્યો છે. સર્વે હસ્તલિખિત માસિકોના તંત્રીઓને પોતાના અંકો આસો સુદ ૧૫ પહેલાં નીચેને સરનામે મોકલવા વિનંતી છે.

(૨) ગુજરાતના ઉગતા કલાકારોની કૃતિઓ માટે એક નોખો વિભાગ છે. સૌથી ઉત્તમ કૃતિના પ્રણેતાને અમે એક રૌપ્ય ચંદ્રકથી નવાજશું. સર્વ ઉગતા ચિત્રકારોને અમે આ પત્રિકા દ્વારા નોતરીએ છીએ. કલાના નમુનાઓ, નામ, ઠેકાણું, વય, અભ્યાસ વગેરેની નોંધ સાથે આસો સુદ ૧૫ પહેલાં મોકલવા વિનંતી છે.

(૩) એ ઉપરાંત બીજી કલાઓના નમુનાઓ પણ મોકલી અમને આભારી કરશો.

હસ્તલિખિત પત્રો, ચિત્રો, નમુનાઓ વગેરે ઉપયોગ થઈ રહે સંમેલન પછી પાછાં રવાનાં કરવામાં આવશે.

મનોરથ-પત્રો

ગુજરાતના દરેક વિદ્યાર્થી-મંડળ-પાસેથી અમે એકએક પત્રની આશા રાખીએ છીએ. તેમાં દરેક પોતાની પ્રવૃત્તિ અને મનોરથ જણાવે. આવા પત્રો અમે અમારા હસ્તલિખિત 'વિદ્યાર્થી-સાહિત્ય'ના સંમેલન-અંકમાં પ્રકટ કરીશું. એમાં-થી ગુજરાતનાં વિદ્યાર્થીમંડળોની ઉત્પત્તિ-સ્થિતિ-ભવિષ્યનો હેવાલ ગુજરાત સમક્ષ ધરવાની અમે ઇચ્છા ધરાવીએ છીએ.

આમ અમારા ઉત્સવમાં સાથ દઇ આભારી કરશો.

લિ. સેવક

અંબાલાલ છગનલાલ ભટ

નેતા, કલાપ્રદર્શન વિભાગ. વિદ્યાર્થીમંડળ કાર્યાલય, ઉમરેઠ

બાળવિહાર

ઘોડો



દાદાજીનો ધોકો લીધો
ધોકાનો મેં ઘોડો કીધો

ઘોડો કૂદે ઝમ ઝમ
ઘુઘરી વાગે ઘમ ઘમ
ધરતી ધ્રૂજે ધમ ધમ

ધમ ધમ ધરતી થાતી જાય
મારો ઘોડો કૂદ્યો જાય

કૂદતાં કૂદતાં આવ્યો કોટ
કોટ કૂદીને દીધી દોટ

સૌનાં મનને મોઈ રહ્યો
ને એક ઝવેરી જોઈ રહ્યો

ઝવેરીએ તો હીરો દીધો
હીરો મેં રાજાને દીધો

રાજાએ ઉતાર્યો તાજ
આપ્યું મુને આખું રાજ

રાજ મેં રૈયતને દીધું
મોજ કરીને ખાધું પીધું.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

ભાઈબેનની વાત

એક હતું ગામ. તેમાં રહે એક કુંભાર. એ કુંભારને બે દીકરીઓ : એકનું નામ પાલી અને બીજીનું નામ અધપાલી.

બેઉ દીકરીઓને એમના બાપે ધામધુમથી પરણાવી. વખત જતાં અધપાલી માંદી પડી ને મરી ગઈ. એનાં એક દીકરો ને એક દીકરી હતાં. તે બેઉ જણાં પછી તેની પાલીમાશીને ઘેર રહેવા ગયાં. અઠવાડીઉં, પખવાડીઉં, મહીનો બે મહીના ને વરસ થયું. એમ કરતાં કરતાં ભાઇબેન મોટાં થવા લાગ્યાં. પણ માશી એમને ગધેડાં ચારવા વગડે મોકલે. એવામાં એક દહાડો ભાઇને સાપ કરડ્યો ને ઝેર ચડવાથી તે પણ ગુજરી ગયો.

હવે બેનને ઉંચે આભ અને નીચે ધરતી વગર બીજો કોઈ આધાર ન રહ્યો. રાત ને દહાડો બેન તો ન ખાય ને ન પીએ ને રડ્યા જ કરે. આંખમાંથી ચોધારાં આંસુ ચાલ્યાં જાય. આંખો તો સુઝી સુઝીને ટોપા થઈ ગઇ. વધારામાં માશી માર મારે. કોઇનાં દેખતાં ન રડાય એટલે રાતે પથારીમાં પડી પડી રડે અને સવારે તાજી થઇને ઉઠે.

એક રાત્રે બેનના સોણામા ભાઈ આવ્યો અને કીધું કે મારી બેનડી, તું જરાય ગભરાઇશ નહિ. હું તારી આગળ હાજરાહજુર ઉભો છું. આવતી કાલે ગધેડાં ચારવા મસાણ તરફ આવજે. ત્યાં સરસ ચીભડાનો વેલો તું જોઈશ. એનાં પાકાં પાકાં ચીભડાં ધરાઇને ખાજે. એમ કહી ભાઈ તો અલોપ થઈ ગયો.

બેન વેલી ઉઠી. હરખનો પાર ન હતો. ઉઠીને દાતણ કરીકારવી, રાખનો રોટલો અને હાંડલીમાં છાશ ભરી માથે મુકી, આગળ ગધેડાં ને પાછળ હાથમાં લાકડી લઈ મસાણને રસ્તે ચાલી. ત્યાં ચીભડાંનો એક મોટો વેલો દીઠો. એણે તો પેટભરીને ચીભડાં ખાધાં. અને સાંજે આનંદમાં ને આનંદમાં ઘેર આવી.

પણ માશીબાથી છોકરીનો આનંદ દેખી ખમાયો નહિ. એક દિવસ એ છોકરી ગધેડાં ચારવા ગઈ હતી ત્યારે માશીએ પોતાની છોકરીને તપાસ કરવા મોકલી. એ ટાણે ભાઇની બેન તો ચીભડાં ખાતી હતી. પેલી છોકરીએ પૂછ્યું કે બેનબેન, તું શું ખાય છે ? મને આપને ? બેને એક ચીભડું એને દીધું પણ કડવું નીકળ્યું. ખીજમાં ને ખીજમાં છોકરી તો ઘેર દોડી ગઈ ને એની બાને વાત કરી કે બા બા, બેન તો ને ચીભડાં ખાય છે. આ સાંભળી માશીને રીસ ચડી. એણે એના વરને કીધું કે એ વેલાને આજને આજ કપાવી નાંખો તો હા નહિતર ના. બીચારાએ જડમુળથી વેલો કઢાવી નાંખ્યો.

હવે છોકરીને માથે હતું એવું દુઃખ પડવા માંડ્યું. એટલે એક દિ' પાછો ભાઈ બેનના સ્વપ્નામાં આવ્યો અને કહી ગયો કે જો બેન, હવે હું તળાવની પાળે આંબો થઈશ. તું સાખો ખાવા આવજે.

બેનને તો કેરીઓ ખાવા મળી એટલે શરીરે સારી થતી ગઇ. વળી માશીને અસુખ થયું. વળી છોકરીને પાછળ મોકલી. વળી આંબો કપાવી નંખાવ્યો.

બેનને તો હતું તેવું થઈ ગયું. એને પાછો ઉગે તેવો આથમે. એક વાર રાત્રીના બારનો શુમાર. સઘળું સુમસામ. ક્યારેક પહેરેગીરના પડકાર સંભળાય. એ ઘડીએ પેલી દુઃખી છોકરી ફાટીતુટી પથારીમાં પડી પડી પોતાનો વિચાર કરે છે. એવામાં એના ભાઇનો પડછાયો પડ્યો. એણે નજીક આવી કહ્યું કે બેન, ગભરાઇશ નહિ; તારો ભાઈ જીવતો જ છે એમ માનીને હિમ્મત રાખ. કાલે આપણા ગામના ગઢકાંકરે હું કાગડો થઇ બેસીશ અને રોટલાના કટકાબટકા લાવી તને ખવડાવીશ.

સવાર પડી. બેન તો ભાત ને ગધેડાં લઇ ગઢની રાંગે નીકળી. નીચે જુએ છે તો કકડાની એક ઢગલી દીઠી. વરસો થયાં બીચારીએ રોટલો ખાધેલ નહિ એટલે સ્વાદ પણ ભુલી ગઈ હતી. પણ ચકરી માશીને આ વાતની ખબર પડતાંવેંત તેણે કાગડાને મારી નંખાવ્યો.

દિવસ આથમવા આવ્યો. બેન ગધેડાં લઈ થાકીપાકી ઘેર વળી. સુવાનો વખત થયો. ત્યારે એ બેનપ્રેમી ભાઇ કહી ગયો કે હું દરબારગઢના તબેલામાં ઘોડો થયો છું. તું આવજે એટલે તને મારા જોગાણના ચણા ખાવા દઈશ. આમ વળી બેનનું

ગુજરાન ચાલવા માંડ્યું પણ પહોંચેલી માશીએ એ ઘોડાનું ય કાસળ કઢાવ્યું.

નશીબજોગે રાજાને કુંવર નહિ. જપતપ કરે પણ પુત્ર ન સાંપડે. ભાઇને વિચાર થયો કે જો હું રાજાને ત્યાં જન્મું તો મારી બેન સુખી થાય. રાણીને તો ઓધાન રહ્યું. એક દિ ભાઇએ આવીને બેનને કહ્યું કે જો બેન, સાંભળ. આવતી કાલ હું રાજાને ઘેર અવતરીશ. પણ જન્મ લેતાંવેંત રડવા માંડીશ ને કેમે કર્યો છાનો નહિ રહું. રાજા ધુમાડાબંધ ગામ જમાડશે. જમીને સૌ એક હીંચકો નાખી જશે. પણ હું તારે હીંચકે જ રોતો રહીશ. આમ કહીને ભાઇ અલોપ થયો.

સવાર થતાંવારને રાજાને ઘેર કુંવર જન્મ્યાની વધાઈ આખા ગામમાં ફેલાઈ ગઈ. બેન તો મનમાં ને મનમાં ખુબ ખુશ બની બોલી કે હાશ, હવે આ દુઃખના ખાડામાંથી છુટીશ.

ગામમાં દાંડી પીટાઇ કે સાંજના ચાર બજે નાનાંમોટાં સૌ રાજદરબારના વિશાળ મેદાનમાં જમવા આવે. સ્ત્રી પુરુષો ને બાળકો બધાં ભેળાં થવા માંડ્યાં. બત્રીશ ભોજન અને તેત્રીશ શાક પીરસાયાં. જમી ઉઠીને સૌ કુંવરને એકએક હીંચકો નાંખી જવા લાગ્યાં. પણ કોઈના ય હીંચકાથી બેનનો ભાઇ છાનો રહે નહિ. એટલે રાજાએ ફરી સાદ પડાવ્યો કે કોઇ જમવા આવ્યા વિનાનું રહી ગયું હોય તો આવી જાય. ત્યાં બંધ ઘરમાંથી પેલી છોકરી બોલી કે એ ભાઇ, મને મારી માશી ઘરમાં પૂરીને ગઇ છે. આ સાંભળી સાદ પાડનારે ઘરનું તાળું તોડી એને બહાર કાઢીને મેદાનમાં લઇ જઇ જમવા બેસાડી. જમીને એ કુંવરને હીંચકો નાંખવા ગઇ. હીંચકો નાંખતી નાંખતી તે હાલરડું બોલી કે

> મસાણની પાળે વેલો.
> તળાવની પાળે આંબો
> ગઢની રાંગે કાગડો
> દરબારને ઘરે ઘોડો
> રાજાને ઘરે કુંવર
> સુઇ જા, માડીના જાયા! સુઇ જા.

કુંવર ટપ દઇને છાનો રહી ગયો. રાજાને આ વાતની ખબર પડી. રાજાએ ફરી પેલી છોકરી પાસે હાલરડું ગવરાવ્યું. એ બધો ભેદ પામી ગયો. રાજાએ હેતથી કહ્યું કે બેટા, આજથી તું હવે અહીં રહેજે. આ મારો કુંવર અને તું મારી કુંવરી.

હવે પેલી પૂતના માશી ઘેર બેઠી હાથ ઘસે છે અને ભાઈની બેન રાજકુંવરી બનીને ખાય છે, પીએ છે અને રાજ કરે છે.

અ. સૌ. જયાકુમારી અ. દાણી



જ્ઞાનલીલા

જેઠ માસના ' કુમાર 'માં પુછાએલા પ્રશ્નોના ઉત્તર આ નીચે પ્રકટ કર્યા છે. દિનપ્રતિદિન વધુ ને વધુ વાંચકો આ હરીફાઇમાં ઘણા જ રસપૂર્વક ભાગ લેતા જાય છે એ જોઇને અમને ઘણો જ આનંદ થાય છે. આ વેળા તદ્દન સાચા ઉત્તરો મોકલનાર ચ.ર જણ નીકળ્યાં. તેમનાં નામ આ નીચે આપ્યાં છે. એમને ઇનામ થોડા વખતમાં મોકલાશે.

(૧) બાલુભાઇ હરિભાઇ: ભાવનગર (૨) છગનલાલ ભગુભાઇ સોલંકી: વાંકાનેર (૩) પ્રીતમલાલ ગોકળદાસ પટેલ: વાંકાનેર (૪) તારાબ્હેન: મુંબાઇ નં. ૧૨

પ્રશ્નોના ખરા ઉત્તર: (૧) જમરૂખ, રૂખસદ, સદ્‌ભાવ, ભાવનગર, ગરજ, રજની. (૨) બાતલ, લવાદ, જંમત, ગામડી, ધરાલા, રચના, તિમિર, લલના, કપટ. એમાં દરેકનો પહેલો અક્ષર લેવાથી દેશભક્ત ' બાલ ગંગાધર તિલક' નું નામ, અને આપેલા અંક પ્રમાણે ગણવાથી કવિ ' નાનાલાલ દલપતરામ 'નું નામ બનશે. (૩) પડધરી. (૪) નારંગી (૫) પોતાનું નામ (૬) અશ્વિનીકુમાર (૭) સૌથી નાનો છોકરો ૮ વર્ષનો ને સૌથી મોટો ૨૪ વર્ષનો.

નવા પ્રશ્નો: આ પ્રશ્નોના ઉત્તર તથા પરિણામ દીવાળીના અંકમાં પ્રગટ થશે.

શબ્દ-ફેરવણી: આપણને બે શબ્દો આપ્યા હોય; તેમાંના પહેલા નંબરના શબ્દમાંથી દર વખતે માત્ર એકેક જ અક્ષર ફેરવતા જઇને, જેટલી વખત ફેરવવાનું કહ્યું હોય તેટલી વાર ફેરવીને, બીજા નંબરનો શબ્દ લાવી દેવો, તેને શબ્દ-ફેરવણી કહે છે. દાખલા તરીકે આપણને 'જમણ' શબ્દ આપેલો છે તેને 'મરણ'ના રૂપમાં ફેરવવો છે: શરત એ છે કે દર વખતે માત્ર એક જ અક્ષર ફેરવવો, અને એવા ત્રણ જ ફેરફારો કરવા. આ શબ્દ-ફેરવણી બાજુ પર બતાવેલા ક્રમમાં થઇ શકે. એ દાખલા ઉપરથી તમે સમજી શકશો કે જેનો શબ્દભંડાર સારો હોય એ જ એમાં ફાવી શકે. આ બાજુએ નવા સવાલ રૂપે એક ' શબ્દ-ફેરવણી ' આપી છે. તેનો પહેલો અક્ષર 'મફત' છે તેને ' સુંદર 'ના રૂપમાં ફેરવવો છે. શરત એકે માત્ર ચાર ફેરફારો કરવા. યત્ન કરી જોઇએ.

જ	**મ**	**ણ**
કા	મ	ણ
કા	ર	ણ
મ	**ર**	**ણ**

મ	ફ	ત
સું	દ	ર

સગપણ શોધી કાઢો

(૧) સાળાના સાળા તણી ભાણેજીની ફોઇ
એ સગપણમાં શું થઇ, કહેશો તમે કોઇ ?

(૨) બે સ્ત્રીઓ પાણી ભરીને આવતી હતી. તેમને ત્રીજી સ્ત્રીએ પુછ્યું કે તમે એકબીજાને શાં સગાં થાઓ ? એમાંથી એકે જવાબ દીધો કે આ બાઇના સસરા તે મારા સસરાના સસરા થાય. (૩) તમે કોની માના બાપના દીકરા ?

કોયડો

એવું કયું પ્રાણી છે જે સવારે ચાર પગે, બપોરે બે પગે અને સાંજે ત્રણ પગે ચાલે છે ?

ગણિત-ગમ્મત

એક બાઇએ એક શરાફને ત્યાં અમુક રૂપીઆ વ્યાજે મુકયા. થોડા દિવસ પછી એ રૂપીઆ બાઇએ પાછા માગ્યા. શરાફે કહ્યું કે તમારા રૂપીઆ કેટલા હતા ? બાઇએ ઉત્તર આપ્યો કે મેં ગણ્યા ન હતા. પણ જ્યારે હું બબ્બેની ઢગલી કરતી ત્યારે બાકી એક રૂપીઓ વધતો, ત્રણત્રણની ઢગલી કરતી ત્યારે બાકી બે રૂપીઆ વધતા, ચારચારની ઢગલી કરતી ત્યારે ત્રણ બાકી વધતા, પાંચપાંચની ઢગલી કરતી ત્યારે ચાર વધતા, છછની ઢગલી કરતી ત્યારે પાંચ વધતા, અને સાત-સાતની ઢગલી કરતી ત્યારે બધી ઢગલીઓ સરખી થતાં બાકી કાંઇ વધતું નહિ. તો રૂપીઆ કેટલા હશે ? (જ. હ. શુ.)

ઓળખી કાઢો

હું એક જાણીતી ગુજરાતી કહેવતનું નવ અક્ષરનું પહેલું ચરણ છું. મારો ૧ અને ૭ અક્ષર લેવાથી આરોપ એવો અર્થ નીકળે છે; ૧, ૩ અને ૮ અક્ષરો વડે બેઠક એવા અર્થ-વાળો શબ્દ બને છે; ૨ જો અને ૭મો અક્ષર વખતનું એક માપ બતાવે છે; ૪ અને ૭ વડે મંજલો એવો અર્થ નીકળે છે; ૫ અને ૯ અક્ષરો ભેગા થઇ આપણને ના કહે છે; અને ૬ ઠ્ઠો તથા ૩ જો અક્ષર બે સાથે મળીને કહે છે કે હવે પુરતું છે. તો હું કોણ ?

શબ્દસાંકળી

અનુક્રમે આઠ શબ્દો એવા આપો કે જેના દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો શબ્દ બનતો જાય, અને તે દરેકને અનુક્રમે નીચે પ્રમાણે ઓળખી શકાય. (૧) વેરો (૨) એક ઓજાર (૩) એક હથીઆર (૪) હકદાર વંશજ (૫) જીભ (૬) કાઠીઆવાડનું એક નાનું ગામ (૭) એક ફળ.

કહેવાય છે કે

આપણું કાંડું આપણા હાથના અંગુઠાથી બમણું હોય છે; અને આપણી ઉંચાઇ આપણી આઠ વેંત જેટલી, અથવા આપણા એક વામ જેટલી હોય છે. આપણું હ્રદય આપણી મુઠી જેવડું હોય છે.

હાથીની ઉંચાઇ તેના પગના ઘેરાવાથી માત્ર બમણી જ હોય છે: માનશો ?

ઘી હમેશાં ઉપરથી સારૂં હોય, ને ગોળ તળેથી સારો નીકળે. તેવી જ રીતે દુધ ઉપરથી સારૂં હોય, ને છાશ ઉપર ઉપરથી નીતારો તો પાણી ! એનો કસ તો નીચે જ.

વીરાંગના લક્ષ્મીબાઈ

અનુસંધાન પાન ૨૭૭ થી ચાલુ

શુદ્ધિમાં આવતાં એમણે જવાબમાં માત્ર ચાર જ શબ્દો સંભળાવ્યા: ' મેરી ઝાંસી નહિ દુંગી. '

ઝાંસી ખાલસા

પણ સત્તા આગળ શાણ .ણ શા કામનું ? સરકારે ધાર્યું હતું કે ઝાંસી ખાલસા કરવું, તે એણે કર્યું. છતાં લક્ષ્મીબાઇને મનમાં વિશ્વાસ હતો કે કદાચ મોટી સરકાર પોતાના હક્કપર વિચાર ચલાવી ઝાંસી પાછું સોંપશે ખરી. આવા ઇરાદાથી એમણે ઉમેદચંદ્ર બેનરજી અને એક ગોરા ગૃહસ્થને ન્યાયની અદાલતમાં લડવા સારૂ સાઠ હજાર રૂપીઆ આપી વિલાયત મોકલ્યાં. પણ એ તો એવા ધુતારા નીકળ્યા કે હીંદ છોડયા પછી એમણે શું કર્યું કે એમનું શું થયું, એનો કોઇને પત્તો જ લાગ્યો નહિ ! અને મોટી સરકારે પણ હીંદની સરકારના કામને બહાલી આપી !

ગમ ખાઇને બેસી રહેવા સિવાય હવે મહારાણીને બીજો કશો આરો નહોતો, એટલે એમણે પોતાનું જીવન ઇશ્વરભક્તિમાં ગાળવા માંડયું. હમેશાં સવારે ચાર વાગે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી સ્નાનસંધ્યા કરી પાઠ-પુજામાં આઠ વાગ્યા સુધી બેસતાં. પછી મહેલના ચોગાનમાં થોડી ઘોડેસવારી તથા બીજો વ્યાયામ કરી અગીઆર વાગ્યે ફરી સ્નાન કરી ભોજન કરતાં. બપોરે આરામ કરી સાંજનો સમય કથાશ્રવણ વગેરેમાં ગાળતાં. અને રાત્રે ફરી ત્રીજી વાર સ્નાન કરી ઇશ્વરપ્રાર્થના કરી સુતાં. એમના પિતા મોરોપંત મહેલનો કારભાર ચલાવતા. આમ મહારાણીનું જીવન વીતતું હતું. એમ કરતાં આખરે, હીંદીઓનાં હૃદયમાં લક્ષ્મીબાઇને અમર કરનાર પેલી ૧૮૫૭-૫૮ના બળવાની સાલ આવી પહોંચી.

બળવો

ડેલહાઉસીની હજમનીતિથી રાજાઓ ધુંધવાઈ રહ્યા હતા; દેશભરને ઘેરી વળેલી અંધાધુની અને પરદેશી પ્રજાના પગપેસારાથી પ્રજા ત્રાસી રહી હતી અને રાતદિવસની ચાલુ લડાઇઓથી સીપાઇઓ ગળે આવી રહ્યા હતા. એવામાં નવાં કારતુસો આવ્યાં; અફવા ઉડી કે એને ગાય-ડુક્કરની ચરબી લગાડેલી હોય છે; વળી સરકારી હુકમ છુટયો કે દરેક લશ્કરી સીપાઇએ અમુક એક જ જાતનો પોશાક પહેરવો, અને પોતપોતાનાં ધર્મનાં ચિહ્નો કપાળે ન રાખવાં. થઈ રહ્યું. લોકોનાં અંતરમાં ધુંધવાઈ રહેલો અસંતોષનો અગ્નિ ભભુકી ઉઠયો, અને ઠેરઠેર લશ્કરી સીપાઇઓએ અંગ્રેજ સત્તા સામે બળવો ઉઠાવ્યો.

ઉત્તર હીંદુસ્તાનના દરેક શહેરમાં એ બળવાનો હુતાશ પ્રગટી ઉઠયો અને મુખ્ય મુખ્ય સ્થળો બળવાખોરોએ કબજે કર્યા. જ્યાં જુએ ત્યાં ગોરા માણસોની કતલ માંડી અને સઘળે ત્રાસ ત્રાસ વર્તી રહ્યો. ઝાંસીના લશ્કરને પણ એ બળવાની ઝાળ લાગી. જુનની પહેલી તારીખે સીપાઈઓએ એક બંગલામાં આગ લગાડી; પણ સૌએ માન્યું કે એ તો દૈવયોગે બનવાકાળ બન્યું હશે. પણ ત્યાં તો ૪થીની સાંજે પલટનના હવાલદાર ગુરુબક્ષની સરદારી નીચે બળવાખોરોએ ' સ્ટાર ફૉર્ટ ' નામનો કિલ્લો, જેમાં દારૂગોળો ભરી રાખવામાં આવતો હતો તેનો કબજો લીધો. ઝાંસીના લશ્કરના સેનાપતિ કૅપ્ટન ડનલોપને કાને આ વાત પડતાંવેંત એણે સામાં પગલાં લેવા માંડયાં, પણ એમાં એ મરાયો. આથી બંડખોરોનું જોર વધી પડયું અને વિજયના ઘેનમાં એમણે બીજા કેટલાક ગોરાઓના પણ જાન લીધા. બાકીનાં નાનાં-મોટાં ૪૫ ગોરાં સ્ત્રીપુરુષો અને બાળકો કિલ્લામાં ભરાઈ બેઠાં અને તેમના આગેવાન મિ. ગૉર્ડને લક્ષ્મીબાઇની મદદ માગી.

પણ લક્ષ્મીબાઇ પાસે તો હથીઆર-લશ્કર કાંઈ હતાં નહિ; છતાં તેણે બન્યું એટલું કરીને પોતાનાં ૧૦૦ માણસો મોકલી એ અંગ્રેજ સ્ત્રીબાળકોને રક્ષણ આપ્યું અને તેમને ખોરાક વગેરે સામગ્રી મોકલી આપી. પરંતુ ૮મી જુને એમનાં પણ નસીબ ફુટયાં. બંડખોરોનું મોટું ટોળું તેમને ઘેરી વળ્યું. અંતે કિલ્લામાંના ગોરાઓના મુખી કૅપ્ટન સ્કીને વિનંતિ કરી કે જો અમને સૌને સહીસલામત સાગરની બ્રિટિશ છાવણીમાં ચાલ્યાં જવા દો તો અમે શાંતિથી કિલ્લો સોંપી દેવા તૈયાર છીએ. બળવાખોરોએ એ

વાત મંજુર રાખી. સૌ કિલ્લામાંથી નિ:શસ્ત્ર બહાર નીકળ્યાં. પણ ત્યાં તો વાત વીફરી. આ આખી ટોળીને, પુરુષ, સ્ત્રી અને બાળક એમ ત્રણ હારમાં ગોઠવી, ઝાંસીની જેલના દારોગા બક્ષિશઅલીએ કૅપ્ટન સ્કીનનું માથું ઉડાવી દીધું, અને બીજાંઓને પણ કતલ કર્યાં !

અમલ રાણી લક્ષ્મીબાઇકા

કિલ્લાનો કબજો મળ્યો એટલે બંડખોરોનું જોર વધ્યું અને એમણે દિલ્હી તરફ ધપવાનો મનસુબો કર્યો. પણ વાટખર્ચીનું કશું સાધન ન હોવાથી એમણે લક્ષ્મીબાઇના રાજમહેલપર હુમલો કરી ત્રણ લાખ રૂપીઆની માગણી કરી, અને તે ન આપે તો રાજ-મહેલને તોપને ગોળે ઉડાડી મુકવાની ધમકી દીધી. લક્ષ્મીબાઇ પાસે તો આટલી રકમ હતી જ નહિ. આખરે ઘણી આનાકાની પછી અલંકાર તથા ખાનગી મિલકત વગેરે એકઠું કરી માંડ આશરે એક લાખ રૂપીઆની મતા થઇ તે આપવાનું ઠરાવ્યું. બંડખોરોએ પણ આટલેથી સંતોષ માન્યો અને 'ખલ્ક ખુદાકા, મુલ્ક પાદશાહકા ઔર અમલ રાણી લક્ષ્મીબાઇકા' એમ ઢંઢેરા પીટતાપીટતા પોતાને માર્ગે પડ્યા.

આમ ઝાંસીમાં સરકારની સત્તાનો સમુળો નાશ થવાના સમાચાર લક્ષ્મીબાઇએ સાગરના કમિશનરને પહોંચાડ્યા અને ઝાંસીનો કારભાર પોતાને હાથ લીધો. આ વખતસરની ચેતવણીથી કમિશનર સચેત થઈ ગયો ને સાગરમાં બળવો ન થવા દીધો, અને બીજો કોઈ અંગ્રેજ અધિકારી મોકલવામાં ન આવે ત્યાં સુધી ઝાંસીનો કારભાર લક્ષ્મીબાઇને સોંપ્યો. આ વેળા મહારાણીનું વય માત્ર ૨૩ જ વર્ષનું હતું, ઠેરઠેર અવ્યવસ્થા અને ત્રાસ વર્તી રહ્યાં હતાં અને પાસે કોઇ કુશળ સલાહકાર કે વીર યોદ્ધા ન હતો. છતાં ઘણી જ હીંમત અને કુશળતાથી લક્ષ્મીબાઇએ આશ્ચર્યકારક રીતે આ વેળા વ્યવસ્થા કરવા માંડી.

લક્ષ્મીબાઇને અબળા સમજીને આ તકનો લાભ લેવાના ઇરાદાથી સદાશિવરાવે ઝાંસીના મહારાજનું પદ ધારણ કરી ઝાંસી પર હલ્લો કર્યો. પણ લક્ષ્મી-બાઇએ તરત જ લશ્કર એકઠું કરી એને હરાવ્યો અને સીંધીઆના મુલકને રસ્તે નસાડ્યો. ત્યાં પણ હજી

એને જંપ ન વળ્યો અને ત્યાં રહ્યોરહ્યો લશ્કર એકઠું કરવા લાગ્યો. લક્ષ્મીબાઇને આ ખબર પડી એટલે એને પકડી મંગાવી જેલમાં પુર્યો.

યુનિયન જૅકને પડખે

ત્યાં વળી એક નવો હકદાર ફુટી નીકળ્યો. વોરછા સંસ્થાનનો દીવાન નથેખાં ૨૦,૦૦૦ના લશ્કર સાથે ઝાંસીપર ચડી આવ્યો. ઝાંસીનું લશ્કર અત્યારે ઘટી ગયું હતું અને દારૂગોળા તથા તોપોનો તો સરકારે પહેલેથી જ નાશ કર્યો હતો. એક બાજુએ તાબડતોબ આ બધું તૈયાર કરાવવા માંડ્યું. ત્રણ જુની તોપો, અને ચાર સંતાડી રાખેલી તોપો કાઢી બુરજો પર ગોઠવી અને બીજી બાજુથી બુંદેલખંડના સરદારોને તથા મધ્ય હીંદના પોલિટિકલ એજંટને મદદ માટે કહેણ મોકલ્યાં. બ્રિટિશ સરકારે પોતાને ઝાંસીનો કારભાર સોંપ્યો હતો માટે તેનું વફાદારીથી રક્ષણ કરવાનો રાણીએ ઠરાવ કર્યો, પોતાના નાનકડા લશ્કરને ઉત્તેજિત કર્યું અને પોતે પઠાણનો લડાયક વેશ ધારણ કરી મુખ્ય બુરજ ઉપર બ્રિટિશનો યુનિયન જૅક વાવટો રોપી લડાઇમાં હીંમતપૂર્વક ભાગ લીધો. અંગ પર પાયજામો, વાદળી અંગરખું, માથે ટોપી અને ટોપીપર બાંધેલી સુંદર પાઘડી, કમ્મરે કસબી દુપટ્ટો અને રત્નજડિત તલવાર : આ લશ્કરી પો-ષાકમાં વીરાંગના લક્ષ્મીબાઇને ઘોડેસવાર તરીકે જોવાં એ પણ એક આશ્ચર્ય હતું : આનંદ હતો : સદ્દભાગ્ય હતું ! પરિણામે નથેખાં હાર્યો અને જીવ લઇને નાઠો.

નથેખાંને હરાવી, લક્ષ્મીબાઇએ રાજ્યમાં બધે પુરતો બંદોબસ્ત કર્યો અને આ બાબતના સમાચાર હૅમિલ્ટન સાહેબ પર લખી મોકલ્યા. પણ નથેખાંએ રસ્તામાં એ ખરીતો લઈ જનાર સવારને મારી નખાવ્યો. નથેખાંની હાર પછી ઝાંસી પર હુમલો કરવાની કોઈની હીંમત ચાલી નહિ, અને મહારાણીએ દસ મહીના સુધી ત્યાં અંગ્રેજોની વતી અમલ ચલાવ્યો. જે સમયે બીજે ઠેકાણે બળવાનો અગ્નિ સળગતો હતો તે વેળા લક્ષ્મીબાઇને પ્રતાપે ઝાંસી પર સર-

કારનો યુનિયન જૅક ફરકતો હતો.

પણ અંગ્રેજ સરકારને આ હકીકતના ખરા સમાચાર પહોંચવા પામ્યા નહિ. લક્ષ્મીબાઇએ જબલપુર અને આગ્રાના કમિશ્નરને પહેલાં ખબર મોકલ્યા હતા પરંતુ ત્યાં કોઇએ ન તેનો કંઈ વિચાર કર્યો, કે ન કશો ઉત્તર મોકલ્યો. મધ્ય પ્રાંતના પોલિટિકલ એજંટ હૅમિલ્ટનને મોકલેલો ખરીતો લઈ જનાર સાંઢણીસવારને નથેખાંએ મારી નખાવેલો, એટલે એનો પણ જવાબ નહોતો. રાણી તો એવા જ ખ્યાલમાં હતાં કે આ વાત સરકારને પસંદ છે એટલે બળવો દાબી દીધા પછી આપણી પાસેથી ઝાંસી સંભાળી લેશે, અને કદાચ આપણી સેવાના બદલામાં ખુશી થઈ સંસ્થાન આપણને સોંપી પણ દેશે. પરંતુ સરકાર તો વળી એવી જ ગેરસમજમાં હતી કે રાણી બળવાખોરો જોડે ભળેલાં છે. એક તો બળવાખોરોએ ઝાંસામાં કરેલી કતલથી અંગ્રેજોનાં લોહી ઉકળી રહ્યાં હતાં, અને એ કતલમાં રાણીનો હાથ હતો એવી અફવાથી એમના કાન ભંભેરવામાં આવ્યા હતા; તેમાં વળી પ્રાંતના રક્ષણ માટે રાણીએ એકઠા કરેલા લશ્કરના ખબર સાંભળ્યા એટલે તેમની ખાતરી થઇ ચુકી કે રાણી આપણી વિરુદ્ધ છે ! એટલે ન કોઇએ કશી તપાસ કરી, કે ન કાંઇ પાકી ખાતરી કરી, અને સર હ્યુ રોઝની સરદારી નીચે એક મોટું સૈન્ય ઝાંસી સર કરવા મોકલ્યું. લક્ષ્મીબાઈ પાસે આ વખતે માત્ર ૧૧,૦૦૦નું લશ્કર હતું.

વફાદારીનો બદલો

૧૮૫૮ના માર્ચની ૨૦મીની સવારે અંગ્રેજ સૈન્ય ઝાંસી નજીક આવી પહોંચ્યું અને સર હ્યુ રોઝે લક્ષ્મીબાઇને કહેણ મોકલ્યું કે કિલ્લો ખાલી કરી દારૂગોળો અમને સોંપી દો, અને તમે હથીઆર છોડી નિઃશસ્ત્ર થઈ અમારી આગળ હાજર થાઓ.

આવું અપમાન કરનારૂં કહેણ સાંભળી લક્ષ્મીબાઇ દિઙ્મુઢ થઈ ગયાં. એમનું સ્વાભિમાન ઘવાયું. પોતે મોકલેલા ખરીતાઓનો કોઇએ કશો ઉત્તર આપ્યો નહિ, વેરના ઝનુનમાં ખરી વાત કાને ધરી નહિ, અને બ્રિટિશ રાજ્યની વતી પોતે તેમનું સંસ્થાન સંભાળી રાખી આટલી સેવા કરી, વફાદારીથી રાજભક્તિ દાખવી, તેનો બદલો આ અપમાન ! વીર લક્ષ્મીબાઇ માટે એ અસહ્ય હતું. કોઇ પણ વીર એ કેમ સહી શકે ? ઝાંસી સોંપવા માટે અંગ્રેજ છાવણીમાં એક કેદીની પેઠે નિઃશસ્ત્ર થઈ જવું એ કેમ પસંદ કરે ? અગાઉ પણ પોતે દત્તક લીધેલો છતો હકદાર વારસ હોવા છતાં સરકારે બહાનાં કાઢી સંસ્થાન ખાલસા કર્યું હતું; અને અત્યારે આ! લક્ષ્મીબાઇનું લોહી ઉકળી ઉઠ્યું, અને તેણે ઉત્તરમાં કહેવડાવી દીધું કે હું લડવા તૈયાર છું.

ઘણા અંગ્રેજ લેખકોએ ઝાંસીના બળવા અને હત્યાકાંડનો આરોપ લક્ષ્મીબાઈ ઉપર ઓઢાડ્યો છે. પરંતુ એ તો હવે સાબિત થઇ ચુકયું છે કે લક્ષ્મીબાઇનો એમાં મુદ્દલ હાથ નહોતો. એમાં જો એ હોત તો શા માટે એ કિલ્લામાં અંગ્રેજોને માણસ અને ખોરાકની મદદ મોકલત ? અને શા માટે સદાશિવરાવ તથા નથેખાંને હરાવી અંગ્રેજોનો વાવટો રોપી તેમની વતી વહીવટ ચલાવત ? ઝાંસીમાં થએલી કતલમાંથી બચેલા મિ. માર્ટિન નામના એક અંગ્રેજે દામોદરરાવ ઉપર ૧૮૮૯ની ૨૦મી ઑગસ્ટે એક પત્ર લખેલો, તેમાં લખ્યું હતું કે 'તમારાં માતા સાથે બહુ ક્રૂરતાથી અન્યાય કરવામાં આવ્યો છે. મારા સિવાય મહારાણીની ખરી હકીકત કોઇ જાણતું નથી. હત્યાકાંડમાં તમારાં માતુશ્રીનો રજમાત્ર હાથ ન હતો; ઉલટું એમણે તો અમને ત્રણ દિવસ સુધી ખાવાનું પુરૂં પાડયું હતું, અને અમારી મદદ માટે સો હથીઆરબંધ માણસો મોકલ્યાં હતાં.'

ઝાંસી પડયું

લક્ષ્મીબાઈનું કહેણ મળતાં ૨૩મી માર્ચે લડાઇ જાહેર થઇ. ઝાંસી પાસે જોકે માત્ર ૫૧ તોપો હતી, તોપણ એની ગોઠવણી લક્ષ્મીબાઇએ બહુ જ કાળજીપૂર્વક કરી. 'ઘનગર્જ' નામની તોપથી તો એમને બહુ મદદ મળી. એની ગોઠવણી એવી હતી કે તેની જામગરીનો ધુમાડો દેખાતો નહોતો. આથી શત્રુદળને ખબર જ ન પડતી કે મારો કઇ દિશાએથી આવે છે.

૩૧મી તારીખ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. દુર્ભાગ્યે આવામાં જ ઝાંસીનો દારૂગોળો સળગી ઉઠ્યો ! અંગ્રેજ સૈન્યમાં આ બનાવે બમણું જોર આણ્યું અને

ઝાંસીના હાથ હેઠા પડયા. દારૂગોળો તદ્દન ખુટી જતાં લક્ષ્મીબાઇએ એક પછી એક અલંકારો તોપો-માં ઠાંસીઠાંસીને છોડવા માંડયા! નિરાશાની આવી પળોમાં પણ એમની અડગ હીંમતનાં હજુ દર્શન થતાં.

યુદ્ધનું ચોક્કસ થયું હતું એ વખતે લક્ષ્મીબાઇએ બળવાખોરોના સરદાર તાત્યાટોપીને મદદ માટે સંદેશો મોકલ્યો હતો, એટલે એ ૨૦,૦૦૦નું સૈન્ય લઇ આવી પહોંચ્યો. પણ હ્યુ રોઝની કુશળતાએ એને ફાવવા ન દીધો. જેવી એને તાત્યાટોપીના આવવાની ખબર પડી કે તરત એણે લશ્કરના બે ભાગલા પાડી એક તાત્યાટોપી સામે મોકલ્યું. ૧લી એપ્રિલે બેટવા નદીને કીનારે ખુનખાર લડાઇ જામી અને તાત્યાટોપીનું લશ્કર છિન્નભિન્ન થઇ ગયું.

આવામાં દુર્ભાગ્યે એક વિશ્વાસઘાતી ફુટયો અને અંગ્રેજોએ નગરના કોટનો વોરછા દરવાજો તાબે કર્યો. અંગ્રેજોને ગામમાં પેસતા જોઇ લક્ષ્મીબાઇ હાથમાં નાગી તલવાર લઇ પોતાના ચુનંદા આરબોના લશ્કર સાથે તુટી પડયાં. વળી જંગ મચ્યો. બંને લશ્કરો હાથોહાથ આવી ગયાં. લોહીની નીકો ચાલી. વીરાંગના લક્ષ્મીબાઇ એની વચ્ચે રણચંડીની માફક તલવાર લઇ ઘુમી રહ્યાં હતાં અને દુશ્મનોનો ઘાણ વાળતાં હતાં. પણ છેવટે અંગ્રેજ લશ્કર જીત્યું, અને કિલ્લાનું કોઇ પણ રીતે રક્ષણ થઇ શકે એમ નથી એવી ખાતરી થવાથી, મોડી અંધારી રાતે, પોતે પુત્ર દામોદરરાવને પીઠપર બાંધી, મોરોપંત તથા બીજાં થોડાં માણસો સાથે અંગ્રેજ લશ્કરને થાપ આપી ઝાંસીને છેલ્લી સલામ કરી.

સર હ્યુ રોઝને આ પલાયનની ખબર પડતાં તેણે ચોમેર ટુકડીઓ દોડાવી. મોરોપંત પકડાઇ ગયા અને એમને ફાંસીએ ચડાવવામાં આવ્યા. પછી આગલી કતલનું વેર વાળવા ગોરા લશ્કરે ઝાંસીમાં કતલ અને લુટ શરૂ કરી. ૪-૫ વર્ષના બાળકથી માંડીને ૮૦ વરસના બુઢ્ઢા સુધી જે કોઇ સ્ત્રી-પુરુષ હાથમાં આવ્યું તેની અંગ્રેજોએ નિર્દયપણે કતલ ચલાવી. ત્રણચાર દિવસ સુધી ઝાંસી લુટયું અને છેવટે આગ લગાડી. એમાં ઝાંસીનું વિખ્યાત પુસ્તકાલય પણ બળીને ખાખ થઈ ગયું.

આ બાજુ લક્ષ્મીબાઇની પુંઠે લેફ્ટેનન્ટ બૌકર પડયો હતો. ભાંડેર ગામ નજીક એ પકડાવાની તૈયારીમાં હતાં, પણ લક્ષ્મીબાઇને ખબર પડી ગઇ અને અદ્દભુત કૌશલ તથા સાહસ બતાવી પોતાનાં માણસોને બૌકરના લશ્કરને રોકવા મુકયાં અને પોતે દામોદર-રાવને પીઠપર લઇ ઘોડેસવાર થઇ આગળ વધ્યાં. બૌકરે તેમની પુંઠ પકડી. માર્ગમાં બંને ભેટંભેટા થઇ ગયાં! લક્ષ્મીબાઇએ બૌકરને ઘાયલ કરી નાસવા માંડયું, અને આખરે ચોવીસ કલાકના અન્નપાણીના ઉપવાસ પછી ૧૦૨ માઇલ કાપી મધરાતે એઓ કાલ્પી પહોંચ્યાં.

બળવાની ત્રિપુટી

અહીં ૧૮૫૭ના બળવાની એ ત્રણ વિખ્યાત વ્યક્તિઓ એકઠી થઇઃ લક્ષ્મીબાઈ, તાત્યાટોપી અને રાવસાહેબ પેશ્વા.

આ ખબર હ્યુ રોઝને મળતાંવેંત તેણે કાલ્પી પર ચડાઇ કરી. વળી એક યુદ્ધ થયું. લક્ષ્મીબાઇને સ્ત્રી જાણીને પેશ્વાએ માત્ર ૨૫૦ સવારોથી વધારે સૈન્ય ન આપ્યું, તેમ જ લડાઇના વ્યૂહમાં તેમની કશી સલાહ પણ ન લીધી. લક્ષ્મીબાઇએ તેમને સમજાવ્યા કે વિલક્ષણ બુદ્ધિ અને કાર્યપટુતાથી કામ લીધા વિના આ અંગ્રેજોને હરાવવા સહેલ નથી. પણ એમનું સાંભળે કોણ? અંગ્રેજોએ સજજડ હલ્લો કર્યો. લક્ષ્મી-બાઇએ પોતાની નાનીશી ટુકડી લઇને અંગ્રેજો પર એવા તો જોસથી ધસારો કર્યો કે અંગ્રેજોની 'લાઇટ ફીલ્ડ' તોપોના ગોળા બંધ થઇ ગયા! ઘોડેસવાર રાણીએ લગામ પોતાના મોંમાં પકડી બંને હાથ વડે સડાસડ તલવારો ચલાવી શત્રુઓમાં ત્રાસ વર્તાવી મુક્યો. તેજ અને પરાક્રમની મૂર્તિ સમી એ મહારાણીનું શૌર્ય જોઇ ઢીલા પડેલા સીપાઇઓનાં લોહી પણ ઉત્તેજિત થયાં અને લક્ષ્મીબાઇનાં થોડાં માણસોના પરાક્રમ આગળ અંગ્રેજ સીપાઇઓના છક્કા છુટી ગયા. સૌને ખાતરી હતી કે બળવાખોરો જીતશે. પણ એટલામાં હ્યુ રોઝની બીજી પાંચછ પલટનો આવી લાગી, અને રાવસાહેબ પેશ્વા મેદાન છોડી નાસવા માંડયા! મહારાણી અટલ હતાં, પણ પેશ્વાના મોટા સૈન્યને નાસતું જોઈ એમના લશ્કરે પણ નિરાશ થઈ છાવ-

ણીનો રસ્તો લીધો. આમ ૨૪મી મેએ કાલ્પી પણ અંગ્રેજોને હાથ પડ્યું.

લડાઈમાં બળવાન શત્રુઓ પણ એટલું નુકસાન નથી કરતા, જેટલું કાયર અને અભિમાની જોડીદારો કરે છે. કાલ્પીના યુદ્ધમાં જો પહેલેથી જ લક્ષ્મીબાઇને સેનાપતિ નીમીને તેમના વ્યૂહ પ્રમાણે યુદ્ધ થયું હોત તો જરૂર હ્યુ રોઝ હારત. પણ એ વખતે સૌ પોતાના ગર્વમાં હતા. કાલ્પીની હારથી તાત્યાટોપી અને રાવસાહેબ નિરાશ થઇને બેઠા. પણ લક્ષ્મીબાઇ એમ હારી ખાય એવાં નહોતાં. એમણે માર્ગ બતાવ્યો કે 'અત્યારે અંગ્રેજોના કેળવાએલા સૈન્ય સામે આપણા શીખાઉ લશ્કરનું કાંઇ ચાલવાનું નથી. માટે આશ્રય સારૂ કોઇ પણ એક કિલ્લો હાથ કરવો જોઇએ. ઝાંસી અને કાલ્પીના કિલ્લા હવે પાછા મેળવી શકવાની આશા નથી. માત્ર એક રસ્તો છે. જયાજીરાવ સીંધીઆ જો આપણને મળી જાય, અને ગ્વાલીઅરનો કિલ્લો હાથ આવે તો જ આપણે ફાવીએ.' લક્ષ્મીબાઇની આ વિચક્ષણ સલાહથી સૌ ઉત્સાહમાં આવી ગયા. કર્નલ મૅલિસન મહારાણીની આ યુક્તિની મુક્તકંઠે પ્રશંસા કરીને લખે છે કે 'બળવાખોરોમાં રાણી લક્ષ્મીબાઇ સિવાય બીજા કોઇમાં એટલી બુદ્ધિ કે રણકૌશલ નહોતું કે જેને આવા સંકટના સમયમાં કિલ્લો લેવાની તરકીબ સુઝે.'

સૌએ ગ્વાલીઅર તરફ કુચ શરૂ કરી. આ વખતે પણ લક્ષ્મીબાઇને સેનાપતિ ન નીમતાં ખુદ રાવસાહેબ પેશ્વા પોતે સેનાપતિ બની ચાલ્યા ! તેઓ ગ્વાલીઅર નજીક પહોંચ્યા ત્યાં તો સીંધીઆએ આ મદદ માગવા આવતા લશ્કરનો ઉંધો જ અર્થ કર્યો, અને જુનની ૧લી તારીખની સવારે પોતાના લશ્કરને યુદ્ધ-આરંભનો હુકમ આપ્યો. સીંધીઆના લશ્કર તરફથી તોપો ફુટી એટલે રાવસાહેબને એમ થયું કે આ તો આદરસત્કારની તોપો ફુટે છે ! પણ જ્યારે એ વધુ પ્રમાણમાં છુટી ત્યારે ખાતરી થઇ કે આ તો લડાઇની તોપો ! બસ, થઇ રહ્યું. પેશ્વાનાં લશ્કરમાં ગભરાટ ફેલાયો. પરંતુ આ વખતે પણ લક્ષ્મીબાઇની સમયસૂચકતાને લીધે જ નાસભાગ થતી અટકી. સીંધીઆની તોપોને પેશ્વાઇ લશ્કરમાં ગાબડાં પાડતી જોઇ લક્ષ્મીબાઈ પોતના ૩૦૦ સવાર લઇ આગળ આવ્યાં, અને વજ્રની માફક સીંધીઆ પર તુટી પડયાં. કાળ સમી વીજળીની જીભો જેવી તેમની તલવારના સંહાર આગળ સીંધીઆના વીરો ગભરાઇ ગયા અને ખુદ જયાજીરાવ સીંધીઆ જીવ લઇ આગ્રે નાસી ગયા. સીંધીઆના લશ્કરની યુદ્ધસામગ્રી અને ગ્વાલીઅરનું સૈન્ય એટલું અજેય ગણાતું કે સીંધીઆ આ લડાઇમાં સામે ન થતાં બળવાખોરો જોડે મળી ગયા હોત તો હીંદુસ્તાનનો ઇતિહાસ આજ જુદો જ હોત; અને આગ્રાના કિલ્લાપર આજ યુનિયન જૅક ફરકતો ન હોત. બળવાખોરોને ગ્વાલીઅર તરફ મદદ માટે જતા જોઇ એ વેળાનો ગવર્નર જનરલ ખુદ લૉર્ડ કૅનિંગ પણ ગભરાઇ ગયો હતો અને તેણે તાર કર્યો હતો કે 'જો સીંધીઆ બળવાખોરો જોડે મળી ગયા, તો મારે કાલે ગાંસડાંપોટલાં જ બાંધવાં પડશે !'

વિજય-મદ

લક્ષ્મીબાઇના અદ્‌ભુત યુદ્ધકૌશલ અને પરાક્રમ આગળ સીંધીઆની હાર થઈ અને ગ્વાલીઅર શહેર હાથ આવ્યું. ગ્વાલીઅરનો કિલ્લો બહુ દુર્ગમ ગણાતો, પણ તેનો કિલ્લેદાર તાત્યાટોપીનો મળતીઓ હતો, એટલે તેણે તરત કિલ્લો સોંપી દીધો. આ વિજયના મદમાં મસ્ત થઇ રાવસાહેબ પેશ્વા અને તાત્યાટોપી ખાણાપીણા અને નાચરંગમાં ગુલતાન બની ગયા ! આ જોઇ લક્ષ્મીબાઇ બહુ જ ગુસ્સે થયાં અને તેમણે પેશ્વાને કહેવડાવ્યું કે 'આ વખત ભોગવિલાસનો નથી. અત્યારે જીવન-મરણનો સવાલ છે. અંગ્રેજો કોણ જાણે ક્યારે ઓચીંતો હલ્લો લઇ આવશે, માટે અત્યારથી જ જો લશ્કરની વ્યવસ્થા અને યુદ્ધની તૈયારી નહિ કરવા માંડો તો પાછળથી પસ્તાવું પડશે.' પણ પેશ્વા કે તાત્યાટોપી, બેમાંથી એકેએ કાંઇ માન્યું નહિ. પેશ્વા બ્રાહ્મણોને દાન ભોજન આપવામાં મશગુલ હતા; તાત્યાટોપી યુદ્ધવિદ્યામાં કુશળ અને વિકટ વખતે હારી ખાય તેવો નહોતો, પણ આ વેળા વિજયના ગર્વમાં તે તો રાણીનાં વચનો કાને ન ધરતાં ભવિષ્યમાં હીંદનું રાજ્ય કેમ હાથ કરવું અને ચલાવવું તેનાં સ્વપ્નાં ઘડતો હતો !

જોતજોતામાં સર હ્યુ રોઝ ગ્વાલીઅર પર ચડી

આવ્યો અને નાકા ઉપરની બળવાખોરોની મુરારની છાવણી કબજે કરી. હવે પેશ્વાની ઉંઘ ઉડી, અને ગભરાઇ ગએલા સૈન્યને હીંમત આપવા નીકળ્યા. તાત્યાટોપીએ પણ ઉતાવળે ઉતાવળે યુદ્ધનો બંદોબસ્ત કર્યો, અને આ વિપત્તિને સમયે શું કરવું તેની સલાહ લેવા લક્ષ્મીબાઇ પાસે આવ્યો. લક્ષ્મીબાઇએ તેને ફીટકાર દઇને કહ્યું, 'હવે તમારી ઉંઘ ઉડી? હું કે'દહાડાની કહેતી હતી કે તમે વખતસર ચેતો; આ સમય ભોગવિલાસનો નથી. પણ મારૂં સાંભળે કોણ? હવે જ્યારે અંગ્રેજો છાતી પર આવીને ઉભા રહ્યા ત્યારે જાગ્યા. જાઓ, ફિકર કરશો નહિ. તમે તમારૂં કામ સંભાળો. હું મારાથી બને તેટલું કરવા તૈયાર છું.'

લક્ષ્મીબાઇના ઉત્તેજનથી તાત્યાટોપીના પગમાં જોર આવ્યું અને એણે એમને કિલ્લાના પૂર્વ તરફના ભાગનું રક્ષણ કરવાની વિનંતી કરી. લક્ષ્મીબાઇએ પણ આ છેવટનું યુદ્ધ છે એમ વિચારી અદ્વિતીય રણોત્સાહથી યુદ્ધની તૈયારી કરી. અંગ્રેજો બરાબર સમજતા હતા કે બળવાખોરોમાંથી આપણને જો કોઇ હરાવે એમ હોય તો તે લક્ષ્મીબાઇ જ. એટલે એમણે પણ પુરો બંદોબસ્ત કર્યો હતો.

રણચંડી

જુનની ૧૭મી તારીખે અંગ્રેજ સેનાપતિ બ્રિગેડીઅર સ્મિથે લડાઇ શરૂ કરી. અંગ્રેજો આગળ વધ્યા કે મહારાણીએ પોતાના ગોલંદાજોને સાન કરી તોપનો મારો શરૂ કરાવ્યો, અને પોતે પોતાના તુર્ક અને મકરાણી સવારોને લઈ દુશ્મનો પર તુટી પડ્યાં. અંગ્રેજ સરદારે તરત ચેતીને પોતાના લશ્કરને આગળ વધારી લક્ષ્મીબાઇને ઘેરી લીધાં. પણ અંગ્રેજોનાં અસંખ્ય માણસોને મહારાણીએ પોતાની નાનકડી ટુકડી વડે તોબા પોકરાવી. અંગ્રેજ સેના કાળજાતુટ લડી, પણ લક્ષ્મીબાઇ પહાડ સમાં અડગ હતાં. સાંજ પડી અને લડાઇ બંધ થઇ. લક્ષ્મીબાઇનું યુદ્ધકૌશલ જોઇ અંગ્રેજ સેનાનાયકો ઠંડા થઈ ગયા.

૧૮મીની સવારે ફરી યુદ્ધ શરૂ થયું. બ્રિગેડીઅર સ્મિથે કર્નલ હિક્સ અને કૅપ્ટન હેનેઝને, લક્ષ્મીબાઇને મદદ કરનાર તોપખાના અને પેશ્વાના સૈન્ય પર હલ્લો કરવા મોકલ્યા, અને પોતે લક્ષ્મીબાઇની સામે ગયો. તુમુલ યુદ્ધ મચ્યું. સંગ્રામમાં લક્ષ્મીબાઈ વેગથી ચોમેર ઘુમતાં હતાં. એવામાં સમાચાર આવ્યા કે પેશ્વા હારીને નાસી ગયા. આ ખબર સાંભળી લક્ષ્મીબાઇનું પાયદળ પણ નાસવા માંડ્યું. લક્ષ્મીબાઇને પડખે માત્ર ગણ્યાગાંઠ્યા સવારો રહ્યા. તેમને અંગ્રેજ સેના ચોમેરથી ઘેરી લઈ તેમના પર તુટી પડી. ચોમેર હાહાકાર વર્તી રહ્યો.

ગોરાઓની સેંકડો બંદુકો ચારે તરફથી ગોળીઓનો વરસાદ વરસાવી રહી હતી, અને અંગ્રેજોનું મોટું લશ્કર મૃત્યુની ભીષણ પાંખોની પેઠે ચોમેરથી ઘેરી વળી લક્ષ્મીબાઈનાં મુઠ્ઠીભર માણસોને હોઇઆં કરતું જતું હતું. કોણ એવો વીર હતો જે આ કાળના જડબામાંથી જીવતા નાસી છુટવાનું સાહસ ખેડે? રણકૌશલની મૂર્તિ લક્ષ્મીબાઇ આવા વિકટ વ્યૂહમાંથી પોતાની બે દાસીઓ, દત્તક પુત્ર અને એક સ્વામીભક્ત સરદારને લઇ બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. પોતાના પવિત્ર શરીરનું શબ ગોરાઓને હાથ પડે એવી તેની લેશમાત્ર ઇચ્છા નહોતી. ગોળીઓના સુસવાટ અને તલવારોના ખણખણાટ વચ્ચેથી—સાક્ષાત મૃત્યુના એ મુખમાંથી લક્ષ્મીબાઇએ પોતાનો ઘોડો કાઢી લીધો, અને દાસીઓ તથા સરદાર રામચંદ્રરાવને પણ સુરક્ષિત બહાર લાવી રસ્તે પડ્યા. અંગ્રેજોએ ગ્વાલીઅર કબજે કર્યું. એક લક્ષ્મીબાઈ ન હોત તો અંગ્રેજોને આ લડાઈ જીતતાં બે દિવસ નહિ પણ બે કલાક પણ બસ હતા.

લક્ષ્મીબાઇ વગેરેને હાથમાંથી છટકતાં જોઇ બ્રિગેડીઅર સ્મિથે તેમની પાછળ અંગ્રેજ સવારો દોડાવ્યા. તેમણે ગોળીઓનો અંધાધુંધ મારો ચલાવ્યો. એક ગોળી મહારાણીની પીઠમાં વાગી, એટલામાં અંગ્રેજ સવારો ભેટંભેટ થઇ ગયા. ત્યાં જ યુદ્ધ મચ્યું. પોતાને ગોળી મારનારને પહેલે જ ઘાએ લક્ષ્મીબાઇએ પુરો કર્યો, ત્યાં પાછળથી પોતાની દાસી મુદ્રાની ચીસ સાંભળી. તરત જ લક્ષ્મીબાઇએ ઘોડો ફેરવી દાસીનો જાન લેનારને પણ ઠાર કર્યો, અને વળી પાછો પંથ કાપવા માંડ્યો.

પણ દુર્ભાગ્યે રસ્તામાં એક નાળું આવ્યું. લક્ષ્મી-